અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 11 ઓગસ્ટ 2026 મંગળવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -14 | અંક : 43 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  પરમાણુ કરાર કર્યા વિના યુદ્ધ ખતમ કરી શકે છે ટ્રમ્પ: હોર્મુઝ ફરીથી ખોલવાની શરત મૂકી, જો આવું થશે તો....

4  સંઘમાં હેડગેવારના મૂલ્યો મરી પરવાર્યા છે! સંઘને સુધારવા જેન-ઝી જરૂરી

6  એક સમયે ટીમ ઈન્ડિયાને બનાવી હતી ચેમ્પિયન, હવે તેને જ હરાવવાનો પ્લાન! નવા રોલમાં 'ગુરુ' ગેરી

7  લોન ન ચૂકવવા પર રિકવરી એજન્ટોની ગુંડાગીરી હવે નહીં ચાલે: ફોન કરવાથી લઈને ઘરે આવવા માટે લેવી પડશે...

## શાંઘાઈમાં 150 વર્ષમાં સૌથી વધુ વરસાદ, 10 લાખ લોકો સુરક્ષિત સ્થળે ખસેડાયા

# ચીનમાં 150 કિમી/કલાકની ઝડપે ત્રાટક્યું ડોલ્ફિન વાવાઝોડું



**શાંઘાઈ, તા.10**

જાપાનમાં તબાહી મચાવ્યા બાદ ડોલ્ફિન વાવાઝોડું હવે ચીન પહોંચી ગયું છે. રવિવારે મોડી રાત્રે તેણે પૂર્વ ચીનના દરિયાકાંઠાના વિસ્તારોમાં દસ્તક દીધી. તે સમયે તેની ઝડપ લગભગ 150 કિમી પ્રતિ કલાક હતી.

આ પછી ઘણા શહેરોમાં ભારે વરસાદ શરૂ થયો. સૌથી વધુ અસર શાંઘાઈમાં જોવા મળી, જ્યાં છેલ્લા 150 વર્ષમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

ચીની અધિકારીઓ અનુસાર, ખતરાને ધ્યાનમાં રાખીને 10 લાખથી વધુ લોકોને અગાઉથી જ સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

ચીની મીડિયા SCMP અનુસાર હવે વાવાઝોડું નબળું પડી રહ્યું છે. તેથી ચીનની હવામાન એજન્સીએ ચેતવણીનું સ્તર ઘટાડી દીધું છે. જોકે, સતત વરસાદને કારણે પૂર આવવાનો ખતરો યથાવત છે. કેટલાક સ્થળોએ પહાડો પરથી માટી અને ખડકો ધસી પડવાની ઘટનાઓ પણ બની છે.

શાંઘાઈમાં ભારે વરસાદને કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું. શહેરના બે મુખ્ય એરપોર્ટ પર સોમવારે 943 ફ્લાઈટ્સ રદ કરવી પડી. દક્ષિણ-પશ્ચિમ ચીનના ચેંગડુથી રવિવારે શાંઘાઈ જઈ રહેલી એક ફ્લાઈટ વરસાદને કારણે શાંઘાઈમાં લેન્ડ કરી શકી નહીં.

વિમાનને થોડીવાર શાંઘાઈ ઉપર ચક્કર લગાવ્યા પછી બેઈજિંગ ડાયવર્ટ કરવામાં આવ્યું. ત્યાં ઉતર્યા પછી વિમાન રાત્રે ચેંગડુ પાછું ફર્યું.

આ ઉપરાંત, લોકલ ટ્રેન સહિત ઘણા સામાન્ય લોકો માટે પરિવહન સેવાઓ પણ બંધ રહી. ઝેજિયાંગના નિંગબો ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોમવારે બપોરથી ફ્લાઈટ્સ ફરી શરૂ કરવામાં આવી.

જોકે, એરપોર્ટે કહ્યું કે વાવાઝોડાની અસર હજુ સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી. આવા સંજોગોમાં કેટલીક ફ્લાઈટ્સમાં વિલંબ થઈ શકે છે અથવા તેમને રદ કરવી પડી શકે છે.

ચીનની રાજધાની બીજિંગ પણ એલર્ટ પર છે. શહેરના પાંચ જિલ્લાઓમાં સોમવારે ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું. કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલન અને પૂરનો ખતરો જણાવાયો. બીજિંગના હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી વરસાદ ચાલુ રહેવાની ચેતવણી આપી છે.

લોકોને જરૂરી કામ સિવાય બહાર ન નીકળવા અને આઉટડોર ગતિવિધિઓ રોકવાની સલાહ આપવામાં આવી છે. ચીનના હવામાન વિભાગ અનુસાર, વાવાઝોડું હવે ઉત્તર-પશ્ચિમ દિશામાં 15 થી 20 કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

રાષ્ટ્રીય હવામાન વિજ્ઞાન કેન્દ્ર અનુસાર, ડોલ્ફિનનું ક્લાઉડ સિસ્ટમ લગભગ 1,300 કિમી સુધી ફેલાયેલું છે.

પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં દર વર્ષે સૌથી વધુ 25થી 30 વાવાઝોડાં આવે છે. આ દુનિયાભરમાં આવતા કુલ વાવાઝોડાંના લગભગ 30% છે. તેનું કારણ આ વિસ્તારનું વિષુવવૃત્તની નજીક (ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં) આવેલું હોવું છે.

પૃથ્વીના ફરવાને કારણે અહીં પવનોને ગોળ ફેરવતું બળ (કોરિયોલિસ ઈફેક્ટ) ખૂબ મજબૂત હોય છે. વાવાઝોડું બન્યા પછી, તે પવનોના પ્રવાહ સાથે જાપાન, તાઈવાન, ચીન, કોરિયા અને ફિલિપાઈન્સ તરફ આગળ વધે છે. આ જ કારણ છે કે આ દેશોમાં સૌથી વધુ વાવાઝોડાં આવે છે.

વાવાઝોડું બનવા અને મજબૂત થવાનું સૌથી મોટું કારણ ગરમ સમુદ્ર છે. જ્યારે સમુદ્રની સપાટીનું તાપમાન વધે છે, ત્યારે પાણી ઝડપથી વરાળ બનીને ઉપર ઊઠે છે. આ વરાળ વાવાઝોડા માટે ઈંધણનું કામ કરે છે, જેનાથી પવનો અને વરસાદ બંને અત્યંત તેજ બની જાય છે.

## રાંચીમાં સ્થિતિ કાબૂ બહાર: વિધાનસભા પરિસરમાં ઘૂસ્યા વિદ્યાર્થીઓ, લાઠીચાર્જ બાદ હિંસક ઘર્ષણ



**રાંચી, તા.10**

ઝારખંડના પાટનગર રાંચીમાં JPSC પરીક્ષા ગેરરીતિ અને પેપર લીકની CBI તપાસની માંગ સાથે શરૂ થયેલું વિદ્યાર્થી આંદોલન સોમવારે ચરમસીમાએ પહોંચી ગયું હતું. 'વિધાનસભા ઘેરાવ' માર્ચ દરમિયાન તમામ સુરક્ષા બેરિકેડ્સ તોડીને સેંકડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ઝારખંડ વિધાનસભા પરિસરમાં ઘૂસી ગયા હતા અને ગેટ નંબર 1 પર જમાવડો કર્યો હતો.

પોલીસે માર્ચને રોકવા માટે રસ્તાઓ પર કાંટાળા તાર અને ભારે બેરિકેડ્સ ગોઠવ્યા હતા. પરંતુ આક્રોશિત વિદ્યાર્થીઓ આ તારોને પોતાના હાથ વડે ઊંચકીને દૂર લઈ ગયા હતા. પરિસ્થિતિ એ સ્તરે પહોંચી ગઈ હતી કે સેંકડો વિદ્યાર્થીઓ વિધાનસભા પરિસરની અંદર ઘૂસી ગયા હતા અને કેટલાંક પ્રદર્શનકારીઓ રસ્તા પર જ સૂઈને સરકાર વિરુદ્ધ નારેબાજી કરવા લાગ્યા હતા. વિધાનસભા તરફ આગળ વધી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે ભીડ વિખેરવા માટે ટીયર ગેસના ગોળા છોડ્યા હતા. પરંતુ વિખેરાવાને બદલે વિદ્યાર્થીઓ ફરી એકઠા થઈ ગયા હતા અને પોલીસનો સામનો કર્યો હતો. વિદ્યાર્થીઓની પ્રચંડ સંખ્યાને જોતાં વિધાનસભા સંકુલની સુરક્ષા અત્યંત કડક કરી દેવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, સ્થિતિ કાબૂ બહાર જતી જોઈને પ્રશાસને ઝારખંડના અન્ય જિલ્લાઓની પોલીસને તાત્કાલિક અસરથી રાંચી પહોંચવાનો આદેશ આપ્યો હતો. દિવસભર ચાલેલા ભારે હોબાળા, ઘર્ષણ અને ટીયર ગેસના મારા વચ્ચે ઝારખંડ વિધાનસભાનું આજનું સત્ર પૂર્ણ થયું હતું. કાર્યવાહી સ્થગિત થયા બાદ રાંચી પોલીસે વિધાનસભાના ગેટ નંબર 1 પર બેસેલા તમામ આંદોલનકારી વિદ્યાર્થીઓને શાંતિ જાળવવા અને પોતપોતાના ઘરે પરત ફરવા માટે જાહેરમાં અપીલ કરી હતી. JSSC-CGLની CBI તપાસ: વિદ્યાર્થીઓની સૌથી મોટી માંગણી એ છે કે JSSC-CGL પરીક્ષામાં થયેલી ગડબડીઓની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા કરાવવામાં આવે. JSSC-CGL પરીક્ષા રદ કરવી: કૌભાંડગ્રસ્ત ગણાવાતી JSSC-CGL પરીક્ષાને સંપૂર્ણપણે રદ કરવામાં આવે તેવી માંગણી પર વિદ્યાર્થીઓ અડગ છે. 14મી JPSC પરીક્ષા રદ કરવી: 14મી JPSC અને ACF પરીક્ષામાં અનિયમિતતાઓને કારણે તેને રદ કરવાની માંગ કરાઈ હતી. સિસ્ટમ અને ભરતી પ્રક્રિયામાં સુધારો: ભવિષ્યમાં પેપર લીક ન થાય તે માટે આખી પરીક્ષા સિસ્ટમમાં ધરમૂળથી સુધારા કરવા અને કડક રિક્રુટમેન્ટ કેલેન્ડર લાગુ કરવાની માંગણી. વિદ્યાર્થીઓ આગળ વધતાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ફરીથી તીવ્ર ઘર્ષણ થયું હતું. સ્થિતિ કાબૂ બહાર જતાં પોલીસે ભીડને વિખેરવા માટે વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના ગોળા છોડ્યા હતા, જેનાથી રસ્તાઓ પર નાસભાગ મચી ગઈ હતી. આ આંદોલન વચ્ચે ઝારખંડ લોકસેવા આયોગ (JPSC) સિવિલ સેવા પરીક્ષા ગેરરીતિ કેસમાં CID એ JPSCના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ L. Khiangteની ધરપકડ કરી લીધી છે.

## રાજકારણમાં ફરી નવા-જૂનીના એંધાણ? શરદ પવારના સાંસદોની PM મોદી સાથે મુલાકાતથી હલચલ

**મુંબઈ, તા.10**



મહારાષ્ટ્રના રાજકારણમાં નવી ચર્ચાઓ શરુ થઈ છે. એક તરફ પ્રશાંત કિશોર અને મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ સુનેત્રા પવાર વચ્ચેની મુલાકાતો ચર્ચામાં છે, તો બીજી તરફ શરદ પવારની પાર્ટી અને ભાજપ વચ્ચે નિકટતા વધી રહી હોવાની અટકળો ચાલી રહી છે. આ જ ગરમાવા વચ્ચે શરદ પવાર જૂથના તમામ 8 લોકસભા સાંસદોએ સંસદ ભવનમાં પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી, જે બેઠક આશરે અડધો કલાક સુધી ચાલી હતી.

સુપ્રિયા સુલેના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના લાંબા સમયથી પડતર અને ગંભીર મુદ્દાઓ તરફ વડાપ્રધાનનું ધ્યાન દોરવા માટે આ મુલાકાતનો સમય માંગવામાં આવ્યો હતો. સંસદની કાર્યવાહી વારંવાર સ્થગિત થતી હોવાથી સાંસદોએ સીધા વડાપ્રધાનને મળીને રાજ્યની સમસ્યાઓ રજૂ કરવાનો નિર્ણય લીધો હતો. આ બેઠકમાં સાંસદોએ રાજ્યમાં દુષ્કાળ, સિંચાઈની સમસ્યા, ખેડૂતોની આત્મહત્યા, ઝડપી શહેરીકરણ અને સ્થાનિક વિકાસ કાર્યો જેવા મુદ્દાઓ પર વડાપ્રધાન સાથે વિગતવાર ચર્ચા કરી હતી.

મુલાકાત દરમિયાન શરદ પવાર જૂથના સાંસદોએ વડાપ્રધાન મોદીને એક લેખિત આવેદનપત્ર સોંપ્યું હતું. સાંસદોએ મહાત્મા જ્યોતિરાવ ફુલે, સાવિત્રીબાઈ ફુલે, શાહીર અન્ના ભાઉ સાઠે અને તુકડોજી મહારાજને 'ભારત રત્ન' આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત નવી મુંબઈ ઍરપૉર્ટનું નામ 'ડી. વાય. પાટીલ ઍરપૉર્ટ' રાખવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. સાંસદોએ સાંસદ નિધિ(MPLAD) ફંડ વાપરવામાં રાજ્ય સરકાર તરફથી પૂરતો સહયોગ ન મળતો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. વડાપ્રધાને આ તમામ સમસ્યાઓ પર યોગ્ય કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું.

## 'વિદ્યાર્થીઓનું સાંભળે ઝારખંડ સરકાર, બળપ્રયોગ ખોટો...': રાંચી પ્રોટેસ્ટ મુદ્દે બોલ્યા રાહુલ ગાંધી

**રાંચી, તા.10**

ઝારખંડમાં JPSC અને JSSC ભરતી પરીક્ષાઓમાં ગડબડીઓને લઈને વિદ્યાર્થીઓનું આંદોલન વધુ ઉગ્ર બન્યું છે. સોમવારે આંદોલનના 17મા દિવસે રાંચીના રસ્તાઓ પર હજારો ઉમેદવારો વિધાનસભા ઘેરાવ માટે ઉતર્યા હતા. પ્રદર્શન દરમિયાન પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ધક્કામુક્કી, બેરિકેડિંગ તોડવાનો પ્રયાસ થતાં વોટર કેનનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ બળપ્રયોગ સામે ઝારખંડની હેમંત સોરેન સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે, ત્યારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ વિદ્યાર્થીઓ પર બળપ્રયોગને ખોટો ગણાવ્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ લખીને ઝારખંડ સરકારને વિદ્યાર્થીઓની વાત સાંભળવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, ઝારખંડમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે બળનો ઉપયોગ કરવો સંપૂર્ણપણે ખોટો છે. વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો અને પોતાની વાત રાખવાનો સંપૂર્ણ અધિકાર છે. દરેક સમસ્યાનો ઉકેલ માત્ર વાટાઘાટો અને મંત્રણા દ્વારા જ નીકળી શકે છે. રાહુલ ગાંધીએ ઝારખંડ સરકારને પ્રદર્શનકારી વિદ્યાર્થીઓની માંગણીઓ અને મુદ્દાઓને તાત્કાલિક સાંભળીને તેનો ઝડપી ઉકેલ લાવવા માટે વિનંતી કરી છે.



## પેપર લીક મુદ્દે ભાજપની ઊલટી ગંગા: દિલ્હીમાં મચક ન આપી, રાંચીમાં વિદ્યાર્થી આંદોલનને ટેકો

**રાંચી, તા.10**

ઝારખંડમાં છેલ્લા ઘણા દિવસથી પેપર લીક તથા પરીક્ષા વ્યવસ્થામાં સુધારાની માંગ સાથે હજારો વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ કોઈ એક વ્યક્તિના રાજીનામાં સાથે નહીં પણ સમગ્ર સિસ્ટમના ધરમૂળથી ફેરફાર તથા સીબીઆઈ તપાસની માંગ સાથે આંદોલન કરી રહ્યા છે ત્યારે જંતર-મંતરમાં થયેલા આંદોલનમાં મચક ન આપનારી ભારતીય જનતા પાર્ટી આ આંદોલનને ટેકો આપી રહી છે.

ભારતીય જનતા પાર્ટીના નેતાઓ શરૂઆતથી જ રાંચીના આંદોલનને ટેકો આપી રહી છે. આજે પણ ભાજપના નેતાઓ ધરણાં પર બેઠા હતા. જેમની પોલીસે અટકાયત કરી છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પણ આજે જ ધરણાં પર બેઠા હતા. ભારે સંખ્યામાં પોલીસ ફોર્સ તહેનાત કરીને ભાજપના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહૂ સહિત અનેક વરિષ્ઠ નેતાઓની અટકાયત કરવામાં આવી છે. રાંચીના SPએ પોલીસ જવાનોને ધીરજ રાખવા પણ હાંકલ કરી છે.

ઝારખંડના CM હેમંત સોરેનની સરકારના મંત્રી યોગેન્દ્ર પ્રસાદે આરોપ લગાવ્યો છે કે, વિદ્યાર્થીઓના આંદોલનમાં ભારતીય જનતા પાર્ટી પડદાં પાછળથી બેટિંગ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી વિદ્યાર્થીઓના આંદોલનને હાઈજેક કરવા માંગે છે.



ઝારખંડના અન્ય એક મંત્રી સુદિવ્ય સોનુએ કહ્યું છે કે, સરકારે હાઈ લેવલ સમિતિ બનાવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રહી છે. તેમની મોટા ભાગની માંગ સ્વીકારી લેવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ આદિત્ય સાહુએ કહ્યું છે કે, મુખ્યમંત્રી સોરેને સ્પષ્ટ કરવું જોઈએ છે કે તેઓ વિદ્યાર્થીઓને ન્યાય આપવા માંગે છે કે નહીં. વિદ્યાર્થીઓની માંગ છે કે સમગ્ર મામલે સીબીઆઈ તપાસ થવી જોઈએ તો તેમાં વાંધો શું છે? મુખ્યમંત્રી કોંગ્રેસ પાર્ટીના કહેવામાં આવી ગયા છે.

JSSC-CGLની CBI તપાસ: વિદ્યાર્થીઓની સૌથી મોટી માંગણી એ છે કે JSSC-CGL પરીક્ષામાં થયેલી ગડબડીઓની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન(CBI) દ્વારા કરાવવામાં આવે.

JSSC-CGL પરીક્ષા રદ કરવી: કૌભાંડગ્રસ્ત ગણાવાતી JSSC-CGL પરીક્ષાને સંપૂર્ણપણે રદ કરવામાં આવે તેવી માંગણી પર વિદ્યાર્થીઓ અડગ છે.

14મી JPSC પરીક્ષા રદ કરવી: 14મી JPSC અને ACF પરીક્ષામાં અનિયમિતતાઓને કારણે તેને રદ કરવાની માંગ કરાઈ હતી.

સિસ્ટમ અને ભરતી પ્રક્રિયામાં સુધારો: ભવિષ્યમાં પેપર લીક ન થાય તે માટે આખી પરીક્ષા સિસ્ટમમાં ધરમૂળથી સુધારા કરવા અને કડક રિક્રુટમેન્ટ કેલેન્ડર લાગુ કરવાની માંગણી.



# મહિલા ડૉક્ટરોએ રેગિંગ કરી ગાળો ભાંડી, લાગી આવતાં ડૉ.હર્ષનો આપઘાત: તમે અમારા નોકર છો કહીને રૂમમાં ગોંધી રાખતા, સુરતમાં 4 ડૉક્ટર સસ્પેન્ડ

**સુરત, તા.10**

સુરતની નવી સિવિલ હોસ્પિટલની હોસ્ટેલમાં 30 વર્ષીય રેસિડેન્ટ ડૉક્ટરના રહસ્યમય આપઘાતમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસ અને કોલેજ તંત્રની તપાસમાં મૃતક હર્ષ પંડ્યાનું 4 સિનિયર રેસિડેન્ટ વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. રેગિંગનો ખુલાસો થતાં જ ચારેય આરોપી સિનિયર વિદ્યાર્થીઓને 6 મહિના માટે હોસ્પિટલ, હોસ્ટેલ તેમજ તમામ ટીચિંગ એક્ટિવિટીમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે. ચોંકાવનારી વાત તો એ છે કે, 4 સિનિયર ડૉક્ટરમાંથી 3 મહિલા છે, જેઓ મૃતક ડૉક્ટરને રેગિંગ કરી ગાળો આપી 'અમે તમારા બોસ છીએ, તમે અમારા સ્લેવ અને નોકર છો' કહીને કલાકો સુધી ગોંધી રાખી તથા માનસિક ત્રાસ આપતા હતાં. એન્ટી-રેગિંગ સ્કોડે મેન્ટલ હેરેસમેન્ટ, લેક ઓફ ડિસેન્સી અને વર્બલ એબ્યુઝ અંતર્ગત રેગિંગ સાબિત કર્યું છે. આ કેસમાં 4 સસ્પેન્ડ ડૉક્ટર સામે FIR પણ થશે. આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ રેગિંગ કરનારા તબીબોને ચેતવણી આપતા કહ્યું કે, જો તમે આવું કરતા હોવ તો આજથી જ બંધ કરી દેજો. તમારા સર્ટિફિકેટમાં આની નોંધ થશે તો લોકો તમને ધિક્કારશે.

ડૉ. હર્ષ પંડ્યા આપઘાતની ઘટનામાં પિતાની ફરિયાદના આધારે રેગિંગ અંગે તપાસ હાથ ધરાઈ હતી. સિવિલ હોસ્પિટલના ડીન ડૉ. જયેશ બ્રહ્મભટ્ટ અને મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટની સંયુક્ત અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચસ્તરીય કમિટી સમક્ષ પ્રથમ વર્ષના 9 રેસિડેન્ટ ડોક્ટર્સ અને તેના પરિવારજનોના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. રાત્રે 8.30થી સવારના 04.00 વાગ્યા સુધી ચાલેલી આ મેરેથોન બેઠકમાં માઈક્રોબાયોલોજી વિભાગના સિનિયર રેસિડેન્ટ, ફેકલ્ટી, ટેકનિશિયન તથા સફાઈકર્મીઓના નિવેદનો નોંધી એન્ટી રેગિંગ સ્ક્વોડ દ્વારા રિપોર્ટ એન્ટી રેગિંગ કમિટીને સુપરત કરાયો હતો.



કમિટીના અહેવાલના આધારે, શિસ્તભંગ અને ગંભીર બેદરકારી બદલ ચાર રેસિડેન્ટ ડોક્ટરો (1) ડૉ. નિરાલી વસાવે, (2) ડૉ. અનુજ મહેશ્વરી, (3) ડૉ. દીક્ષિતા ઘેવરિયા અને (4) ડૉ. હિના ભુતને 6 માસ માટે સસ્પેન્ડ કરી તાત્કાલિક હોસ્ટેલ ખાલી કરવા તેમજ કોઈપણ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ ન લેવા આદેશ કરાયો. આ સાથે જ માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. સુમૈયા મુલ્લા સહિત ચાર ફેકલ્ટી સભ્યો ડૉ. સંગીતા રાજદે, ડૉ. યોગિતા મિસ્ત્રી અને ડૉ. લતિકા પુરોહિતને શો કોઝ નોટિસ ફટકાઈ છે. એન્ટી રેગિંગ કમિટીના આ સમગ્ર રિપોર્ટને કોલેજ કાઉન્સિલ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી છે અને ભવિષ્યમાં આવી નિંદનીય ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે ગંભીર સમીક્ષા કરી વહેલી સવારે રાજ્ય સરકારને સત્તાવાર અહેવાલ સુપરત કરી દેવામાં આવ્યો છે.

સુરત નવી સિવિલ હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉક્ટર હર્ષ પંડ્યાએ 9 ઓગસ્ટે હોસ્ટેલમાં આપઘાત કરી લીધો. બનાવની જાણ થતાં જ અરવલ્લીના મોડાસાથી તેમના પિતા, પિતરાઈ ભાઈ સહિતના સ્વજનો તાત્કાલિક સુરત સિવિલ દોડી આવ્યા હતા. આ ઘટનામાં રેસિડેન્ટ તબીબોનું રેગિંગ થતું હોવાનું મુદ્દો ઉછળ્યો હતો અને મૃતકના પરિવારજનોએ પણ રેગિંગથી જ હર્ષે આપઘાત કર્યાનો આક્ષેપો કર્યા હતો. પિતરાઈ ભાઈ ધર્મેન્દ્ર પંડ્યાએ જણાવ્યું કે, ડો. હર્ષ છેલ્લા છ મહિનાથી અહીં પીજીના પહેલા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો. તે બહુ શાંત, જવાબદાર અને પ્રામાણિક હતો. હર્ષની થોડા મહિના પહેલાજ સગાઈ થઈ હતી. તેણે પોતાનો MBBSનો અભ્યાસ ફિલિપાઈન્સથી પૂર્ણ કર્યો હતો અને ત્યારબાદ સારી નોકરી પણ કરી હતી. તેમના પિતા ધનસુરા સિવિલ હોસ્પિટલમાંથી ક્લાસ-1 M.S. જનરલ સર્જન તરીકે નિવૃત્ત થયેલા છે અને તેમણે પોતે પણ સુરત હોસ્પિટલમાંથી જ અભ્યાસ કર્યો હતો. વધુમાં ધર્મેન્દ્ર પંડ્યાએ કહ્યું કે, હર્ષના સાથી વિદ્યાર્થીઓ અને કલીગ્સના નિવેદનો પરથી તેમના સિનિયરોની ટોક્સિસિટી અને માનસિક ત્રાસ સામે આવી રહ્યો છે. સીનિયરોના દબાણ કે માનસિક ત્રાસના કારણે જ હર્ષે આવું આત્યંતિક પગલું ભર્યાની તેઓને શંકા હતી, જે તપાસમાં સાચી ઠરી. મૃતકના સંબંધી શૈલેષ પાઠકે જણાવ્યું કે, શરૂઆતમાં આઘાત અને માનસિક સ્થિતિ ઠીક ન હોવાને કારણે પરિવારે પોસ્ટમોર્ટમ કરવાની મંજૂરી આપી દીધી હતી, પરંતુ બાદમાં શંકા જતાં તેમણે ડીન અને સુપ્રિન્ટેન્ડન્ટની ઓફિસમાં રૂબરૂ રજૂઆત કરી રિ-પીએમ અને ફોરેન્સિક પીએમની માગણી કરી હતી.

# વડોદરાના વકીલ હિતેશ ગુપ્તા સામે નોંધાયેલી દુષ્કર્મની ફરિયાદનો ઉગ્ર વિરોધ

## વકીલોએ રેન્જ IG કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું.. મોટી સંખ્યામાં વકીલો ઉમટ્યા, પોલીસ હાય હાયના નારા લગાવ્યા, ફરિયાદ રદ્દ કરવા માંગ કરી

**વડોદરા, તા.10**

વડોદરા શહેરના જાણીતા અને અગ્રણી વકીલ હિતેશ ગુપ્તા સામે સંખેડા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મનો ગંભીર ગુનો નોંધાતાં જ કાયદાકીય આલમ અને સ્થાનિક રાજકારણમાં મોટો ખળભળાટ મચી ગયો છે. આ કાનૂની કાર્યવાહીના વિરોધમાં વડોદરાના વકીલ મંડળમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે અને વકીલો મોટી સંખ્યામાં એકત્રિત થઈને વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. પોતાના સાથી વકીલ પર થયેલી એફઆઈઆરને ખોટી તેમજ ષડયંત્રનો ભાગ ગણાવીને વકીલોનું એક મોટું જૂથ સુત્રોચ્ચાર કરતું રેન્જ આઈજીની કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન વકીલોએ 'પોલીસ હાય હાય'ના નારા લગાવીને સમગ્ર કેસની નિષ્પક્ષ તપાસ કરવાની અને હિતેશ ગુપ્તા સામે નોંધાયેલી પોલીસ ફરિયાદ તુરંત અસરથી રદ્દ કરવાની અતિ ઉગ્ર માગણી કરી હતી.

ઘટનાની વિગતો મુજબ સંખેડા પોલીસ મથકે એક 26 વર્ષીય યુવતી દ્વારા વડોદરાના જાણીતા એડવોકેટ હિતેશ ગુપ્તા, તેમના પત્ની તેમજ તેમના જુનિયર વકીલ સામે દુષ્કર્મ



અને શારીરિક શોષણની ગંભીર ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ કેસમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતાની દુષ્કર્મ સંબંધી કલમો ઉપરાંત એટ્રોસિટી એક્ટ હેઠળ પણ ગુનો નોંધીને પ્રાથમિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ કેસ બહાર આવતાં જ વડોદરાના વકીલોએ એકજૂથ થઈને પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે અને રેન્જ આઈજીને આવેદનપત્ર પાઠવવા કૂચ કરી હતી. વકીલોના પ્રતિનિધિમંડળે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે મુલાકાત કરીને સમગ્ર મામલે યોગ્ય, પારદર્શી અને તટસ્થ તપાસ હાથ ધરવા માટે રજૂઆત કરી હતી.

બીજી તરફ, આ સમગ્ર વિવાદ અને ગંભીર આરોપો અંગે પોતાનો પક્ષ મૂકતાં એડવોકેટ હિતેશ ગુપ્તાએ તમામ દાવાઓને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેમને વ્યાવસાયિક કે અંગત કારણોસર ફસાવવા માટે કેટલાક લોકોએ મળીને આ રચેલું મોટું ષડયંત્ર છે. તેમણે દાવો કર્યો હતો કે તેઓ પીડિત હોવાનો દાવો કરતી યુવતીને ક્યારેય રૂબરૂ મળ્યા જ નથી. પોતાની નિર્દોષતા સાબિત કરવા માટે તેમણે સ્વખર્ચે નાર્કો ટેસ્ટ કરાવવાની પણ તૈયારી દર્શાવી છે. હાલમાં વકીલોના ભારે વિરોધ અને સામસામેના દાવાઓને કારણે આ કેસ અત્યંત સંવેદનશીલ બની ગયો છે અને પોલીસ પણ કાયદાકીય પાસાઓને ધ્યાનમાં રાખીને આગળની તપાસ ચલાવી રહી છે.

# માતાથી વિખૂટી પડી ગયેલી પરપ્રાંતીય કિશોરીનું વડોદરામાં પરિવાર સાથે મિલન

## બિહારથી 38 કલાકની મુસાફરી કરી પરિવાર વડોદરા પહોંચ્યો, ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમના પ્રયાસો સફળ થયા

**વડોદરા, તા.10**

વડોદરા રેલવે સ્ટેશન પરથી એકલી અટૂલી હાલતમાં મળી આવેલી 12 થી 13 વર્ષની પરપ્રાંતીય કિશોરી માટે ચાઈલ્ડ હેલ્પલાઈન, બાળ સુરક્ષા એકમ અને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના સંકલિત પ્રયાસો વરદાન સાબિત થયા છે. વિવિધ સરકારી અને સામાજિક સંસ્થાઓના સતત પ્રયત્નોના પરિણામે બિહારના સમસ્તીપુર ખાતે રહેતા તેના મૂળ પરિવારને શોધી કાઢવામાં સફળતા મળી છે. આ સમગ્ર પ્રક્રિયા બાદ પરિવારજનો સતત 38 કલાકની લાંબી અને કપરી મુસાફરી કરીને વડોદરા પહોંચ્યા હતા, જ્યાં જરૂરી દસ્તાવેજી ચકાસણી પૂર્ણ કર્યા બાદ માસૂમ કિશોરીને તેના પરિવારજનોને સુરક્ષિત રીતે સોંપવામાં આવી હતી.



આ સમગ્ર ઘટનાક્રમની શરૂઆત 25 જુલાઈ, 2026ના રોજ થઈ હતી, જ્યારે 'પાયલ' નામની આ નાની કિશોરી વડોદરા રેલવે સ્ટેશન પરિસરમાંથી રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ને અસહાય સ્થિતિમાં મળી આવી હતી. પોલીસ અને સંસ્થાના અધિકારીઓ દ્વારા જ્યારે કિશોરીની સાંત્વનાપૂર્વક પૂછપરછ કરવામાં આવી, ત્યારે અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી હતી. કિશોરીએ હતું કે તે મૂળ બિહારના સમસ્તીપુરની વતની છે અને પોતાની માતા સાથે વડોદરા આવી હતી. વડોદરામાં તેની માતા અન્ય એક અજાણ્યા પુરુષ સાથે રહેતી હતી, જ્યાં કિશોરીને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને તેની સાથે શારીરિક ઈજાઓ પહોંચાડી હિંસા કરવામાં આવતી હતી. આ પરિસ્થિતિ વચ્ચે પેલા અજાણ્યા પુરુષે તેને ઘરમાંથી બહાર હાંકી કાઢી હતી, જેના કારણે તે ડરની માર્યા ભટકતી ભટકતી રેલવે સ્ટેશન સુધી પહોંચી ગઈ હતી.

કિશોરીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે તાત્કાલિક ધોરણે તેની તબીબી તપાસ કરાવી હતી અને ત્યારબાદ તેને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરી હતી. કમિટીના માર્ગદર્શન હેઠળ બાળકીની સુરક્ષાને પ્રાથમિકતા આપીને તેને 'સિતારે' આશ્રય ગૃહમાં સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન કિશોરીએ વડોદરામાં પોતાની માતાનું ઘર જોયું હોવાનું જણાવતા, તેને સાથે રાખીને સંસ્થાના સ્ટાફ, ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમ તેમજ મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા શહેરમાં બતાવેલા વિવિધ વિસ્તારોમાં દિવસો સુધી સઘન શોધખોળ ચલાવવામાં આવી હતી. જોકે, તમામ પ્રયત્નો છતાં તેની માતા કે તેના ઘર અંગે કોઈ પત્તો મળી શક્યો નહોતો.

સ્થાનિક સ્તરે સફળતા ન મળતા વડોદરા ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે એક નવો જ માર્ગ અપનાવ્યો હતો. તેમણે બિહારના સમસ્તીપુરની ચાઈલ્ડ હેલ્પલાઈનનો સંપર્ક સાધીને વીડિયો કોલના માધ્યમથી કિશોરીની વાતચીત કરાવી હતી. સમસ્તીપુર ચાઈલ્ડ હેલ્પલાઈનની સક્રિયતાને કારણે સ્થાનિક સ્તરે તપાસ કરતા કિશોરીના સાચા પરિવારજનોનો સંપર્ક થઈ ગયો હતો. વીડિયો કોલ દરમિયાન દીકરીને જોઈને પરિવારજનો ઓળખી ગયા હતા અને તેને પરત મેળવવા માટે તાત્કાલિક વડોદરા આવવા સંમતિ દર્શાવી હતી.

પરિવારજનો પોતાની વહાલી દીકરીને લેવા માટે બિહારના સમસ્તીપુરથી નીકળીને આશરે 38 કલાકની આકરી મુસાફરી કરીને 8 ઓગસ્ટના રોજ વડોદરા આવી પહોંચ્યા હતા. ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા પરિવારના ઓળખકાર્ડ અને જરૂરી પુરાવાઓની સંપૂર્ણ ચકાસણી કરીને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ચકાસણી બાદ કિશોરીને તેના પરિવારના હાથમાં સોંપાતા જ એક અત્યંત ભાવાત્મક દ્રશ્ય સર્જાયું હતું અને પરિવારજનોમાં અસીમ ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. આ મુશ્કેલ કામગીરીને સફળ બનાવવા માટે ચાઈલ્ડ વેલ્ફેર કમિટી, વડોદરા બાળ સુરક્ષા એકમ, રેલવે પોલીસ, બિહાર પોલીસ, 'સિતારે' સંસ્થા અને બિહાર ચાઈલ્ડ હેલ્પલાઈન ટીમે સાથે મળીને સંવેદનશીલતા અને નિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## રાજકોટમાં સ્વતંત્રતા પર્વ પૂર્વે એક્સ્પ્લોઝીવનો મોટો જથ્થો ઝડપાયો

# ક્રાઈમ બ્રાન્ચે 12 હજાર જીલેટીન સ્ટિક, 4000 એક્સ્પ્લોજીવ ડિટોનેટર અને 30 બંડલ બ્લાસ્ટિંગ વાયર સાથે એક શખ્સની કરી ધરપકડ

**રાજકોટ, તા.10**

સ્વાતંત્ર્તા દિવસની ઉજવણીના માંડ પાંચ જ દિવસ અગાઉ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને એક બહુ મોટી અને મહત્વપૂર્ણ સફળતા સાંપડી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે સઘન ચેકિંગ દરમિયાન વિસ્ફોટક પદાર્થોનો એક ખૂબ જ મોટો જથ્થો ઝડપી પાડીને સુરક્ષા એજન્સીઓને સતર્ક કરી દીધી છે. રાજકોટના વ્યસ્ત એવા ગોંડલ રોડ હાઈવે પર આવેલા કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાંથી પોલીસે દરોડો પાડીને કુલ 1,500 કિલોગ્રામ વજન ધરાવતી 12,000 નંગ જીલેટીન સ્ટિક, બ્લાસ્ટિંગની કામગીરીમાં ઉપયોગમાં લેવાતા વાયરના 30 બંડલ અને 4,000 નંગ જેટલા અત્યંત સંવેદનશીલ એક્સ્પ્લોજીવ ડિટોનેટરનો વિપુલ જથ્થો જપ્ત કર્યો છે. આ બિનઅધિકૃત વિસ્ફોટકો સાથે પોલીસે કુલ રૂ. 5.95 લાખનો મુદ્દામાલ કબજે કરીને સ્થળ પરથી એક શખ્સની ધરપકડ કરી લીધી છે, જ્યારે આ નેટવર્કમાં સંકળાયેલા અન્ય બે ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

આ સમગ્ર ઘટના અંગે માહિતી આપતા રાજકોટ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ગુપ્ત બાતમીના



આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજકોટ-ગોંડલ હાઈવે પર કોઠારીયા સોલ્વન્ટ નજીક આવેલી શિવ હોટલ પાસે શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક બોલેરો કારને અટકાવી હતી. ગાડીની તલાશી લેતાં તેમાંથી ગેરકાયદેસર રીતે વહન કરાતો વિસ્ફોટક સામગ્રીનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વાહનચાલકની કડક પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ દોલા રઘુભાઈ મીર હોવાનું કબૂલ્યું હતું. પોલીસે તાત્કાલિક ધોરણે ગાડીમાં રહેલ રૂ. 2.40 લાખની કિંમતની 12,000 જીલેટીન સ્ટિક, રૂ. 15,000 ની કિંમતના બ્લાસ્ટિંગ વાયરના 30 બંડલ, રૂ. 40,000 ની કિંમતના 4,000 ડિટોનેટર તેમજ બોલેરો કાર સહિત કુલ રૂ. 5.95 લાખનો મુદ્દામાલ સીઝ કરીને આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપી દોલા મીરે ચોંકાવનારી વિગતોનો ખુલાસો કરતા જણાવ્યું હતું કે, તે આ વિસ્ફોટકોનો જથ્થો મેંદરડા ખાતેથી મિતુલ નામના વ્યક્તિ પાસેથી મેળવીને લાવ્યો હતો. આ જથ્થો સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના જામવાડી ગામના રહેવાસી હીરાભાઈ ઉર્ફે હિરેન અલગોતર નામના શખ્સને પહોંચાડવાનો હતો. આ વિગતો સામે આવતાં જ પોલીસે માલ સપ્લાય કરનાર મિતુલ અને માલ મંગાવનાર રીસીવર હીરા અલગોતરની ધરપકડ કરવા માટે વિવિધ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે. આરોપી પાસે આટલા મોટા પ્રમાણમાં વિસ્ફોટકો રાખવા કે તેની હેરફેર કરવા માટેનું કોઈ પણ કાયદેસરનું લાયસન્સ કે દસ્તાવેજી પુરાવા ન હોવાથી પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

ધરપકડ કરાયેલા આરોપીનું એવું રટણ છે કે ફરાર આરોપી હીરા ઉર્ફે હિરેન ખાણ-ખનિજ અને માઈનિંગના કામકાજ સાથે જોડાયેલો હોવાથી તેણે પથ્થરો તોડવા માટે આ જથ્થો મંગાવ્યો હતો. જોકે, સ્વાતંત્ર્તા દિવસ નજીક હોવાથી અને આટલી મોટી માત્રામાં ગેરકાયદેસર વિસ્ફોટકો મળી આવ્યા હોવાથી પોલીસ આ દાવાને સહજતાથી લઈ રહી નથી. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ એજન્સીઓ આ મામલે આતંકવાદી કે અન્ય કોઈષડયંત્રના એંગલથી પણ ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે.

# 'સાહેબ હવે આવું નહીં થાય, એકવાર માફ કરી દો': મધરાતે અમદાવાદ સિવિલમાં રેપિસ્ટે લંગડાતા-લંગડાતા કાન પકડ્યા

## વોકિંગ કરવા ધાબે પહોંચતા સંબંધ બાંધવા માગ કરી, ઈન્કાર કર્યો તો મોઢું દબાવી હેવાનિયત આચરી

**અમદાવાદ, તા.10**

અમદાવાદના ચર્ચિત જોધપુર દુષ્કર્મ કેસના આરોપી ધર્મસિંહે મધરાતે પંચનામાની કાર્યવાહી દરમિયાન પોલીસ કાફલા પર અચાનક હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે સ્વબચાવમાં ચલાવેલી ગોળી આરોપીના પગમાં વાગતાં તે જમીન પર ઢળી પડ્યો હતો. ઝપાઝપીમાં એક પોલીસકર્મી પણ ઘાયલ થતાં બંનેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલમાં ખસેડાયા હતા. હોસ્પિટલ પહોંચેલા આરોપીએ પહેલા લંગડાતા અને સ્ટ્રેચર પરથી પણ બંને હાથ જોડી સતત પોલીસ સમક્ષ માફીની ભીખ માગતા-માગતા એક જ વાતનું રટણ કર્યું હતું કે, 'સાહેબ હવે પછી આવું નહી થાય, એકવાર માફ કરી દો'. ફાયરિંગની આ ગંભીર ઘટનાને પગલે જેસીપી અને ડીસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સિવિલ દોડી ગયા હતા.

ઝોન-7 DCP શિવમ વર્માએ જણાવ્યું કે, આરોપી વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં વધુ એક ગુનો નોંધવામાં આવશે. પોલીસકર્મી અને આરોપી બંને



ઈજાગ્રસ્તો સારવારમાં છે.

આનંદનગર પોલીસ દુષ્કર્મના આરોપી ધર્મસિંહને લઈને પંચનામુ કરવા હેબતપુર ખાતે ગઈ હતી. જ્યાંથી આરોપીએ ફેંકેલા 2 મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ દરમિયાન પોલીસનું પંચનામુ ચાલી રહ્યું હતું ત્યારે આરોપી ધર્મસિંહે પીઆઈ આર.એસ પરમારની પિસ્તોલ ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે પીઆઈએ પિસ્તોલમાંથી એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું જેમાં કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ રાઠોડને સાથળના ભાગે ગોળી વાગી હતી.

આરોપી પોલીસ સાથે ઝપાઝપી કરતા બીજો રાઉન્ડ ફાયર થયો હતો જેમાંથી ગોળી આરોપીના પગમાં વાગી હતી. પોલીસ કોન્સ્ટેબલ અને આરોપી ઈજાગ્રસ્ત થયા હોવાથી પોલીસની ગાડીમાં જ બંનેને સોલા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પીઆઈ આર.એસ પરમારે આરોપી ધર્મસિંહ વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે જેની તપાસ બોડકદેવ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.જી ખાંભલા ચલાવી રહ્યા છે.

સોલા સિવિલ સુપ્રિટેન્ડેન્ટ દિપીકા સિંઘલે જણાવ્યું હતું કે, આરોપી અને પોલીસકર્મી બંનેને રાત્રે 10:30 વાગ્યે અહીં લાવવામાં આવ્યા હતા. બંનેને ગોળી વાગી હતી. પોલીસકર્મીને જાંગમાં ગોળી વાગીને નીકળી ગઈ હતી. પોલીસકર્મીની સ્થિતિ સ્થિર હતી અને પછી રાત્રે જ તેઓ તેમને પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા. અત્યારે પોલીસકર્મી અમારા ત્યાં દાખલ નથી. અને જે આરોપી છે, તેમને જમણા પગમાં ગોળી વાગી હતી. તેમને પણ ગોળી વાગીને નીકળી ગઈ છે, ગોળી અંદર નથી. પણ ગોળી વાગવાના કારણે તેમના પગના જે હાડકાં છે, તેમાં ફ્રેક્ચર થયું છે. રાત્રે ડ્રેસિંગ થયા બાદ ઓર્થોપેડિક વોર્ડમાં દાખલ છે અને તેમની સારવાર ચાલી રહી છે. પેશન્ટની ફિટનેસ પ્રમાણે સર્જરી પ્લાન કરીશું.

# વડોદરામાં પાર્કિંગ મુદ્દે બે જૂથ વચ્ચે મારામારી: 4 શખ્સોએ મળીને જીમ સંચાલક અને તેના ભાઈને માર માર્યો

## ડંડાથી હુમલો કરતા જીમ સંચાલક ઈજાગ્રસ્ત, એક શખ્સ તીક્ષણ હથિયાર લઈ આવ્યો, સામસામે ફરિયાદ

**વડોદરા, તા.10**

વડોદરા શહેરના વડસર બ્રિજ નીચે આવેલા જીમ ની બાજુમાં વાહન પાર્ક કરવાના મુદ્દે બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ મારામારીની ઘટના સામે આવી છે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. CCTVમાં સ્પષ્ટ દેખાય છે કે, 4 લોકો મળીને જીમ સંચાલકને મારતા દેખાય છે. આ ઘટનામાં જીમ સંચાલકને ઈજા થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જીમ સંચાલકના કહેવા પ્રમાણે રવિવારે જીમ બંધ હોવાથી અમારા ગ્રાહકના વાહન પાર્કિંગ કરવાનો સવાલ જ ઉભો થતો નથી. એ લોકોએ ખોટા આક્ષેપ કરીને મને અને મારા ભાઈને માર માર્યો હતો. એ લોકો તીક્ષણ હથિયાર લઈને આવ્યા હતા. એ પણ CCTV પણ દેખાય છે.

વડસર બ્રિજ નીચે આવેલા આર.કે. ફિટનેસ જીમ ચલાવતા રોશન રામચંદ્ર કુશવાહાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે રવિવારે તેમના નાના ભાઈ ઉત્તમે ફોન કરી જણાવ્યું હતું કે, જીમની બાજુમાં રહેતા લોકો પાર્કિંગના મુદ્દે ગૌતમ સાથે ઝઘડો કરી રહ્યા છે. જેથી રોશન સાંજે આશરે 5:35 વાગ્યે જીમ ખાતે પહોંચ્યા હતા. આ સમયે જીમની બાજુમાં રહેતા જયેન્દ્રસિંહ ગણપતસિંહ પઢિયાર, તેમના ભાઈ તખતસિંહ ગણપતસિંહ પઢિયાર, માતા ગંગાબેન પઢિયાર તેમજ તેમના સંબંધી રાહુલસિંહ દિલીપસિંહ જાદવ ગૌતમ સાથે બોલાચાલી કરતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. રોશન તેમને સમજાવવા જતા ચારેયે તેની સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. આ ઉપરાંત જયેન્દ્રસિંહ અને તખતસિંહ લાકડાનો ડંડો લઈ આવ્યા હતા અને રોશનના માથાની જમણી બાજુ કાન ઉપર તેમજ શરીરના અન્ય ભાગે માર મારતા ઈજા થઈ હતી અને લોહી નીકળ્યું હતું. ત્યારબાદ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પરિવારજનો અને મિત્રો આવી જતા રોશનને છોડાવ્યો હતો અને 108 મારફતે તેમને હોસ્પિટલમાં સારવાર માટે



ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ રાહુલસિંહ દિલીપસિંહ જાદવે માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ રવિવારે સાંજે આશરે 5:30 વાગ્યે પોતાના મામા જયેન્દ્રસિંહ પઢિયારના ઘરે ગયા હતા. તે દરમિયાન તેમના મામાના ઘર પાસે કોઈ અજાણ્યા વ્યક્તિએ કાર પાર્ક કરી હતી. કાર જીમમાં આવતા વ્યક્તિની હોવાનું માનીને મામા સાથે તેઓ આર.કે. ફિટનેસ જીમ પાસે ગયા હતા. જ્યાં રોશનના નાના ભાઈ ગૌતમને કાર હટાવવા કહેતા તેણે રોશનને બોલાવ્યો હતો. રોશન ત્યાં આવી જયેન્દ્રસિંહને ગાળો આપી 'મારા નાના ભાઈને કેમ ડરાવે છે' તેમ કહી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ રાહુલસિંહ અને તખતસિંહ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન રોશનના પિતા રામચંદ્ર કુશવાહા અને માતા લલીતાદેવી પણ સ્થળ પર આવી ગયા હતા અને તેમની સાથે ઝઘડો કરી ગડદાપાટુનો માર માર્યો હતો. રોશને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર બનાવ અંગે બંને પક્ષે એકબીજા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને ફરિયાદોના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

RK જીમના સંચાલક રોશન કુશવાહાએ જણાવ્યું હતું કે, હું વડસર બ્રિજ પાસે 'RK ફિટનેસ' નામનું જીમ ચલાવું છું. અમારા જીમની બાજુમાં જ કેટલાક લોકો રહે છે. હું સામાન્ય રીતે લોકો સાથે કોઈ ખોટો મતભેદ કે લેવાદેવા રાખતો નથી, પરંતુ તે લોકો અવારનવાર વિવાદ ઊભો કરતા રહે છે. આ અંગે મેં અગાઉ પણ ત્રણ વખત પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ અને અરજી આપેલી છે. અગાઉ પણ તેઓએ મને ધમકી આપી હતી કે, 15 દિવસમાં તને જોઈ લઈશ અને મારી નાખીશ. આ જ જૂની અદાવત અને ખાર રાખીને, રવિવારના દિવસે જ્યારે જીમ બંધ હતું, ત્યારે તેઓએ આયોજનબદ્ધ રીતે હુમલો કર્યો હતો.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રવિવારે જીમ બંધ હોવાનો લાભ લઈને તેઓએ પહેલાં મારા ભાઈ સાથે મારપીટ કરી હતી. હુમલો કરવા માટે તેઓ ધારદાર હથિયારો અને લોખંડના પાઈપ સાથે આવ્યા હતા. ભાઈએ મને ફોન કરીને ઝઘડા વિશે જાણ કરી, એટલે હું ત્યાં પહોંચ્યો હતો. હું ત્યાં પહોંચીને હજુ તો ખાલી પૂછપરછ જ કરી રહ્યો હતો, ત્યાં જ તેમના ઘરના 4-5 લોકો બહાર આવ્યા અને મારા પર સીધો જીવલેણ હુમલો કરી દીધો, જેના કારણે મને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. તેઓએ ઉમેર્યું હતું કે, હુમલા બાદ મેં તરત જ 100 નંબર અને 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો, જેના પછી મને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હોસ્પિટલમાં દાખલ થયા પછી પણ તેઓ સતત ધમકીઓ આપી રહ્યા છે કે, 15 દિવસમાં તને પતાવી દઈશું અને તું જીવતો નહીં બચે. તે લોકો રોડ પર ગેરકાયદેસર કબ્જો કરીને અડધો રસ્તો બ્લોક કરી દે છે અને પાર્કિંગ કે અન્ય બાબતોને લઈને વિવાદ ઊભો કરે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# PoKમાં ત્રીજા તબક્કાનું મતદાન સ્થગિત

## સતત વિરોધ પ્રદર્શનો વચ્ચે નિર્ણય, શહબાઝની પાર્ટી PML-Nએ અત્યાર સુધીમાં 24 બેઠકો જીતી

**ઈસ્લામાબાદ, તા.10**



પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)માં 10 ઓગસ્ટ સોમવારે યોજાનાર મતદાન મુલતવી રાખવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સતત ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને કારણે આ ચૂંટણીઓ અનિશ્ચિતકાળ માટે મુલતવી રાખવામાં આવી છે.

PoK માં કુલ 45 બેઠકો છે જેના પર ચૂંટણી યોજાઈ રહી છે. આ પહેલા બે તબક્કામાં શહબાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (PML-N) એ કુલ 24 બેઠકો જીતી. આ પછી PML-N નું PoK માં સરકાર બનાવવાનું નિશ્ચિત હતું. પરંતુ ત્રીજા તબક્કાની 11 બેઠકો પરની ચૂંટણી હવે મુલતવી રાખવામાં આવી છે.

PoK માં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન હિંસા ફાટી નીકળી. અલગ-અલગ ઘટનાઓમાં ઓછામાં ઓછા 19 લોકોના મોત થયા હોવાના અહેવાલ સામે આવ્યા હતા. ચૂંટણીમાં ગેરરીતિના આરોપો અને સરકાર વિરોધી પ્રદર્શનો વચ્ચે અનેક મતદાન મથકો પર અથડામણો પણ થઈ.

જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) ના સમર્થકોનો આરોપ છે કે રાવલકોટમાં પાકિસ્તાની સેનાએ પ્રદર્શનકારીઓ પર આડેધડ ગોળીબાર કર્યો, જેમાં 19 લોકોના જીવ ગયા. સંગઠને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મૃતકોના નામ પણ જાહેર કર્યા છે.

ભારતે PoK માં થઈ રહેલી ચૂંટણીઓને માન્ય રાખવાનો ઈનકાર કર્યો છે. વિદેશ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે પાકિસ્તાન આ ચૂંટણીઓ દ્વારા PoK પર પોતાના ગેરકાયદેસર કબજાને છુપાવવાનો અને ત્યાં થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનો પરથી દુનિયાનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આંદોલનો સફળ થવાથી JAAC નો જનાધાર વધ્યો. હવે સંગઠન મોંઘવારીના મુદ્દાથી આગળ વધીને PoK ને વધુ સ્વાયત્તતા અને રાજકીય અધિકાર આપવાની માંગ કરી રહ્યું છે.

સૌથી મોટી માંગ PoK વિધાનસભાની 45 બેઠકોમાંથી 12 અનામત બેઠકોને સમાપ્ત કરવાની છે. આ બેઠકો તે કાશ્મીરી શરણાર્થીઓ માટે અનામત છે, જેઓ પાકિસ્તાનના બીજા ભાગોમાં રહે છે.

JAAC નું કહેવું છે કે જે લોકો પાકિસ્તાનના બીજા શહેરોમાં રહે છે, તેમને PoK ની સરકાર બનાવવાનો અધિકાર ન હોવો જોઈએ.

JAAC મુજબ આ 12 બેઠકોને કારણે સ્થાનિક મતદારોના મતનો પ્રભાવ ઓછો થઈ જાય છે અને અવારનવાર કેન્દ્રની સત્તામાં બેઠેલી પાર્ટીને ફાયદો મળે છે.

ભારત લાંબા સમયથી PoKમાં યોજાતી ચૂંટણીઓને નકારી રહ્યું છે. ભારતનું કહેવું છે કે પાકિસ્તાનને તે વિસ્તારમાં કોઈ રાજકીય પ્રક્રિયા ચલાવવાનો અધિકાર નથી, જેને ભારત પોતાનો હિસ્સો માને છે.

વિદેશ મંત્રાલય (MEA)એ PoK ચૂંટણીને પાકિસ્તાનના ગેરકાયદેસર કબજાને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ ગણાવતા તેને દેખાડો ગણાવ્યો છે. ભારતે એવો પણ આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાન ચૂંટણીઓ દ્વારા તેના કબજાને છુપાવવાનો અને વિસ્તારમાં માનવાધિકાર ઉલ્લંઘનના આરોપો પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

PML-Nના અધ્યક્ષ અને પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફે 22 જુલાઈએ કહ્યું હતું કે જો તેમની પાર્ટી PoK માં જીતશે, તો તેઓ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને તેમને PoK ના વડાપ્રધાન બનાવવા માટે કહેશે.

પરંતુ PoK ના વર્તમાન બંધારણ મુજબ, વડાપ્રધાન વિધાનસભાના મુસ્લિમ સભ્યોમાંથી જ પસંદ કરવામાં આવે છે. વિધાનસભા સભ્ય બનવા માટે વ્યક્તિ PoK નો કાયમી નિવાસી હોવો જોઈએ અને તેનું નામ મતદાર યાદીમાં હોવું જરૂરી છે.

નવાઝ શરીફ આ ચૂંટણીમાં PoK વિધાનસભાની કોઈ બેઠક પરથી ઉમેદવાર નથી. આવી સ્થિતિમાં, માત્ર PML-Nના અધ્યક્ષ હોવાથી અથવા શાહબાઝ શરીફની મંજૂરી મળવાથી નવાઝ સીધા PoK ના વડાપ્રધાન બની શકતા નથી.

# ભારતીય વિદ્યાર્થીએ અમેરિકામાં ગર્લફ્રેન્ડનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી

## GFનો ફોન અને ક્રેડિટ કાર્ડ લઈને ભાગતા જર્મનીથી ઝડપાયો, ભારત પહોંચવાનો હતો પ્લાન

**વોશિંગ્ટન, તા.10**

20 વર્ષીય ભારતીય નાગરિક વરુણ બટચિગરીની જર્મનીમાં ધરપકડ કરવામાં આવી છે. તેના પર અમેરિકાના એરિઝોનામાં તેની 19 વર્ષીય ગર્લફ્રેન્ડ જુલિસા રૂબી સલાઝારની ગળું દબાવીને હત્યા કરવાનો આરોપ છે.

અમેરિકી મીડિયા અનુસાર, વરુણ પર ફર્સ્ટ-ડિગ્રી મર્ડરની શંકા છે. જુલિસાનો મૃતદેહ ગુરુવારે એરિઝોના યુનિવર્સિટી નજીક ટક્સન સ્થિત તેના એપાર્ટમેન્ટમાંથી મળ્યો હતો.

જુલિસાના પરિવારે તેની ચિંતા થતાં પોલીસને વેલફેર ચેક કરાવવા જણાવ્યું હતું. ટક્સન પોલીસ વિભાગ અનુસાર, તેઓ ગુરુવારે સાંજે લગભગ 4 વાગ્યે એપાર્ટમેન્ટ પહોંચ્યા, જ્યાં જુલિસા બેભાન હાલતમાં મળી. તેના શરીર પર ઈજાના નિશાન હતા.

તપાસકર્તાઓનું કહેવું છે કે વરુણ જુલિસાનો ફોન અને ક્રેડિટ કાર્ડ લઈને ગયો હતો. તેણે જુલિસાની માતાને ઘણા મેસેજ પણ મોકલ્યા હતા.

પોલીસને જાણ થઈ કે વરુણ ટક્સનથી ભાગી ગયો છે. તે ટક્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યો અને ત્યાંથી હ્યુસ્ટનની ફ્લાઈટ લીધી. ત્યારબાદ તેણે જર્મનીના બર્લિન જતી બીજી ફ્લાઈટ લીધી.

અધિકારીઓનું માનવું છે કે વરુણ ભારત પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેની ગતિવિધિઓ



પર નજર રાખતા પોલીસે ધરપકડ વોરંટ જારી કર્યું.

અધિકારીઓએ વરુણનું લોકેશન શોધી કાઢ્યું અને જર્મની પહોંચ્યા પછી તેને કસ્ટડીમાં લીધો. તેને એરિઝોના લાવવામાં આવે તેવી અપેક્ષા છે, જ્યાં તેના પર ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ મૂકવામાં આવશે અને તેને પિમા કાઉન્ટી એડલ્ટ ડિટેન્શન સેન્ટરમાં દાખલ કરવામાં આવશે.

આ મામલે વરુણ અને જુલિસાના સંબંધો અને તેમની સાથે સંકળાયેલા દુર્વ્યવહારના આરોપોની પણ તપાસ થઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જુલિસા આ સંબંધ તોડવા માંગતી હતી. તેની સાથે યૌન હુમલો અને દુર્વ્યવહાર થયાની વાત પણ સામે આવી છે.

5 ઓગસ્ટે જુલિસાના રૂમમેટ્સને તેના રૂમમાંથી જોરથી ચીસો પાડવાનો અવાજ સંભળાયો હતો. આનાથી તેઓ ચિંતિત થઈ ગયા અને તેમણે જુલિસાનો સંપર્ક કરીને પૂછ્યું કે તે સુરક્ષિત છે કે નહીં. રૂમમેટ્સને જવાબ મળ્યો કે તે ઠીક છે અને રૂમમાં ફક્ત દલીલ થઈ હતી.

એક મહિલાએ તપાસકર્તાઓને એ પણ જણાવ્યું હતું કે વરુણે હેલોવીનના દિવસે જુલિસા પર યૌન હુમલો કર્યો હતો. જોકે, જુલિસાએ તે સમયે આ ઘટનાની ફરિયાદ કરી ન હતી.

વરુણ એરિઝોના યુનિવર્સિટીમાં બિઝનેસ એનાલિટિક્સનો અભ્યાસ કરી રહ્યો હતો. જોકે, એક ઝઘડા પછી તેને યુનિવર્સિટીમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને તેનો અભ્યાસ અધવચ્ચે જ અટકી ગયો. રિપોર્ટ્સ અનુસાર, તેની સામે ઘરેલુ હિંસા સંબંધિત આરોપોનો પણ રેકોર્ડ રહ્યો છે.

તેણે તાજેતરમાં નોકરી ગુમાવી દીધી હતી, જેના કારણે તેના માટે ભાડું ચૂકવવું મુશ્કેલ બની ગયું હતું અને તેનું ઈમિગ્રેશન સ્ટેટસ પણ જોખમમાં હતું.

# નેપાળી PMએ ભારતીય રાજદૂત સાથે મુલાકાત કરી: પ્રથમ વખત કોઈ વિદેશી રાજદ્વારી સાથે એકલા મળ્યા

**નેપાળ, તા.10**

નેપાળના વડાપ્રધાન બાલેન શાહે સોમવારે ભારતના રાજદૂત નવીન શ્રીવાસ્તવ સાથે મુલાકાત કરી. વડાપ્રધાન બન્યા પછી કોઈ વિદેશી રાજદૂત સાથે શાહની આ પહેલી વન-ટુ-વન મુલાકાત છે.



નવીન શ્રીવાસ્તવે શાહને વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે ભારત તરફથી નેપાળ સાથે સારા સંબંધો અને સહયોગને આગળ વધારવાની વાત કરી. બંને વચ્ચે ભારત-નેપાળ સંબંધો, વિકાસ સહયોગ અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ. બાલેન શાહે કહ્યું કે ભારત અને નેપાળના સંબંધો જૂના અને ભરોસાપાત્ર છે. તેમણે બંને દેશો વચ્ચે વેપાર વધારવા, વીજળી, રસ્તા અને અન્ય વિકાસ કાર્યોમાં સાથે મળીને કામ ચાલુ રાખવા પર ભાર મૂક્યો. બાલેન શાહ થોડીવારમાં ચીની રાજદૂત ઝાંગ માઓમિંગને પણ મળશે. વડાપ્રધાન બનવાના શરૂઆતના તબક્કામાં શાહે વિદેશ મંત્રીના સ્તરથી નીચેના વિદેશી અધિકારીઓ સાથે વન-ટુ-વન મુલાકાત ન કરવાની નીતિ અપનાવી હતી. તેઓ વિદેશી રાજદૂતો સાથે સામૂહિક બેઠકોને પ્રાધાન્ય આપતા હતા. આ જ કારણોસર, ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીની 11-12 મેની નેપાળ યાત્રા દરમિયાન પણ શાહ સાથે તેમની એકાંત મુલાકાત થઈ શકી ન હતી. શાહે અમેરિકી અધિકારીઓ સમીર પોલ કપૂર અને સર્જિયો ગોર સાથે મુલાકાતની વિનંતીઓ પણ સ્વીકારી ન હતી.

તેના બદલે, શાહે 9 એપ્રિલ અને 26 મેના રોજ કાઠમંડુમાં તૈનાત ઘણા દેશોના રાજદૂતો સાથે સામૂહિક બેઠકો કરી હતી.

બાલેન શાહ જ્યારે કાઠમંડુના મેયર હતા, ત્યારે તેમણે વિદેશી રાજદૂતો સાથે એકલા મુલાકાત ન કરવાનો અભિગમ અપનાવ્યો હતો. વડાપ્રધાન બન્યા પછી પણ તેમણે ભારત, ચીન અને અમેરિકા સહિત ઘણા દેશોના રાજદૂતો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વન-ટુ-વન બેઠકોથી અંતર જાળવી રાખ્યું હતું. શાહનું માનવું હતું કે શક્તિશાળી દેશો નેપાળની સરકારી વ્યવસ્થાને અવગણીને સીધા ટોચના નેતૃત્વ સુધી પહોંચવાનો પ્રયાસ કરે છે. સામૂહિક બેઠકો દ્વારા તેઓ તમામ દેશો સાથે સમાનતાનો સંદેશ આપવા માંગતા હતા.

પરંતુ સરકારના 100 દિવસ પૂરા થયા પછી, સલાહકારોએ તેમને ઘરેલું અને વિદેશી સ્તરે અલગ-અલગ લોકો સાથે મળવાની સલાહ આપી. આ પછી શાહે નેતાઓ, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે વન-ટુ-વન બેઠકો શરૂ કરી.

હવે વિદેશી રાજદૂતો સાથે સીધી મુલાકાત પણ આ બદલાયેલી રણનીતિનો એક ભાગ માનવામાં આવી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લાંબા સમય સુધી સીધા સંવાદથી દૂર રહેવાને કારણે નેપાળના રાજદ્વારી સંબંધો પર અસર પડવાની ચિંતા પણ હતી.

નેપાળમાં નવી સરકાર બન્યા પછી, ભારત, ચીન અને અમેરિકા જેવા મોટા દેશોના રાજદૂતો અવારનવાર સીધા વડાપ્રધાન સાથે અલગ-અલગ મુલાકાત કરતા હતા. ઘણીવાર આ બેઠકો વડાપ્રધાનના ખાનગી નિવાસસ્થાને થતી હતી. આ મુલાકાતોમાં વિદેશ મંત્રાલયના અધિકારીઓ પણ હાજર રહેતા ન હતા અને તેનો કોઈ ઔપચારિક રેકોર્ડ પણ રાખવામાં આવતો ન હતો.

નેપાળમાં લાંબા સમયથી એવી પ્રથા હતી કે મોટા દેશોના રાજદૂતો વડાપ્રધાનને સીધા મળીને પોતાની વાત રજૂ કરી શકતા હતા. એવું માનવામાં આવે છે કે આ મુલાકાતોમાં સત્તાવાર વાતચીતની સાથે વ્યક્તિગત સંપર્ક વધારવા પર પણ ભાર મૂકવામાં આવતો હતો. કેટલાક નિષ્ણાતોનું માનવું હતું કે આવી અનૌપચારિક મુલાકાતોથી હિતોના ટકરાવનો ખતરો રહેતો હતો અને નેપાળના રાષ્ટ્રીય હિતો પર પણ સવાલ ઉઠી શકે છે.

# પરમાણુ કરાર કર્યા વિના યુદ્ધ ખતમ કરી શકે છે ટ્રમ્પ: હોર્મુઝ ફરીથી ખોલવાની શરત મૂકી, જો આવું થશે તો અમેરિકા પીછેહટ માટે તૈયાર: રિપોર્ટ

**વોશિંગ્ટન, તા.10**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે પરમાણુ કરાર વિના પણ યુદ્ધ સમાપ્ત કરવા પર વિચાર કરી રહ્યા છે. વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર, જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ખોલી દે છે અને ત્યાંથી સામાન્ય વેપારી જહાજોની અવરજવર શરૂ થઈ જાય છે, તો અમેરિકા યુદ્ધમાંથી પીછેહઠ કરી શકે છે.

રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ છેલ્લા કેટલાક અઠવાડિયાથી આ વિકલ્પ પર કામ કરી રહ્યા છે. તેમણે પોતાના વરિષ્ઠ અધિકારીઓ સાથે ખાનગી વાતચીતમાં કહ્યું છે કે તેહરાન સાથે ઔપચારિક પરમાણુ કરાર વિના પણ અમેરિકા સંઘર્ષ સમાપ્ત કરી શકે છે.

અત્યાર સુધી ટ્રમ્પ પ્રશાસનનો મુખ્ય ભાર ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર સમજૂતી કરાવવા પર હતો. પરંતુ યુદ્ધ લાંબુ ખેંચાયા પછી અમેરિકાનું ધ્યાન બદલાતું દેખાઈ રહ્યું છે.

હવે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર શરૂ કરાવવી યુદ્ધ સમાપ્ત કરવાની મહત્ત્વપૂર્ણ શરત બની શકે છે. આ માર્ગ દુનિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે અહીંથી મોટી માત્રામાં તેલ અને ગેસનો પુરવઠો થાય છે.

ઈરાને પણ હોર્મુઝ ખોલવા માટે ઘણી માંગણીઓ કરી છે. ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહમ્મદ બાઘેર ઝોલઘદારના મતે, અમેરિકાએ યુદ્ધ કાયમી ધોરણે સમાપ્ત કરવું પડશે અને તેની નૌકાદળની નાકાબંધી હટાવવી પડશે.

ઈરાને પ્રદેશમાંથી અમેરિકી સૈનિકોની વાપસી, તમામ પ્રતિબંધો હટાવવા, વિદેશોમાં જમા ઈરાની સંપત્તિને મુક્ત કરવા અને યુદ્ધમાં થયેલા નુકસાનનું વળતર આપવાની માગ કરી છે.

ઈરાન એ પણ ઈચ્છે છે કે અમેરિકા પ્રદેશમાં તેના સહયોગી સંગઠનો વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી બંધ કરે.

ઈરાન સાથેના યુદ્ધની અસર અમેરિકામાં પેટ્રોલની કિંમતો પર પણ પડી છે. આવી સ્થિતિમાં ટ્રમ્પ પ્રશાસન પર યુદ્ધ સમાપ્ત કરવાનું દબાણ વધી રહ્યું છે. આ ઉપરાંત, અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ પણ નજીક છે.

ટ્રમ્પ ઘણી વખત દાવો કરી ચૂક્યા છે કે ઈરાન સાથે સમજૂતી જલ્દી થઈ શકે છે. તેમણે તાજેતરમાં એક પોસ્ટ શેર કરીને એવો પણ સંકેત આપ્યો હતો કે અમેરિકા યુદ્ધમાં જીત મેળવી ચૂક્યું છે.

રિપોર્ટ અનુસાર, ટ્રમ્પનું માનવું છે કે ઈરાન તેમના કાર્યકાળમાં પોતાના પરમાણુ કાર્યક્રમને સરળતાથી ફરી શરૂ કરી શકશે નહીં. તેમનું કહેવું છે કે અમેરિકી ગુપ્તચર એજન્સીઓ ઈરાનની નવી



પરમાણુ ગતિવિધિઓ પર નજર રાખી શકે છે.

ટ્રમ્પ એવું પણ માને છે કે જો ઈરાન ફરીથી પરમાણુ હથિયારો બનાવવાનો પ્રયાસ કરે તો અમેરિકા ફરીથી સૈન્ય કાર્યવાહી કરી શકે છે.

અમેરિકા હોર્મુઝ ખોલવાને યુદ્ધ સમાપ્ત કરવાનો માર્ગ માની રહ્યું છે, પરંતુ ઈરાનની માંગણીઓ ઘણી મોટી છે. ખાસ કરીને અમેરિકી સેનાની વાપસી, પ્રતિબંધો હટાવવા અને આર્થિક વળતરની માગ પર બંને દેશો વચ્ચે સહમતિ બનવી મુશ્કેલ છે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલે અમેરિકી અધિકારીઓને ટાંકીને જણાવ્યું કે ટ્રમ્પ પ્રશાસન ઘણા અઠવાડિયાથી આની તૈયારી કરી રહ્યું છે. તેમણે વરિષ્ઠ સહયોગીઓ સાથે ખાનગી વાતચીતમાં કહ્યું છે કે તેઓ ઈરાન સાથે નવા પરમાણુ કરાર કર્યા વિના પણ પીછેહઠ કરી શકે છે.

ઈરાને પણ હોર્મુઝ ખોલવા માટે ઘણી શરતો મૂકી છે. આમાં અબજો ડોલરની ચુકવણી, અમેરિકી નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવી અને વિસ્તારમાંથી અમેરિકી સૈનિકોની વાપસી શામેલ છે. ઈરાને પ્રતિબંધો હટાવવા અને તેની જપ્ત કરાયેલી સંપત્તિઓ પરત કરવાની માગ પણ કરી છે.

અમેરિકી ગુપ્તચર એજન્સી ODNI અનુસાર, યુદ્ધ પહેલા ઈરાન પાસે 3,000થી વધુ બેલિસ્ટિક મિસાઈલો હતી, જેની મારક ક્ષમતા 2,000 કિમી સુધીની છે. આ મિસાઈલોનો મોટો ભાગ પહાડો નીચે બનેલા અંડરગ્રાઉન્ડ ઠેકાણાઓમાં રાખવામાં આવ્યો છે. અહીં મિસાઈલો, લોન્ચર અને કંટ્રોલ સેન્ટર સુરંગોની અંદર હોય છે, તેથી હવાઈ હુમલાઓમાં તેમને સંપૂર્ણપણે નષ્ટ કરવા સરળ માનવામાં આવતું નથી.

હોર્મુઝ સ્ટ્રેટમાંથી દુનિયાના દરિયાઈ તેલ વેપારનો લગભગ 20% અને LNGનો મોટો હિસ્સો પસાર થાય છે. તેનો ઉત્તરીય કિનારો ઈરાન પાસે છે. આથી અહીં તણાવ વધવા અને હોર્મુઝ બંધ થવાની સીધી અસર વૈશ્વિક તેલ કિંમતો અને ઊર્જા પુરવઠા પર પડે છે.

ઈરાને છેલ્લા એક દાયકામાં શાહેદ જેવા હજારો ડ્રોન વિકસાવ્યા છે. તેનો ઉપયોગ લાંબા અંતરના હુમલાઓ અને દેખરેખ માટે કરવામાં આવે છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં પણ ઈરાની ડ્રોનના ઉપયોગે તેની ક્ષમતાને વૈશ્વિક સ્તરે ચર્ચામાં લાવી દીધી.

ઈરાનના સમર્થનવાળા જૂથો હિઝબુલ્લાહ (લેબનોન), હૂતી (યમન) અને ઈરાકના ઘણા શિયા સશસ્ત્ર જૂથો પશ્ચિમ એશિયામાં સક્રિય છે. અમેરિકી સંરક્ષણ નિષ્ણાતો તેમને ઈરાનની ફોરવર્ડ ડિફેન્સ સ્ટ્રેટેજીનો ભાગ માને છે, જેનાથી તે પોતાના સરહદી વિસ્તારની બહાર પણ દબાણ બનાવી શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન અને ઓમાન વચ્ચે આવેલી છે. તેનો ઉત્તરી કિનારો ઈરાન પાસે છે, જ્યારે દક્ષિણી કિનારો ઓમાન પાસે છે. સૌથી સાંકડી જગ્યાએ તેની પહોળાઈ માત્ર 21 નોટિકલ માઈલ (લગભગ 39 કિલોમીટર) છે.

શરૂઆતમાં બંને દેશોનો દરિયાઈ વિસ્તાર માત્ર 3 નોટિકલ માઈલ સુધીનો માનવામાં આવતો હતો. પરંતુ બાદમાં દરિયાઈ કાયદાઓમાં ફેરફાર થયા પછી, ઈરાને 1959માં અને ઓમાને 1972માં પોતપોતાના દરિયાઈ વિસ્તારની સીમા વધારીને 12-12 નોટિકલ માઈલ (લગભગ 22-22 કિલોમીટર) કરી દીધી.

આ નિર્ણય પછી, હોર્મુઝ સ્ટ્રેટનો સૌથી સાંકડો ભાગ સંપૂર્ણપણે ઈરાન અને ઓમાનના દરિયાઈ વિસ્તારોમાં આવી ગયો. જોકે, દરિયાઈ અવરજવર ચાલુ રહે તે માટે 2-2 નોટિકલ માઈલનો પહોળો ટ્રાન્ઝિટ લેન બનાવવામાં આવ્યો.

# 26/11 હુમલા સાથે જોડાયેલો આતંકી અબ્દુલ-અઝીઝનું મોત

## ઈસ્લામાબાદની રેસ્ટોરાંમાં જમ્યા બાદ મસ્જિદમાં નમાજ પઢવા જતો હતો, અચાનક જ ઢળી પડ્યો

**ઈસ્લામાબાદ, તા.10**

26/11 મુંબઈ આતંકી હુમલા સાથે સંકળાયેલા લશ્કર-એ-તૈયબાના આતંકવાદી કારી સઈદ અબ્દુલ-અઝીઝનું પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં મૃત્યુ થયું છે. રિપોર્ટ્સ અનુસાર, તે કુબા મસ્જિદની બહાર અચાનક પડી ગયો હતો, જેના પછી તેનું મૃત્યુ થયું.

એવું કહેવાય છે કે મસ્જિદ પહોંચતા પહેલા અઝીઝે એક રેસ્ટોરન્ટમાં ભોજન લીધું હતું. આ પછી નમાઝ માટે પહોંચતા તે અચાનક પડી ગયો. મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ નથી. પાકિસ્તાની અધિકારીઓએ પણ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

અઝીઝ પર 26 નવેમ્બર 2008ના મુંબઈ આતંકી હુમલાના ષડયંત્રમાં સામેલ હોવાનો આરોપ હતો. હુમલામાં લશ્કરના 10 આતંકવાદીઓએ મુંબઈના ઘણા ઠેકાણાઓને ટાર્ગેટ કર્યા હતા. આમાં 166 લોકોનાં મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા.

તેના પર લશ્કરના એક યુનિટને સંભાળવાનો પણ આરોપ હતો, જે આતંકવાદીઓ વચ્ચે સંચાર અને જમ્મુ-કાશ્મીરમાં માર્યા ગયેલા લશ્કરના આતંકવાદીઓના પરિવારોને આર્થિક મદદ સંબંધિત કામો જોતી હતી.

અઝીઝનું મૃત્યુ એવા સમયે થયું છે, જ્યારે છેલ્લા કેટલાક વર્ષોમાં પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા ઘણા આતંકવાદીઓ અને ઓપરેટિવ્સની રહસ્યમય રીતે હત્યાના સમાચાર સામે આવતા રહ્યા છે.

રિપોર્ટ્સ અનુસાર, અલગ-અલગ ઘટનાઓમાં 30 થી 40 લશ્કર ઓપરેટિવ્સ માર્યા ગયા છે. જોકે, આ ઘટનાઓ અને અઝીઝના મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

હાલ એ પણ સ્પષ્ટ નથી કે અઝીઝનું મૃત્યુ બીમારી કે અન્ય કોઈ કારણસર થયું. આ મામલે પાકિસ્તાની અધિકારીઓની સત્તાવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.

26 નવેમ્બર 2008ની રાત્રે દરિયા માર્ગે આવેલા 10 લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ મુંબઈમાં ઘણી જગ્યાએ હુમલો કર્યો. CST, તાજ હોટેલ, ઓબેરોય-ટ્રાઈડેન્ટ અને નરીમન હાઉસ મુખ્ય ટાર્ગેટ હતા.

29 નવેમ્બરની સવારે તાજ



હોટેલમાં છેલ્લા આતંકવાદીઓના માર્યા જવા સાથે ઓપરેશન સમાપ્ત થયું. બોમ્બે હાઈકોર્ટ અનુસાર, હુમલામાં 166 લોકોનાં મોત થયા હતા અને 238 લોકો ઘાયલ થયા હતા.

રાત્રે લગભગ 8 વાગ્યે: 10 આતંકવાદીઓ દરિયાઈ માર્ગે મુંબઈ પહોંચ્યા અને અલગ-અલગ ટીમોમાં વહેંચાઈ ગયા.

9:20 વાગ્યે: CST પર બે આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો.

9:30 વાગ્યે: લિયોપોલ્ડ કેફેને નિશાન બનાવવામાં આવ્યું.

9:40-9:45 વાગ્યે: તાજ હોટેલ અને ઓબેરોય-ટ્રાઈડેન્ટ પર હુમલો થયો. ઘણા લોકો અંદર ફસાઈ ગયા.

આ દરમિયાન: નરીમન હાઉસ પર પણ આતંકવાદીઓએ કબજો જમાવી લીધો.

CSTમાંથી નીકળેલા બંને આતંકવાદીઓ કામા હોસ્પિટલ તરફ આગળ વધ્યા. તેમનો પીછો કરી રહેલી પોલીસ ટીમ પર પણ હુમલો થયો.

આ દરમિયાન ATS ચીફ હેમંત કરકરે, એડિશનલ CP અશોક કામટે અને વરિષ્ઠ પોલીસ અધિકારી વિજય સાલસ્કર શહીદ થયા.

બાદમાં અજમલ કસાબ જીવતો પકડાયો, જ્યારે તેનો સાથી માર્યો ગયો.

હોટલો અને નરીમન હાઉસમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે પોલીસ, સેના, મરીન કમાન્ડો અને NSG એ ઓપરેશન શરૂ કર્યું.

તાજ અને ઓબેરોયને ઘેરીને આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી. નરીમન હાઉસમાં પણ કમાન્ડો ઓપરેશન ચાલ્યું.

ઓબેરોય-ટ્રાઈડેન્ટ અને નરીમન હાઉસમાંથી આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો.

નરીમન હાઉસ ઓપરેશનમાં NSG કમાન્ડો ગજેન્દ્ર સિંહ બિષ્ટ શહીદ થયા.

જોકે, તાજ હોટલમાં ઓપરેશન ચાલુ રહ્યું. કેટલાક આતંકવાદીઓ હજુ પણ અંદર હાજર હતા.

સવારે તાજ હોટલમાં NSGએ અંતિમ કાર્યવાહી શરૂ કરી. લગભગ સવારે 8 વાગ્યા સુધીમાં છેલ્લા ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા.

આ સાથે જ લગભગ 60 કલાક ચાલેલું 26/11નું આતંકવાદી ઓપરેશન સમાપ્ત થયું.

તપાસ અને અદાલતની કાર્યવાહીમાં સામે આવ્યું કે હુમલા પાછળ લશ્કર-એ-તૈયબાનું નેટવર્ક હતું.

લશ્કર-એ-તૈયબા જેવા આતંકી સંગઠનનું નેટવર્ક ફક્ત હુમલા કરનારા આતંકીઓ પૂરતું મર્યાદિત નથી હોતું. તેની પાછળ ભરતી, તાલીમ, સંચાર, ફંડ અને સંગઠન સાથે જોડાયેલા લોકોના પરિવારોની મદદ જેવા અલગ-અલગ કામ સંભાળનારા નેટવર્ક હોય છે.

## તંત્રી લેખ

# સત્રના છેલ્લા ચાર દિવસો સરકાર માટે અગત્યના

સંસદના ચોમાસુ સત્રના છેલ્લા ચાર દિવસો સરકાર અને વિરોધ પક્ષ માટે અગત્યના છે. શક્તિ પ્રદર્શનમાં કોણ આગળ રહે છે એના પર બધાની નજર છે. વિવિધ બીલ પસાર કરવા સરકાર સંખ્યા વધારવાની ચિંતામાં છે તો વિરોધ પક્ષો એકતા ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. બંને તરફ બેચેની એટલા માટે છે કે સિમાંકન તેમજ મહિલા અનામત બીલ નક્કી કરશે કે લોકસભાની બેઠકોની સંખ્યા ૫૪૩થી વધીને ૮૫૦ સુધી પહોંચી શકે છે કે નહીં. સરકારે બધા પત્તા હજી ખોલ્યા નથી અને વિરોધ પક્ષો પણ આ સસ્પેન્સને કારણે જાગૃત છે. સરકારે બુધવારનો એજન્ડા સાફ કરી દીધો છે, પરંતુ સોમવાર અને મંગળવાર બાબતે મૌન સેવ્યું છે. બુધવારે એફસીઆરએ બીલ પસાર કરવાની તૈયારી ચાલી રહી છે.

રાંચીમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનની સરખામણી જંતર મંતર પર થયેલા આંદોલન સાથે થાય છે. જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીએ કરેલા આંદોલનને મીડિયામાં બહોળો પ્રતિસાદ મળ્યો હતો. સરખામણીએ રાંચીના આંદોલનને બહોળી પ્રસિદ્ધિ મળી નથી. જોકે જંતર મંતરની માફક રાંચીમાં પણ એક સ્પષ્ટ રાજકીય અંડર કરંટ દેખાઈ રહ્યો છે. અહીં પણ રાજકીય ચહેરાઓ અને ટેકેદારો દેખાઈ રહ્યા છે. રાજકીય પક્ષોના નેતાઓ પણ દેખાય છે. સામાન્ય માણસો પણ ધીમે ધીમે અહીં આવી રહ્યા છે, કારણ કે વિદ્યાર્થીઓની માંગણી વ્યાજબી છે. જંતર મંતર પર પહેલી વખત જેન ઝીનો આક્રોશ દેખાયો હતો. એનાથી વિપરીત રાંચીના જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમમાં મોટે ભાગે ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરના લોકો વધુ દેખાઈ રહ્યા છે.

પશ્ચિમ બંગાળની ચૂંટણીના પરિણામો આવ્યાના ગણતરીના કલાકોમાં જ મુખ્યમંત્રી સુવેંદુ અધિકારીના અંગત સેક્રેટરી ચંદ્રનાથ રથની હત્યા થઈ હતી. એ વખતે એવો ઉહાપોહ થયો હતો કે, ટીએમસીના માણસોએ હારને કારણે હતાશ થઈને રથની હત્યા કરી છે. જોકે સમગ્ર કેસની તપાસ સીબીઆઈને આપવામાં આવી હતી. ત્યાર પછી આખો કેસ ભૂલાઈ ગયો હતો. હવે જ્યારે સીબીઆઈએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે ત્યારે હકીક બહાર આવી છે કે રથની હત્યાનું કાવતરૂ તો ૨૦૨૫ના ડિસેમ્બર મહિનામાં ઘડવામાં આવ્યું હતું. સમગ્ર મામલે સીબીઆઈએ ભાજપના ૨ કાર્યકરો સહિત બીજા ૯ આરોપીઓની પણ ધરપકડ કરી છે. રથની ઓફિસમાં જ કામ કરતા ભાજપના કાર્યકર સાગર સોનકર અને એના ભાઈ સાહીબ સોનકરની પણ ધરપકડ કરવામાં આવી છે.

તામિલનાડુના બે મોટા પક્ષો ડીએમકે અને એઆઈએડીએમકેએ મોટો નિર્ણય લીધો છે. લોકસભાની બેઠકોનું નવેસરથી સિમાંકન કરવાની કેન્દ્ર સરકારની યોજના પર ચર્ચા કરવા માટે મુખ્યમંત્રી જોસેફ વિજયએ એક બેઠક બોલાવી હતી અને એમાં તમામ પક્ષોના સાંસદોને આમંત્રીત કર્યા હતા. જોકે આ બંને પક્ષના સાંસદો આ મીટીંગમાં હાજર રહેવાના નથી. ડીએમકેના સાંસદો આ બેઠકથી દુર રહેવાનું કારણ એ છે કે, વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર પછી એના સંબંધ કોંગ્રેસ સાથે બગડી ગયા છે. રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે સિમાંકન બાબતે ડીએમકે એનડીએને મદદ કરશે. ડીએમકેના મહામંત્રી દુરઇ મુરઘનએ કહ્યું હતું કે ડીએમકે સિમાંકન બાબતે મીટીંગમાં તોજ ભાગ લેશે કે જ્યારે રાજ્ય સરકાર પહેલા મેકેદાતુ બંધ મુદ્દે પણ આજ પ્રકારની બેઠક બોલાવે. જાણીતા ગેંગસ્ટર અતિક અહેમદના પુત્ર અબાનનું મૃત્યુ ઝાંસી નજીક એક કાર અકસ્માતમાં થયું હતું. હવે પોલીસે આ કાર બાબતે જે જાહેરાત કરી છે એનાથી ઘણા ચોંકી ગયા છે. કારનું રજીસ્ટ્રેશન ખોટા સરનામે કરવામાં આવ્યું હતું. ૪ વર્ષમાં કારને ૧૬ વાર દંડવામાં આવી હતી. વારંવાર ઓવરસ્પીડીંગ બાબતે આ દંડ કરવામાં આવ્યો હતો. આ કાર મોહત્સિમગંજના નિવાસી મહોમદ જૈદના નામે હતી. એના સાસરા પક્ષ તરફથી આ કાર ભેટમાં આપવામાં આવી હતી. આરટીઓના રેકર્ડ પ્રમાણે કાર જે સરનામે રજીસ્ટર થઈ હતી એનો મકાન નંબર ૧૦૪ હતો.

યુવાનો ઉપર જ્યારે મોદી-શાહના મોઘમ ઈશારે બર્બરતા થઈ રહી હતી તે વખતે ભાગવત અને સંઘના અન્ય નેતાઓ મૌન કેમ હતા? જ્યારે દેશની સૌથી મોટી યુનિવર્સિટીઓમાં, શેરીઓમાં અને પરીક્ષા કેન્દ્રો બહાર નિર્દોષ વિદ્યાર્થીઓ પર પોલીસ રાક્ષસી બળપ્રયોગ કરતી હતી, જ્યારે તેમના માથા ફોડવામાં આવતા હતા, ત્યારે ભાગવત કઈ ગુફામાં ભરાઈ ગયા હતા? : નાગપુરથી દરરોજ એક કેસેટ વાગ્યા કરે છે જેમાં જણાવાય છે કે, અમારે ભાજપ કે તેની સરકારોની રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી

# સંઘમાં હેડગેવારના મૂલ્યો મરી પરવાર્યા છે! સંઘને સુધારવા જેન-ઝી જરૂરી

## સેવા, સદભાવ અને સમરસતા માટે શરૂ થયેલા સંઘને હવે સત્તા, સંપત્તી અને સુરક્ષામાં વધારે રસ પડી રહ્યો છે

યુવાનો ઉપર જ્યારે મોદી-શાહના મોઘમ ઈશારે બર્બરતા થઈ રહી હતી તે વખતે ભાગવત અને સંઘના અન્ય નેતાઓ મૌન કેમ હતા? જ્યારે દેશની સૌથી મોટી યુનિવર્સિટીઓમાં, શેરીઓમાં અને પરીક્ષા કેન્દ્રો બહાર નિર્દોષ વિદ્યાર્થીઓ પર પોલીસ રાક્ષસી બળપ્રયોગ કરતી હતી, જ્યારે તેમના માથા ફોડવામાં આવતા હતા, ત્યારે ભાગવત કઈ ગુફામાં ભરાઈ ગયા હતા? : નાગપુરથી દરરોજ એક કેસેટ વાગ્યા કરે છે જેમાં જણાવાય છે કે, અમારે ભાજપ કે તેની સરકારોની રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી. વર્તમાન સમયમાં દેશમાં ચારેકોર નજર કરીએ તો દેશના વડા પ્રધાન, ગૃહમંત્રીથી માંડીને ભાજપ સરકારમાં રહેલા ૮૦ ટકાથી વધુ મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને સત્તાધારીઓ સંઘના જ સ્વયંસેવકો છે. તેઓ સંઘની શાખાઓથી જ સત્તાના સિંહાસન સુધી પહોંચ્યા છે : મોહન ભાગવતના મતે સિસ્ટમમાં સુધારા માટે જેનઝી આંદોલન થયું હતું પણ હકિકતે સંઘના સુધારા માટે, મોહન ભાગવતની વિચારધારાના સુધારા માટે વધુ એક જેન ઝી આંદોલનની જરૂરિયાત છે.

આ દેશનો યુવા વર્ગ જ્યારે પોતાના હક, પોતાના શિક્ષણ અને રોજગાર માટે રસ્તા પર ઉતરે છે અને તેના પર પોલીસની બર્બર લાઠીઓ વરસે છે, ત્યારે સત્તાના નશામાં ચૂર શાસકો અને તેમની પાછળ દોરીસંચાર કરતા આકાઓ મૌન ધારણ કરીને બેસી રહે છે. પરંતુ જ્યારે તે જ યુવાનોનો આક્રોશ વંટોળ બનીને આખી સત્તાને હચમચાવી મૂકે, ત્યારે અચાનક નાગપુરના મુખ્યાલયમાંથી યુવા ક્ષમતા અને લોકશાહીની જીતના બુલંદ નગારા વાગવા લાગે છે! આ નારા જ્યારે સાંભળીયે ત્યારે અનુભવાય છે કે, સંઘમાં હવે હેડગેવારના મૂલ્યો મરી પરવાર્યા છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે અચાનક જેન-ઝી અને યુવા પેઢીની તાકાતની પ્રશંસા કરવાના દોર શરૂ કર્યા છે. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લઈ લેવાથી જાણે દેશની લોકશાહી બચી ગઈ હોય અને યુવાનોની તમામ સમસ્યાઓનો અંત આવી ગયો હોય તેવો પોકળ માહોલ ઊભો કરવામાં આવી રહ્યો છે. દેશની પ્રજાને એ ખબર પડી નથી કે, ધર્મેન્દ્ર પ્રધાનને ખસેડીને તેમના સ્થાને જેમને શિક્ષણ સોંપવામાં આવ્યું છે તે સંઘના જ કદાવર નેતા છે. વાસ્તવિકતા એ છે કે આ નિવેદનબાજી અને દેખાડા માત્ર ને માત્ર દેશના રાજકીય મંચ પર ખેલાઈ રહેલી એક કપટી અને ડબલ ગેમ છે.

યુવાનોના આંદોલન અને તેમની તાકાતનો જશ ખાટવા આજે મોહન ભાગવત સૌથી આગળ આવીને ઊભા રહી ગયા છે. પરંતુ દેશના યુવાનોએ મોહન ભાગવત અને સંઘના નેતાઓને કેટલાક સીધા અને આકરા સવાલો પૂછવાની જરૂર છે. યુવાનો ઉપર જ્યારે મોદી-શાહના મોઘમ ઈશારે બર્બરતા થઈ રહી હતી તે વખતે ભાગવત અને સંઘના અન્ય નેતાઓ મૌન કેમ હતા? જ્યારે દેશની સૌથી મોટી યુનિવર્સિટીઓમાં, શેરીઓમાં અને પરીક્ષા કેન્દ્રો બહાર નિર્દોષ વિદ્યાર્થીઓ પર પોલીસ રાક્ષસી બળપ્રયોગ કરતી હતી, જ્યારે તેમના માથા ફોડવામાં આવતા હતા, ત્યારે ભાગવત કઈ ગુફામાં ભરાઈ ગયા હતા? ભાગવતને દેશના યુવાનોની આટલી જ ચિંતા હતી તો, સરકારી દમન પર એક શબ્દ પણ કેમ બોલાયો નહીં? દેશના યુવાનોના ભવિષ્યને ધૂળધાણી કરતા પેપર લીક કૌભાંડો અને બેરોજગારીના રાક્ષસ સામે જ્યારે આખી યુવા પેઢી તરફડિયા મારતી હતી, ત્યારે સંઘના આ નૈતિક માર્ગદર્શકો એ ભાજપ સરકારના કાન કેમ ન આમળ્યા?

જાણકારો માને છે કે, હવે અચાનક ભાગવતજીને યુવાનોની ક્ષમતા યાદ આવી ગઈ! આ પ્રેમ નથી, આ યુવાનોના લોહી-પરસેવાથી ઊભા થયેલા



આંદોલનના પરિણામનો ખજાનો છે જેને આ સેવાના નામે મેવા ખાનારા લૂંટવા આવ્યા છે. આમ જોવા જઈએ તો આવું કરવું એ દાયકાઓથી સંઘની જૂની આદત જ છે. જ્યારે દેશમાં કોઈપણ આંદોલન ચાલતું હોય ત્યારે સત્તાના છત્ર છાયામાં છુપાઈ જવું, અને જ્યારે આંદોલન સફળ થાય ત્યારે તેનો જશ ખાટવા માટે પોતાના ઝંડા લઈને મેદાનમાં કૂદી પડવું.

જાણકારોના મતે સંઘ ભાજપ સરકારની વહીવટી નિષ્ફળતાઓની જવાબદારી પોતાના શિરે લેવા માંગતો નથી. ભાગવતના નિવેદને સંઘને સરકારના રક્ષક તરીકે નહીં પરંતુ સમાજના અવાજ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો. હકિકતે સંઘને યુવા મતબેન્ક અને ભવિષ્યની ચિંતા છે. સંઘે અનુભવ્યું કે જો તે યુવાનોના આક્રોશથી અંતર જાળવી રાખશે, તો નવી પેઢી સંપૂર્ણપણે તેનાથી વિમુખ થઈ જશે. સંઘ માટે નવી પેઢીને જોડવી અતિ મહત્વપૂર્ણ છે. તેના કારણે જ સંઘ આવા ગતકડા કરીને સરકાર ઉપર દબાણના નામે યુવાનોને સાધી રહ્યો છે જેથી ભવિષ્યની ચૂંટણીમાં પણ સંઘ ઉપરના વિશ્વાસના નામે અને ભાજપ ઉપર દબાણ લાવવાના નામે યુવા મત અંકે કરી શકાય અને મોટી વોટબેંક ઊભી કરી શકાય.

આ ઉપરાંત દાયકાઓથી સંઘ અને તેના વડાઓ દ્વારા વધુ એક તીકડમ કરવામાં આવે છે. નાગપુરથી દરરોજ એક કેસેટ વાગ્યા કરે છે જેમાં જણાવાય છે કે, અમે તો માત્ર સાંસ્કૃતિક અને સામાજિક સંગઠન છીએ. અમારે ભાજપ કે તેની સરકારોની રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી. આનાથી મોટું, અસત્ય વિધાન આ દેશમાં બીજું કોઈ હોઈ શકે જ નહીં. જો સંઘને ભાજપ સાથે લેવાદેવા નથી, તો પછી દેશના તમામ બંધારણીય અને સરકારી માળખા પર સંઘીય વિચારધારાના લોકોને કેમ ગોઠવવામાં આવ્યા છે?

વર્તમાન સમયમાં દેશમાં ચારેકોર નજર કરીએ તો દેશના વડા પ્રધાન, ગૃહમંત્રીથી માંડીને ભાજપ સરકારમાં રહેલા ૮૦ ટકાથી વધુ મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને સત્તાધારીઓ સંઘના જ સ્વયંસેવકો છે. તેઓ સંઘની શાખાઓથી જ સત્તાના સિંહાસન સુધી પહોંચ્યા છે. આ ઉપરાંત દેશની ઘણી યુનિવર્સિટીઓમાં કુલપતિ બનનારા પાસે શૈક્ષણિક લાયકાતની સાથે સાથે સંઘનું સર્ટિફિકેટ પણ છે. તેવી જ રીતે વિવિધ રાજ્યોના રાજભવનોને સંઘના નિવૃત્ત અને પરાણે સાચવવા પડે તેવા નેતાઓના જાણે કે આરામગૃહ બનાવી દેવાયા છે. દેશના મોટાભાગના બંધારણીય પદો ઉપર સંઘના જ કાર્યકર્તાઓ રહેલા નેતાઓ છે. તે ઉપરાંત નફો કરનારા સરકારી સાહસો, બોર્ડ-નિગમોના વડા તરીકે પણ સંઘના વફાદારોની જ નિમણુક કરવામાં આવી છે. આ બધું જ હોવા છતાં, જ્યારે ભાજપ સરકારના ભ્રષ્ટાચાર, નિષ્ફળતાઓ અને અત્યાચારો સામે પ્રજાનો આક્રોશ ફાટી નીકળે છે, ત્યારે સંઘીય નેતાઓ મોં છુપાવીને કહી દે છે કે 'અમારે સરકાર સાથે કોઈ લેવાદેવા નથી.'

લોકોમાં હવે ચર્ચા ચાલી છે કે, આટલો મોટો દંભ અને આટલી હલકી કક્ષાની રાજનીતિ માત્ર સંઘ જ કરી શકે! પ્રજામાં ચર્ચા છે કે, જે સંઘ એક સમયે 'ત્યાગ, સમર્પણ અને સાદગી'ના ધોતી-કુર્તા પહેરીવાની વાતો કરતો હતો, હેડગેવાર અને ગુરુજીના મૂલ્યોનું અનુસરણ કરતો હતો તે સંઘ આજે સત્તાના અતિ-વૈભવ અને અપરંપરાગત સંપત્તિના નશામાં છાકટો બન્યો છે. ખાસ કરીને 'મોદીકાળ'માં સંઘનો જે ભૌતિક વિકાસ થયો છે, તે જોઈને ઈતિહાસ પણ શરમાઈ જાય છે! દિલ્હીના ઝંડેવાલાન ખાતે અંદાજે ૧૫૦ કરોડના ખર્ચે કેશવકુંજ બનાવાયું છે. તેવી જ રીતે નાગપુરનું મુખ્યાલય પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. સૌથી મોટો સવાલ જ એ છે કે, આ હજારો કરોડ રૂપિયા સંઘ પાસે ક્યાંથી આવ્યા? સંઘ કોઈ રજિસ્ટર્ડ રાજકીય પક્ષ નથી કે જેના ઓડિટ રિપોર્ટ જાહેર થાય. તે કઈ રીતે ફંડ એકઠું કરે છે? આ દેશના કયા અબજોપતિઓ સંઘના ચરણોમાં આ પૈસા ધરે છે? આ દેશમાં સંઘને સવાલ પૂછવાની હિંમત કોઈની નથી અને તેનો જવાબ આપવાની નૈતિકતા સંઘ પાસે નથી. વાતો એવી કરાય છે કે, સ્વયંસેવકોએ ઘરે ઘરે જઈને ફાળો ઉઘરાવ્યો પણ તેની વાસ્તવિકતા ક્યારેય સામે આવે તેમ નથી. તેનાથી પણ આગળ વાત કરીએ તો દેશના કરદાતાઓના કરોડો રૂપિયા મોહન ભાગવતની ઢ+ સુરક્ષા પાછળ વેડફાઈ રહ્યા છે. મોહન ભાગવત કોઈ બંધારણીય પદ પર નથી, કોઈ ચૂંટાયેલા જનપ્રતિનિધિ નથી. છતાં અમિત શાહે આપેલી કેન્દ્રીય સુરક્ષા વ્યવસ્થા હેઠળ તેઓ લાખો-કરોડોની બુલેટપ્રૂફ ગાડીઓના કાફલામાં ફરે છે. જો ભાગવતજી ખરેખર નિસ્વાર્થ દેશસેવા જ કરી રહ્યા હોય, તો તેમણે આ દેશમાં કોનાથી ડરવું પડે છે? સંઘના વડાને પોતાના જ દેશના લોકોથી આટલો બધો ડર કેમ લાગે છે? ગરીબ અને મધ્યમ વર્ગના ટેક્સના પૈસા પર મોહન ભાગવત આ સત્તાકીય સુરક્ષા અને સુવિધાઓનો ભરપૂર આનંદ માણી રહ્યા છે.

હકિકત એવી છે કે, મોદી અને ભાગવત એકબીજાની દુ:ખતી નસ જાણે છે. તેઓ એકબીજાનો વિરોધ પણ કરે છે અને સાચવે છે પણ ખરા. મોદી જાણે છે કે, સંઘના વડાને અને કાર્યકર્તાઓને સુખ-વૈભવ આપો, સુવિધાઓ આપો,ગાડીઓના કાફલા આપો અને લક્ઝુરિયસ ટ્રીટમેન્ટની લોલિપોપ આપ્યા કર્યો તો તેઓ મુંગામોઢે મમળાવ્યા કરશે.

આ વખતે જેનઝી આંદોલનના કારણે ભાજપના પગતળેથી જમીન ખસવા લાગી એટલે ભાગવતે મોઢામાંથી સુખની સાકર બહાર કાઢીને સુધારાની કડવી વાતો કરી. લોકોને હજી એ નથી સમજાતું કે, સંઘના વડા દ્વારા કરવામાં આવેલી વાતો ખરેખર દેશના સુધારા અને ફાયદા માટે હતી કે, પછી મોદી સાથે બેસીને રચાયેલી સ્ક્રીપ્ટેડ ભાગવત કથા હતી.

જાણકારોના મતે ભારતીય ધર્મગ્રંથોમાં જેમ બનાવટી વાસુદેવ અને ભગવાન શ્રી કૃષ્ણનું કથાનક આવે છે અને અંતે બનાવટી વાસુદેવ અને ભગવાન થઈને ફરતા એ વ્યક્તિનો અંત આવે છે તેવો જ એક સ્ક્રીપ્ટેડ મેલોડ્રામ સંઘવડા મોહનની પોતાની ભાગવત કથામાં ભજવવામાં આવે છે. ભાજપના નેતાઓ પણ તેના આધારે ધતિંગો કરીને લોકોની આંખોમાં ધૂળ નાખે છે. ઉલ્લેખનીય છે કે, મોહન ભાગવત વારંવાર જાહેરમાં આવીને એવું નાટક કરે છે કે તેઓ નરેન્દ્ર મોદી કે અમીત શાહની સરકારથી ખુશ નથી. તેઓ ક્યારેક 'અહંકાર' પર ભાષણ આપે છે, તો ક્યારેક ભાજપને 'સુધરવાની' સલાહ આપે છે. પરંતુ આ બધું એક સ્ક્રીપ્ટેડ ડ્રામા સિવાય કશું જ નથી. વાસ્તવિકતા એ છે કે, જો મોહન ભાગવત અને સંઘ ખરેખર ભાજપની નીતિઓથી નારાજ હોય, તો તેઓ માત્ર ૨૪થી ૪૮ કલાકની અંદર ભાજપ સરકારના સમીકરણો બદલી નાખવાની તાકાત ધરાવે છે. તેઓ ધારે તો નરેન્દ્ર મોદી કે અમિત શાહની સત્તાના પાયા એક ઝાટકે હલાવી શકે છે. પરંતુ તેઓ એવું ક્યારેય નહીં કરે! કારણ કે નરેન્દ્ર મોદી - મોહન ભાગવત દ્વારા રચાયેલી એક નવી સ્ક્રીપ્ટેડ 'ભાગવત કથા' છે.

# સફળતાનો રસ્તો તડકામાંથી અને શાંતિનો રસ્તો મૌનમાંથી પસાર થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

દરેક માણસ જીવનમાં બે વસ્તુ શોધે છે.એક સફળતા અને બીજી શાંતિ. સફળતા વગર જીવન અધૂરું લાગે છે, અને શાંતિ વગર સફળતા પણ કડવી લાગે છે.પણ રસની વાત એ છે કે આ બંનેનો રસ્તો એક નથી. સફળતાનો રસ્તો બહારની દુનિયા માંથી જાય છે જ્યાં તડકો છે, પવન છે, તોફાન છે.અને શાંતિનો રસ્તો અંદરની દુનિયામાંથી જાય છે જ્યાં મૌન છે,સહનશીલતા છે,સમજ છે. આજે બે નાની વાર્તાઓ દ્વારા આ જ બે સત્યોને સમજવાનો પ્રયાસ કરીએ. એક વાર્તા આપણને કહે છે કે મોટા કેવી રીતે બનવું, અને બીજી વાર્તા કહે છેકે સારા કેવી રીતે રહેવું.

ઉનાળાની રજાઓ હતી. આઠવર્ષનો છોકરો ગામમાં દાદાને મળવા આવ્યો.તેના મનમાં એક સવાલ હતો. તેણે ઉત્સાહથી દાદાને પૂછ્યું, 'દાદા, જ્યારે હું મોટો થઈશ ત્યારે હું ખૂબ સફળ માણસ બનવા માંગુ છું.મને સફળ થવાની ટિપ્સ આપો.'

દાદાએ કંઈ કહ્યું નહીં.બસ છોકરા નો હાથ પકડીને નજીકની નર્સરીમાં થી બે નાના રોપા લઈ આવ્યા. એક રોપો ઘરની બહાર ખુલ્લી જમીનમાં વાવ્યો, અને બીજો ઘરની અંદર એક સુંદર કુંડામાં મૂક્યો.પછી દાદા એ પૂછ્યું, 'બેટા, તને શું લાગે છે, આ બેમાંથી કયો છોડ ભવિષ્યમાં વધુ સફળ થશે?'

છોકરાએ તરત જવાબ આપ્યો, 'અંદરવાળો દાદા. કારણ કે તે દરેક જોખમથી સુરક્ષિત છે.બહારવાળા ને તો કડકો તડકો, વાવાઝોડું અને પ્રાણીઓનો ડર છે.'

દાદા હસ્યા અને કહ્યું,'ચાલો જોઈએ શું થાય છે.'સમય વીત્યો. વેકેશન પૂરું થયું અને છોકરો શહેર પાછો ગયો.દાદા બંને છોડની સરખી કાળજી લેતા રહ્યા.લગભગ છ- સાત વર્ષ પછી છોકરો ફરી ગામ આવ્યો. હવે તે યુવાન થઈ ગયો હતો. તેણે દાદાને કહ્યું, 'દાદા, છેલ્લી વાર તમે મને સફળતાની ટિપ્સ નહોતી આપી. આજે આપો.'

દાદા તેને પહેલા ઘરની અંદર લઈ ગયા. કુંડાનો છોડ હવે એક સુંદર, વ્યવસ્થિત વૃક્ષ બની ગયો હતો. છોકરો ખુશ થયો અને કહ્યું, 'જોયું, મેં કહ્યું હતું ને આ જ સફળ થશે.' દાદા તેને બહાર લઈ ગયા. ત્યાં એક વિશાળ વૃક્ષ ગર્વથી ઉભું હતું. તેની ડાળીઓ ચારે બાજુ ફેલાયેલી હતી. રસ્તે જતા લોકો તેની ઠંડી છાયામાં બેસીને આરામ કરતા હતા. દાદાએ પૂછ્યું, 'હવે કહે, કયો વધુ સફળ છે?' છોકરો અવાચક બની ગયો. પછી બોલ્યો, 'આ બહારવાળો... પણ એ કેવી રીતે શક્ય છે?'

દાદાએ તેના ખભા પર હાથ મૂક્યો અને કહ્યું, 'દીકરા, પડકારોનો સામનો કરવાથી જ શક્તિ આવે છે. બહારના વૃક્ષને પોતાના મૂળ ગમે ત્યાં ફેલાવવાની સ્વતંત્રતા મળી, આકાશ સુધી પહોંચવાની તક મળી. એટલે તે મોટું બન્યું. યાદ રાખ, જો તું હંમેશા સલામત રસ્તો જ પસંદ કરશે તો તું ક્યારેય તારી પૂરી ક્ષમતા સુધી નહીં પહોંચી શકે. પણ જો તું જોખમો છતાં દુનિયાનો સામનો કરશે, તો તારા માટે કોઈ લક્ષ્ય અશક્ય નહીં રહે.' છોકરાએ તે વિશાળ વૃક્ષ સામે જોયું. તે દિવસે તેણે સફળતાનો સૌથી મોટો પાઠ શીખી લીધો. હંમેશા સલામતીમાં ન રહો, જોખમ લો અને જીવનને મહાન બનાવો. એક સ્ત્રી હતી. તેને જરા જેટલી વાતે ગુસ્સો આવી જતો. આખું ઘર તેનાથી પરેશાન હતું. ઝઘડા, કડવા શબ્દો અને તણાવનું વાતાવરણ રહેતું.

એક દિવસ એક ઋષિ તેના ઘરે આવ્યા. સ્ત્રીએ પોતાની સમસ્યા કહી, 'મહારાજ, હું મારા ગુસ્સાને કાબૂમાં રાખી શકતી નથી. કોઈ ઉપાય આપો.'

ઋષિએ થેલીમાંથી એક નાની બોટલ કાઢી આપી. કહ્યું, 'જ્યારે પણ ગુસ્સો આવે, આ બોટલમાંથી ચાર ટીપાં જીભ પર મૂકી દેજે. અને દશ મિનિટ સુધી એક શબ્દ પણ ન બોલીશ.નહીંતર દવા કામ નહીં કરે. સ્ત્રીએ એમ જ કર્યું. ગુસ્સો આવે એટલે તે પાણીના ટીપાં મૂકે અને ચૂપ બેસી રહે. માત્ર સાત દિવસમાં જ ચમત્કાર થયો. ઘરમાં શાંતિ આવી ગઈ. અઠવાડિયા પછી ઋષિ પાછા આવ્યા.સ્ત્રી તેમના પગે પડી અને કહ્યું, 'આપની દવાએ મારો ગુસ્સો દૂર કરી દીધો.'

ઋષિ હસ્યા અને બોલ્યા, 'દીકરી, એ બોટલમાં દવા નહોતી. માત્ર સાદું પાણી હતું. સાચી દવા તારું મૌન હતું.'ક્રોધની ક્ષણે આપણે એવા શબ્દો બોલી દઈએ છીએ જે પાછા નથી આવતા.તે સંબંધોમાં ઘા કરેછે. મૌન તે ઘાને થતો અટકાવે છે.દશ મિનિટનું મૌન ગુસ્સાના મોટા તોફાન ને પણ શાંત કરી દે છે. બહારનું વૃક્ષ આપણને શીખવે છે કે વિકાસ માટે અસ્વસ્થતા જરૂરી છે. કુંડામાં રહેવું સરળ છે. ત્યાં બધું મળે, પણ ત્યાં આકાશ નથી. ઈશ્વરે આપણને પણ કુંડા માટે નથી બનાવ્યા. આપણા મૂળ જમીન માંગે છે. નિષ્ફળતા, ટીકા, સંઘર્ષ આ બધું જ ખાતર છે. જે તેને સહન કરે છે તે જ આખરે બીજાને છાયા આપી શકે છે.

અંદરનું પાણી આપણને શીખવે છે કે સંબંધો માટે સંયમ જરૂરી છે. બહાર ગમે તેટલા મોટા બનો,પણ જો અંદર મૌન નહીં હોય તો તમે પોતાના જ શબ્દોથી બધું તોડી નાખશો.ગુસ્સો એ અંદરનુંવાવાઝોડું છે. મૌન એ શાંતિનું પાણી છે.

સંતોએ કહ્યું છે, જે વ્યક્તિ બહાર કામ કરવામાં વૃક્ષ જેવી મજબૂત અને અંદર વર્તનમાં પાણી જેવી શીતળ હોય છે, તેનું જીવન જ સૌથી સફળ અને શાંત હોય છે.

જીવનમાં આને કેવી રીતે ઉતારવું સફળતા માટે નવા કામથી ડરો નહીં. નિષ્ફળતાના ડરથી કુંડામાં બેસી ન રહો. નાની શરૂઆત કરો. ભૂલો થશે, પણ દરેક ભૂલ તમને વધુ મજબૂત બનાવશે. બહારના વૃક્ષની જેમ તડકો સહન કરવાની હિંમત રાખો.

શાંતિ માટે ગુસ્સો આવે ત્યારે તરત બોલો નહીં.દશ સુધી ગણો, પાણી પીઓ,જગ્યા બદલો.ઋષિની બોટલ ને યાદ રાખો.જે વાત દશ મિનિટ પછી કહેવા જેવી ન લાગે,તે કદાચ કહેવા જેવી જ નથી.

પરિવારમાં પણ આ જ નિયમ છે. બાળકોને સલામત રાખવાની ઈચ્છા સારી છે, પણ તેમને ઉડવા પણ દો. અને જ્યારે તેઓ ભૂલ કરે ત્યારે ગુસ્સાને બદલે મૌન અને પ્રેમથી સમજાવો.

જીવનના અંતે આપણે બે વસ્તુ પાછળ છોડીએ છીએ.આપણું કામ અને આપણા સંબંધો.બહારનું વિશાળ વૃક્ષ આપણા કામનું પ્રતીક છે. તે જેટલું મોટું થશે,તેટલા લોકો ને તેનો લાભ મળશે.અંદરનું મૌન આપણા સંબંધોનું પ્રતીક છે.તે જેટલું ઊંડું હશે, તેટલા સંબંધો મીઠા રહેશે. તેથી આ બે વાત ગાંઠ બાંધી લો. સફળતાનો રસ્તો તડકામાંથી પસાર થાય છે.તડકો સહન કર્યા વગર છાયા નથી મળતી.અને શાંતિનો રસ્તો મૌનમાંથી પસાર થાય છે. મૌન રાખ્યા વગર મીઠાશ નથી મળતી.જે આ બંનેને જીવનમાં ઉતારી લે છે, તેનું જીવન ખરેખર સફળ પણ બને છે અને સુંદર પણ બને છે.

# સ્વયં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે શરણાગતિ વગર માયાનાં આવરણને પાર કરી શકાતું નથી!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભગવાન શંકરનો શ્રાવણ આવે છે, અને લોક સમુહ ભગવાન શંકરને જુદી જુદી રીતે આરાધશે! એનો મૂળ સ્વભાવ ભોળો છે, એ પણ એક કારણ છે કે શ્રાવણમાં ભક્તિ પરાકાષ્ઠાએ હોય છે. ભગવાન શંકર ત્રિગુણાતિત છે! જોકે આમ તો આ પંચદેવનાં પાંચેય પરમ તત્વની લાક્ષણિકતા છે. ત્રિગુણાતિત એટલે સત્વ, રજસ અને તમસ આ ત્રણેય ગુણોથી પર હોવું! અને એ શિવ જ થઈ શકે જીવ માટે એ અત્યંત અઘરી ઉપલબ્ધિ છે. પરંતુ શંકર સાથે જોડવાનું કારણ એટલું જ છે કે, એને ભક્તનાં સત્વ, રજસ કે તમસ ગુણ અને એનાથી થતાં સારાં ખરાબ કર્મની સ્મૃતિ રહેતી નથી, અને એ ભોળાં ભાવે એની સમસ્યા ઉકેલી આપે છે, અથવા તો વરદાન રુપે ફળ આપે છે. ભગવત્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પણ અર્જુનને આ ત્રિગુણથી પર રહેવા સૂચવે છે! પરંતુ સવાલ એ છે કે શું આ શક્ય છે? જીવની ગમે તેટલી જાગૃતિ હોય, તો પણ ત્રિગુણાતિત થવું સ્વ બળે શક્ય જ નથી! અને એનું પણ એક કારણ છે કે, સત્વ, રજસ અને તમસ આ ત્રણેય ગુણો વડે જ માયાનું જગત રચાય છે! અને એનો વિસ્તાર આપણે આગળ જોઈશું! પણ કહેવાનું તાત્પર્ય એ છે કે, આ ત્રણેય ગુણોથી રચાતી માયા જ આપણા પગની ઝંઝીર બને છે, અને જે પરમ તત્વની શરણાગતિને મૌખિક સુધી જ રાખે છે, જો શરણાગતિ મૌલિક બને તો જ પરિણામ સુધી એટલે કે પરમ તત્વ સુધી પહોંચી શકાય! અને આવું જ જ્ઞાન ભગવાન અર્જુનને આપે છે, અને જે કહે છે, એ શ્રીમદ ભગવદ ગીતાનાં સાતમાં અધ્યાયના 13/14 માં શ્લોકનો ગૂઢાર્થ છે! જેને વિશે આપણે ચિંતન કરીશું.

ત્રિભિર્ગુણમયૈર્ભાવૈરેભિ: સર્વમિદં જગત્ ।
મોહિતં નાભિજાનાતિ મામેભ્ય: પરમવ્યયમ્॥૧૩ ત્રણ ગુણોથી એટલે કે સત્ત્વ, રજસ અને તમસથી ઉત્પન્ન થયેલાં વિવિધ ભાવોથી આ સમગ્ર જગત મોહિત થઈ ગયું છે. તેથી લોકો આ ત્રણ ગુણોથી પર, અવિનાશી અને સર્વોચ્ચ એવાં મને ઓળખી શકતાં નથી.

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥ ૧૪

મારી આ દૈવી અને ત્રણ ગુણોથી બનેલી માયા અત્યંત દુસ્તર છે; તેને પાર કરવી સહેલી નથી. પરંતુ જે લોકો માત્ર મને જ શરણાગત થાય છે, તેઓ આ માયાને પાર કરી જાય છે.

બાહ્ય જગતની માયા તો હજી કળી શકાય છે, પરંતુ મૂળમાં તો આંતર જગતની માયાનો મજબૂત વિસ્તાર જ બાહ્ય જગતની માયાને બઢાવો આપે છે, માટે એનું સ્વરૂપ સમજવું પડે. આપણે આ વાતને એક ઉદાહરણ પરથી સમજીએ, જેમ કે કોઈ એક વ્યક્તિ ગુલાબનો છોડ વાવે, યોગ્ય દેખરેખથી થોડા જ સમયમાં વૃદ્ધિ દેખાય છે! છોડનો ઉછેર કરવો એ સત્વ ગુણનું કારણ છે, પરંતુ ગુલાબનાં છોડમાં ફૂલ આવે ત્યારે મેં છોડ ઉગાડ્યો, અને ઉછેર્યો, એ ભાવ સત્વની માયાનાં મૂળિયાં છે, જે જમીનની અંદર વિસ્તરે છે, અને દિવસે દિવસે વધતાં, મારો છોડ અને મારા ફૂલ એમ 'મેં' માંથી 'મારું'! હવે એ ફૂલછોડ માંથી કોઈ ફૂલ તોડે એટલે કે વારંવાર લેવાં માંગે તો, એને મારવાં સુધીનો તમસ ગુણ પણ શક્ય છે. હકીકતમાં નરસિંહ કહે છે એમ છોડમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, એમ છોડ વાવ્યાં પછીની આંખી પ્રક્રિયા કુદરતી છે, અને છતાં જીવને એનો જશ લેવો છે, અને આમ માયા બાહ્ય જગતમાં ફળ, ફૂલ, રુપે મોહિત કરે છે, અને જમીનની અંદર એક માંથી બે, એમ મૂળ વધતાં જ જાય છે. ગુલાબની બદલે આંબાનું વૃક્ષ હોય તો, બાહ્ય જગતમાં કેરી અને મૂળનો વિસ્તાર ઘણીવાર ઘર સુધી પહોંચીને વિનાશ પણ કરી શકે છે! એટલે કે સત્વ ગુણ પણ આગળ જતાં રજસ અને તમસની માયાનું મૂળ બની શકે! એટલે ઘણીવાર આપણું જ્ઞાન (સત્વ) પણ અજ્ઞાન બનીને આંતર જગતમાં એટલું વિસ્તરે છે, કે આપણાં ભાવ છેક સુધી સાત્વિક રહી શકતાં નથી. આમ 13/14 બંને શ્લોકમાં ભગવાન સ્પષ્ટ રીતે અર્જુનને એટલે કે ભોગી અને સંસારી જીવને ચેતવતા કહે છે કે, મોહ, માયા રુપેનું અજ્ઞાન સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણો થકી જ ઉદભવે છે અને એ જ દેહ પ્રકૃતિનાં બંધનરૂપ છે! એટલે કે એ અજ્ઞાન જ નથી ઈશ્વરીય સત્તાને સ્વીકારવા દેતું, કે નથી મૃત્યુ ને સહજતાથી સ્વીકારી શકતું. મનુષ્ય જ્યારે પોતાનાં શરીર, મન, વિચારો, સુખ, દુઃખ, ઈચ્છાઓ અને કર્મોને જ પોતાનું સાચું સ્વરૂપ માની લે છે, ત્યારે તે ગુણોથી ઉપર રહેલાં પરમાત્માને ઓળખી શકતો નથી, અને "હું શરીર છું", "હું કર્તા છું", "આ મારું છે" એવી આસક્તિ આપણને પરમ સત્યથી દૂર રાખે છે! અને આજ કારણથી ભજનિકો કહે છે, માયા મેલી દે, પરંતુ હકીકતમાં માયા તો શણગાર સજીને આવે છે, એટલે જીવ એનાથી આકર્ષિત થઇ જાય છે, અને એને છોડવાની બદલે માયા માં વધુને વધુ ખૂંપે છે. ભગવાન 14 માં શ્લોકમાં કહે છે એમ જ્યારે સાધક શરણાગત થાય ત્યારે ગુણોથી પર પોતાનાં આત્મસ્વરૂપને ઓળખવા લાગે છે, અને પરમાત્માની અનુભૂતિનો માર્ગ ખુલવા લાગે છે. માયા એટલે માત્ર બહારનું જગત નહીં, પરંતુ આંતર જગતમાં પણ એટલી જ વ્યાપે છે, જે પરમાત્માને ભૂલાવીને નામ, રૂપ, શરીર, મન અને વિષયોમાં જ સત્ય દેખાડતી સ્વભાવ પ્રકૃતિની શક્તિનાં સુક્ષ્મ તાંતણા રૂપે આખું ભાવ વિશ્વ ગૂંથે છે, અને જીવ પોતાનાં મૂળ આત્મસ્વરૂપને ભૂલી જાય છે. પરંતુ ભગવાન એક માર્ગ સૂચવે છે શરણાગતિનો. "મામેવ યે પ્રપદ્યન્તે" એટલે જે લોકો સંપૂર્ણ પણે મારી શરણમાં આવે છે, એ આ માયાને પાર કરી જાય છે. પણ શરણમાં આવવું એનો અર્થ માત્ર મોઢેથી ભગવાનનું નામ લેવું એટલો નથી; 'હું પણું' સમાપ્ત કરી, ફળની આસક્તિ છોડીને પોતાનું જીવન પરમાત્માને અર્પણ કરવું. ત્રણ ગુણોથી બનેલી પ્રકૃતિ મનુષ્યને મોહિત કરે છે, તેથી પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ દેખાતું નથી. આ માયાને પોતાની શક્તિથી પાર કરવી મુશ્કેલ છે, પરંતુ પરમાત્માની નિષ્ઠાપૂર્વક શરણાગતિ કરનાર તેને પાર કરી શકે છે. નાનકડાં એક પરિવારની જવાબદારી નિભાવીને આપણે 'હું' ની રેસનો અવ્વલ ઘોડો બનીને ફરીએ છીએ!

# "ઘર ઘર તિરંગા, હર ઘર તિરંગા"ના સંદેશ સાથે નડિયાદમાં ભવ્ય "તિરંગા યાત્રા" યોજાઈ

## બાળકો અને અધિકારીઓ-કર્મચારીઓએ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાઈ તિરંગા યાત્રામાં ઉત્સાહભેર સહભાગિતા નોંધાવી






**નડિયાદ, તા.10**

૦૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશમાં આયોજિત "હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૬" અંતર્ગત "ઘર ઘર તિરંગા, હર ઘર તિરંગા"ના દેશભક્તિપૂર્ણ સંદેશને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે નડિયાદ ખાતે ભવ્ય "તિરંગા યાત્રા" નું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એલ. જી. ભરવાડની અધ્યક્ષતામાં યોજાયેલી આ તિરંગા યાત્રામાં જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ, ખેડા જિલ્લાના બાળ સંભાળ સંસ્થાઓના સ્ટાફ તથા બાળકો, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી, નડિયાદના પ્રતિનિધિઓ તેમજ ચાઈલ્ડ હેલ્પલાઈનના સ્ટાફ સહિત વિવિધ કર્મચારીઓ અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તિરંગા યાત્રાનું આયોજન શ્રી સંદીપ પરમાર, અધિક્ષક, માતૃછાયા અનાથ આશ્રમ, નડિયાદ દ્વારા કરવામાં આવ્યું હતું. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા સરદાર પટેલ ભવન, નડિયાદ ખાતેથી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રધ્વજ સાથે નીકળેલી આ યાત્રા સરદાર પટેલ ભવનથી આગળ વધીને હિન્દુ અનાથ આશ્રમ, નડિયાદ ખાતે પહોંચી હતી.

હિન્દુ અનાથ આશ્રમ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ તથા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ તિરંગા યાત્રા માતૃછાયા અનાથ આશ્રમ, નડિયાદ ખાતે પહોંચી હતી.

માતૃછાયા અનાથ આશ્રમ ખાતે બાળકો સાથે સૌએ તિરંગા યાત્રામાં ઉત્સાહપૂર્વક સહભાગી બની રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજાગર કરી હતી. આ પ્રસંગે "ભારત માતા કી જય" અને "વંદે માતરમ" જેવા દેશભક્તિના નારાઓથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભાવનાથી ગુંજી ઊઠ્યું હતું. બાળકોમાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા તથા તિરંગા પ્રત્યે સન્માનની ભાવના વધુ મજબૂત બને તે હેતુસર વિવિધ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી મહેશ પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, નડિયાદ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તથા બાળકોએ ઉત્સાહપૂર્વક જોડાઈને તિરંગા યાત્રાને સફળ બનાવી હતી.

"હર ઘર તિરંગા" અભિયાનનો સંદેશ માત્ર દરેક ઘર સુધી તિરંગો પહોંચાડવાનો જ નહીં, પરંતુ દરેક હૃદયમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રજ્વલિત કરવાનો છે. આ ભાવના સાથે યોજાયેલી તિરંગા યાત્રા દ્વારા બાળકો અને નાગરિકોમાં દેશપ્રેમ, એકતા, અખંડિતતા તથા રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના વધુ પ્રબળ બની હતી.

ઉત્સાહ, ઉમંગ અને રાષ્ટ્રપ્રેમના માહોલ વચ્ચે યોજાયેલી આ "તિરંગા યાત્રા"ની સફળતાપૂર્વક પૂર્ણાહુતિ કરવામાં આવી હતી એમ જિલ્લા બાળ સુરક્ષા એકમ, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### 80મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એટ હોમ કાર્યક્રમની આમંત્રણ કિટ NID-અમદાવાદ દ્વારા બનાવાઈ

# સતત ચોથી વખત એટ હોમ કાર્યક્રમ માટેની આમંત્રણ કિટ NID-અમદાવાદ દ્વારા તૈયાર કરાઈ

## છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવાના 130થી વધુ કારીગરો અને 90 તજજ્ઞો-વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર આમંત્રણ કિટ બની ભારતીય હસ્તકળાનું જીવંત દર્પણ

**અમદાવાદ, તા.10**

દેશના 80મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે યોજાનારા એટ હોમ કાર્યક્રમ માટેની વિશેષ આમંત્રણ કિટ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID), અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં મધ્ય ભારતનાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવા એ ચાર રાજ્યોની સર્જનાત્મકતા અને સમૃદ્ધ હસ્તકળાનો અનોખો સંગમ જોવા મળે છે.

આ અંગે NID-અમદાવાદના ડાયરેક્ટર ડૉ. અશોક મોંડલે જણાવ્યું કે છેલ્લાં બે વર્ષમાં સતત ચોથી વખત રાષ્ટ્રપતિ ભવન દ્વારા એટ હોમ કાર્યક્રમની ઔપચારિક આમંત્રણ કિટ તૈયાર કરવાની જવાબદારી NID-અમદાવાદને સોંપવામાં આવી છે. જે NID-અમદાવાદ સહિત ગુજરાત માટે ગૌરવની વાત છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત છેલ્લાં ચારેક માસમાં NID અમદાવાદની ટીમે છત્તીસગઢ, ગોવા, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વ્યાપક પ્રવાસ કરી કલાકાર સમુદાયો સાથે સંવાદ કર્યો હતો.




રાષ્ટ્રપતિ ભવનની ટીમ સાથે સતત સહયોગ, ચર્ચા અને અનેક તબક્કાની પ્રક્રિયા બાદ આમંત્રણમાં સમાવાયેલી કલાકૃતિઓનું સ્વરૂપ તૈયાર થયું છે. જેમાં આશરે 130 જેટલા કલાકારો સહિત 220થી વધુ લોકો જોડાયા હતા.

આ કિટમાં વિવિધ રાજ્યોની પરંપરાગત હસ્તકળાની અનોખી છાપ સ્પષ્ટ જોવા મળે છે: છત્તીસગઢ: અહીંની ઢોકરા કળા દ્વારા દેવકોટ જેવા પવિત્ર વનવિસ્તારોના સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો છે, જ્યારે બસ્તરની લોહ-શિલ્પ (Lauh-Shilp) કળામાંથી ડિસ્પ્લે ફ્રેમ અને ઘંટ તૈયાર કરાયા છે.

ગોવા: ગોવાના કલાકારો દ્વારા હાથેથી ચિતરાયેલી અઝુલેજો ટાઈલમાં ખાઝાન જમીનો અને દરિયાકાંઠાના જળપર્યાવરણને પ્રતિબિંબિત કરવામાં આવ્યું છે.

મધ્યપ્રદેશ: મધ્યપ્રદેશની ભીલ કળા દ્વારા સ્થાનિક બીજ સંરક્ષણની પરંપરા રજૂ કરવામાં આવી છે, જ્યારે ધાર જિલ્લાના બાગ પ્રિન્ટ કાપડથી ફેબ્રિક એન્વેલપ તૈયાર કરાયું છે.

મહારાષ્ટ્ર: મહારાષ્ટ્રની વારલી ચિત્રકળામાં છત્રપતિ સંભાજીનગરના ખામ નદી પુનઃસ્થાપન પ્રોજેક્ટને દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, આમંત્રણના બહારના કવર પર કોંકણ પ્રદેશની કાવી કળાથી પ્રેરિત ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

આ ઉપરાંત મહેશ્વર શૈલીમાં હાથવણાટથી તૈયાર કરાયેલો વિશેષ સ્ટોલ ચારેય રાજ્યોની વણાટ પરંપરાના પ્રાદેશિક મહત્ત્વને એકસાથે રજૂ કરે છે.

ડૉ. અશોક મોંડલે કહ્યું કે આ તમામ કૃતિઓ કારીગરો દ્વારા તેમના વિસ્તારોમાં તેમના ઘરે જ બનાવવામાં આવી છે. ખાસ કરીને, છત્તીસગઢમાં નક્સલવાદ અંકુશમાં આવ્યા બાદ બસ્તર સહિતના વિસ્તારોના કારીગરો દ્વારા આ પ્રકારની કામગીરી તેમનામાં નવા ઉત્સાહનો સંચાર કરશે અને તેમને મુખ્ય પ્રવાહમાં જોડાવામાં મદદરૂપ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ રીતે તૈયાર કરાયેલી કલાકૃતિઓને NID-અમદાવાદ ખાતે સંકલિત કરવામાં આવી છે. આવી આશરે 650 જેટલી આમંત્રણ કિટ તૈયાર કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રોજેક્ટમાં NIDના ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ અને ટેકનિકલ સ્ટાફ પણ જોડાયા હતા. આ આમંત્રણ કિટ દેશની પ્રાચીન કળા, પર્યાવરણ સંરક્ષણ અને કુશળ કારીગરોને સમર્પિત યાદગીરી બની રહેશે.

# મકાન અને પુત્રીના લગ્નની લાલચ આપી આધેડ સાથે છેતરપિંડી: ક્રિપ્ટોમાં રોકાણના નામે રૂ.11.71 લાખ પડાવ્યા બાદ મુંબઈ હાઈકોર્ટમાં કેસ કરવાની ધમકી

**વડોદરા, તા.10**

વડોદરા શહેરના સાયબર ક્રાઈમ અને આર્થિક ગુનાઓના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે શહેરના માંજલપુર વિસ્તારમાંથી ક્રિપ્ટોકરન્સી એટલે કે બિટકોઈનમાં રોકાણના નામે લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. માંજલપુર વિસ્તારમાં રહેતા અને એક ખાનગી કંપનીમાં નોકરી કરતા નીલકંઠ મોરે નામના આધેડ વયના નાગરિકને બિટકોઈનમાં નાણાં રોકીને ટૂંક જ સમયમાં તગડો નફો મેળવવાની લાલચ આપી રૂ. 11,71,912 ની માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી છે. આ સમગ્ર મામલે આરોપી જોસેફ સેમ્યુઅલ પરમાર સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, ખાનગી કંપનીમાં ફરજ બજાવતા નીલકંઠ મોરેનો પરિચય આરોપી જોસેફ સેમ્યુઅલ પરમાર સાથે થયો હતો. આરોપીએ નીલકંઠભાઈ સાથે મિત્રતા કેળવીને તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. ત્યારબાદ આરોપીએ તેમને ક્રિપ્ટોકરન્સી અને બિટકોઈનના ક્ષેત્રમાં રોકાણ કરવાથી ટૂંકા સમયમાં અનેકગણું વળતર મળશે તેવી મનઘડંત વાતો કહીને લોભામણી સ્કીમમાં ફસાવ્યા હતા. આરોપીએ તેમની કૌટુંબિક




સ્થિતિનો લાભ ઉઠાવતા એવા દિવાસ્વપ્નો બતાવ્યા હતા કે આ રોકાણમાંથી મળનારા તોતિંગ નફાથી તેઓ પોતાની દીકરીના ખૂબ જ ધામધૂમથી લગ્ન કરાવી શકશે અને ભવિષ્યમાં પોતાના પરિવાર માટે એક સુંદર અને આલીશાન ઘર પણ ખરીદી શકશે.

આરોપી જોસેફની મીઠી મીઠી વાતો અને કૌટુંબિક પ્રગતિના સપનાઓમાં આવી જઈને નીલકંઠભાઈએ પોતાના જીવનભરની કમાણી અને બચતના નાણાં રોકવાનો નિર્ણય કર્યો હતો. તેમણે વર્ષ 2020 થી 2021 દરમિયાન તબક્કાવાર રીતે કુલ રૂ. 11,71,912 ની માતબર રકમ બિટકોઈનની ખરીદી કરવા અર્થે આરોપીને સોંપી દીધી હતી. નાણાં મેળવી લીધા બાદ લાંબો સમય વીતી જવા છતાં પણ જ્યારે કોઈ પણ પ્રકારનું રિટર્ન કે વળતર ન મળ્યું, ત્યારે નીલકંઠભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની આશંકા ગઈ હતી. આથી તેમણે આરોપી પાસે પોતાના મૂળ રોકાયેલા નાણાં પરત માગવાનું શરૂ કર્યું હતું.

જોકે, પોતાના મૂળ નાણાં પરત માગતાં જ આરોપી જોસેફ સેમ્યુઅલ પરમારે પોતાનો અસલી ચહેરો બતાવ્યો હતો. તેણે પૈસા ચૂકવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને નીલકંઠભાઈને મુંબઈ હાઈકોર્ટમાં ખોટા કેસ-મુકદ્દમામાં ફસાવી દેવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. આરોપી તરફથી સતત મળતી માનસિક યાતનાઓ અને ધમકીઓથી કંટાળીને આખરે પીડિત નીલકંઠભાઈએ હિંમત ભેગી કરીને માંજલપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. માંજલપુર પોલીસે પીડિતની લેખિત ફરિયાદના આધારે આરોપી જોસેફ સેમ્યુઅલ પરમાર સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તેને ઝડપી પાડવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દ્રષ્ટિહીન ખેલાડીઓ માટેની AICFB વેસ્ટ ઝોન ચેસ ચેમ્પિયનશિપમાં ગુજરાતના દર્પણ ઈનાની વિજેતા

- **ચાર દિવસીય સ્પર્ધામાં 101 ખેલાડીઓ વચ્ચે ખરાખરીનો જંગ: 17 ખેલાડીઓ નેશનલ પ્રીમિયર માટે પસંદ**

**અમદાવાદ, તા.10**

ગુજરાત ચેસ એસોસિએશન ફોર વિઝ્યુઅલી ચેલેન્જડ' દ્વારા આયોજિત, 'બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન, અમદાવાદ'ના આતિથ્ય હેઠળ અને 'કોનકોર્ડ બાયોટેક' (CONCORD Biotech) ના પ્રાયોજકત્વ સાથે યોજાયેલી 'AICFB વેસ્ટ ઝોન ચેસ ચેમ્પિયનશિપ 2026'નું ૯ ઓગસ્ટના રોજ સફળતાપૂર્વક સમાપન થયું હતું. ૬ થી ૯ ઓગસ્ટ દરમિયાન યોજાયેલી આ ચાર દિવસીય સ્પર્ધામાં વેસ્ટ ઝોનના વિવિધ રાજ્યોમાંથી ૧૦૧ દ્રષ્ટિહીન ખેલાડીઓએ ભાગ લીધો હતો.



તીવ્ર અને રસાકસીભર્યા નવ રાઉન્ડ બાદ, ગુજરાતના દર્પણ ઈનાનીએ ૯ માંથી ૭.૫ પોઈન્ટ્સ મેળવીને ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આ સ્પર્ધામાં મહારાષ્ટ્રના સૌથી યુવા ખેલાડી વેદે ૭ પોઈન્ટ્સ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું, જ્યારે અમદાવાદના દર્શન પંડ્યા ૭ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. મહારાષ્ટ્રના અભિનવ ગાંગુલીએ ૬.૫ પોઈન્ટ્સ સાથે ચોથું અને એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા અશ્વિન મકવાણાએ પાંચમું સ્થાન હાંસલ કર્યું હતું. આ ચેમ્પિયનશિપમાંથી ૧૭ ઉત્કૃષ્ટ ખેલાડીઓની 'નેશનલ પ્રીમિયર ચેમ્પિયનશિપ' માટે પસંદગી કરવામાં આવી છે, જે ખેલાડીઓ માટે રાષ્ટ્રીય સ્તરે આગળ વધવાનો મહત્વપૂર્ણ માર્ગ બનશે.

બ્લાઈન્ડ ચેસના ઈતિહાસમાં પ્રથમ વખત સમગ્ર ટુર્નામેન્ટનું યુટ્યુબ (YouTube) પર લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું. આ સીમાચિહ્નરૂપ પહેલના કારણે વિશ્વભરના ચેસ પ્રેમીઓ રમતોને લાઈવ જોઈ શક્યા હતા, જેનાથી દ્રષ્ટિહીન ખેલાડીઓની રમતને નવી ઓળખ અને વ્યાપક દૃશ્યતા મળી છે.

આયોજકો, આર્બિટર્સ, સ્વયંસેવકો, બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન અને સ્પોન્સર 'કોનકોર્ડ બાયોટેક'ના સંયુક્ત પ્રયાસોથી આ ઈવેન્ટ ભવ્ય રીતે સફળ રહી હતી. આ ટુર્નામેન્ટે સાબિત કર્યું છે કે દ્રષ્ટિની મર્યાદાઓ ક્યારેય મનોબળ, દ્રઢ નિશ્ચય અને વ્યૂહાત્મક કૌશલ્યના માર્ગમાં આવી શકતી નથી.

# રાજ્યકક્ષાની તિરંગા યાત્રાનું ગાંધીનગરમાં CMના હસ્તે પ્રસ્થાન: મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નાગરિકો અને વિવિધ ક્ષેત્રના લોકો તિરંગા સાથે જોડાયા

**ગાંધીનગર, તા.10**

ગાંધીનગરમાં જિલ્લા વહીવટીતંત્ર અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત આજે(10 ઓગસ્ટ) રાજ્યકક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 10 વાગ્યે G-6 સર્કલ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું અને તેઓ પોતે પણ યાત્રામાં જોડાયા હતા. રાજ્યકક્ષાની તિરંગા યાત્રાનો રૂટ G-6 સર્કલથી શરૂ થઈ GH-6 સર્કલ, CH-6 સર્કલ થઈ નમસ્તે સર્કલ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નાગરિકો અને વિવિધ ક્ષેત્રના લોકો તિરંગા સાથે જોડાયા હતા. યાત્રાને પ્રસ્થાન કરાવતા પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મળેલી મહામૂલી આઝાદીનું ગૌરવગાન કરવા અને આઝાદીના લડવૈયાઓના બલિદાનને ચિરંજીવ રાખવા માટે 'હર ઘર તિરંગા અભિયાન'ની પ્રેરણા આપી છે. તિરંગા યાત્રા ભારતની એકતા અને અખંડિતતાની યાત્રા છે. હાથમાં તિરંગો અને હૃદયમાં ભારતભક્તિ સાથે સૌ આ યાત્રામાં જોડાયા છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે તિરંગા સાથે દેશને જે સ્વરાજ્ય મળ્યું તેને સ્વરાજ્યથી ગુડ ગવર્નન્સમાં પલટાવવાનું નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે. અશોક ચક્ર દેશને અવિરત વિકાસની ગતિ માટે પ્રેરણા આપતું રહે છે. વર્ષ 2047માં આઝાદીની શતાબ્દી ઉજવવાની છે અને તે પહેલાંનો સમય દેશ માટે અમૃતકાળ છે. આજની યુવા પેઢીને આઝાદીના જંગમાં બલિદાન આપનારા દેશભક્તોનું સતત સ્મરણ થાય, તેમના જીવનચરિત્ર વિશે જાણકારી મળે અને રાષ્ટ્રભક્તિ તથા 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના જનજનમાં કેળવાય તે હર ઘર



તિરંગા અભિયાનનો મૂળ ભાવ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે તિરંગો લોકોને એકસાથે લાવે છે અને એકતા તથા ભાઈચારાનો સંદેશો પ્રસરાવે છે. આઝાદીના આંદોલન દરમિયાન તિરંગો ફરકાવીને લોકો આઝાદી માટેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા હતા. આજે આ તિરંગા યાત્રા દ્વારા 2047ના વિકસિત ભારતના નિર્માણ માટે અત્યારથી જ કર્તવ્યબદ્ધ થવાનું છે. તેમણે કહ્યું હતું કે આઝાદીના આંદોલનમાં સામેલ થવાનો અવસર આપણને મળ્યો નથી, પરંતુ વડાપ્રધાનના નેતૃત્વમાં અમૃતકાળ દરમિયાન વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો અવસર મળ્યો છે. દેશ માટે જીવીને ભારત માતાને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવા સૌ એક બનીને 'હર ઘર તિરંગા'નો સંકલ્પ પાર પાડે. મુખ્યમંત્રીએ અંતમાં આહ્વાન કર્યું હતું કે વિકાસની રાજનીતિથી ભારત વિકસિત ભારત અને વિશ્વની ત્રીજી મોટી આર્થિક સત્તા બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. 'હર ઘર તિરંગા' અભિયાનને 'હર દિલ તિરંગા'નું વિશાળ જનઆંદોલન બનાવીને દરેક વ્યક્તિમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના જગાવવી જોઈએ.

# ઝઘડો અટકાવવા ગયેલી બે બહેનો પર ધારીયા-ધોકાથી હુમલો: કાકાની દીકરી સહિત ત્રણ ભાઈ સામે ફરિયાદ નોંધાઈ, રૂવાપરિ રોડ વિસ્તારનો બનાવ

**ભાવનગર, તા.10**

ભાવનગરના રૂવાપરી રોડ પર આવેલી બ્રાહ્મણ તલાવડી ખલાસી સોસાયટીમાં ગત રાત્રે નવેક વાગ્યાના અરસામાં ભાઈ સાથે ચાલતી બોલાચાલી અટકાવવા વચ્ચે પડેલી બે બહેનો પર કાકાના ચાર સંતાનોએ ધારીયા અને ધોકા વડે હુમલો કર્યો હતો. જૂની તકરાર કે બોલાચાલી સંદર્ભે થયેલા આ હુમલામાં ઈજાગ્રસ્ત બંને બહેનોને સારવાર માટે ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે પીડિતાની ફરિયાદના આધારે ગંગાજળીયા પોલીસે મહિલા સહિત ચાર આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્લોટ નંબર 40માં રહેતા અને મોલમાં નોકરી કરતા 34 વર્ષીય પૂજાબેન નવલભાઈ સોલંકી, તેમની માતા, બહેન નેહાબેન અને ભાઈ દિવ્યેશ ઘરે હાજર હતા. તે સમયે કાકાના દીકરાઓ જર્મન શરદભાઈ સોલંકી અને રાહુલ શરદભાઈ સોલંકી ત્યાં આવી દિવ્યેશ સાથે બોલાચાલી કરી ગાળો આપવા લાગ્યા હતા. બંને બહેનો આ ઝઘડો અટકાવવા વચ્ચે પડતાં, જર્મને પૂજાબેનના માથામાં ધારીયાનો ઘા માર્યો હતો, જ્યારે રાહુલે તેમને વાળ પકડી જમીન પર પછાડી લાકડાના ધોકા વડે માર માર્યો હતો.

આ તકરાર દરમિયાન જર્મના ભાઈ-બહેન કાર્તિક અને અનમોલબેન પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને નેહાબેનને ચહેરાના ભાગે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ગાળાગાળી કરી હતી.

હુમલામાં લોહીલુહાણ થયેલી બંને બહેનોને તાત્કાલિક ભાવનગરની હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવી હતી. આ અંગે પૂજાબેને નોંધાવેલી ફરિયાદના આધારે ગંગાજળીયા પોલીસ સ્ટેશને જર્મન, રાહુલ, કાર્તિક અને અનમોલબેન સામે BNS એક્ટની કલમ 118(1), 115(2), 351(3), 352, 54 તથા જીપી એક્ટ 135 હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# એક સમયે ટીમ ઈન્ડિયાને બનાવી હતી ચેમ્પિયન, હવે તેને જ હરાવવાનો પ્લાન! નવા રોલમાં 'ગુરુ' ગેરી



નવી દિલ્હી, તા.10

ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચોની મહત્ત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીનો પ્રારંભ 15 ઓગસ્ટથી થવા જઈ રહ્યો છે. તે પહેલાં ભારતીય ક્રિકેટ ટીમે કોલંબોના એનસીસી ગ્રાઉન્ડ ખાતે શ્રીલંકા ક્રિકેટ XI સામે ત્રણ દિવસીય વોર્મ-અપ પ્રેક્ટિસ મેચ રમીને પોતાની તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો. જોકે, આ મેચના અંતિમ દિવસે એટલે કે 9 ઓગસ્ટે મેદાન પર એક એવો ચહેરો જોવા મળ્યો હતો જેનો ભારતીય ક્રિકેટના સુવર્ણ ઈતિહાસ સાથે ઊંડો અને ખાસ સંબંધ રહ્યો છે.

2011ના વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમની 28 વર્ષની લાંબી રાહનો અંત આણીને ટીમને ચેમ્પિયન બનાવનાર પૂર્વ મુખ્ય કોચ ગેરી ક્રિર્સ્ટન ગુપચુપ રીતે ભારતીય ખેલાડીઓનો અભ્યાસ મુકાબલો જોવા પહોંચ્યા હતા. હાલમાં ગેરી ક્રિર્સ્ટન શ્રીલંકન રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના હેડ કોચની જવાબદારી સંભાળી રહ્યા છે.

ભારતીય ટીમને પોતાની કોચિંગમાં વર્લ્ડ કપ અપાવનાર 'ગુરુ ગેરી' એક સમયે ભારત ક્રિકેટ ટીમના ડ્રેસિંગ રૂમની શાન હતા. જોકે હવે સમય અને પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે. ભારત સામેની આગામી ટેસ્ટ શ્રેણીમાં તેઓ શ્રીલંકાના કેમ્પમાં રહીને ભારતને હરાવવાની વ્યૂહરચના ઘડવાના છે. પ્રેક્ટિસ મેચ દરમિયાન ગેરી ક્રિર્સ્ટને કોઈ જ પ્રકારનો દેકારો કર્યા વિના શાંતિથી બાઉન્ડ્રી લાઇન પાસે ટહેલીને ભારતીય ખેલાડીઓના પ્રદર્શન અને રમત પર નજર રાખી હતી.

શરૂઆતમાં મેદાન પર ઉપસ્થિત બહુ ઓછા લોકોનું ધ્યાન તેમની તરફ ગયું હતું, પરંતુ બાદમાં ભારતીય મીડિયાએ તેમને ઓળખી લીધા હતા. કેટલાક ફેન્સે તેમની સાથે તસવીરો પણ ખેંચાવી હતી અને દક્ષિણ આફ્રિકાના આ પૂર્વ ક્રિકેટરે તેમને નિરાશ કર્યા નહોતા. ગેરી ક્રિર્સ્ટન આ દરમિયાન સ્કોરબોર્ડ અને ખેલાડીઓની ગતિવિધિઓ પર સતત નજર રાખી રહ્યા હતા અને ત્યારબાદ તેઓ એનસીસીના મુખ્ય પેવેલિયનમાં આવેલા કેફેમાં ગયા હતા.

મેદાન પર ટહેલતી વખતે ગેરી ક્રિર્સ્ટનની મુલાકાત ભારતીય ફાસ્ટ બોલર ગુરનૂર બરાર સાથે થઈ હતી, જ્યારે બરાર હાઈડ્રેશન બ્રેક લઈ રહ્યો હતો. બંને વચ્ચે થોડીવાર વાતચીત થઈ હતી. આ ઉપરાંત, તેમણે ડાબોડી સ્પિનર માનવ સુથાર અને ભારતીય ટીમના થ્રોડાઉન સ્પેશિયાલિસ્ટ રઘુ સાથે પણ વાતચીત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગુરનૂર બરાર અને માનવ સુથાર ગેરી ક્રિર્સ્ટનથી અગાઉથી જ પરિચિત છે. જ્યારે ક્રિર્સ્ટન વર્ષ 2022થી 2024 દરમિયાન આઈપીએલ (IPL) ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સ (GT)ના બેટિંગ કોચ અને મેન્ટર હતા, ત્યારે આ બંને ખેલાડીઓ ગેટ-નેટ બોલર તરીકે ટીમ સાથે જોડાયેલા હતા.

ગેરી ક્રિર્સ્ટનની ગણના ભારતીય ક્રિકેટ ઈતિહાસના સૌથી સફળ અને પ્રિય કોચમાં થાય છે. મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાની હેઠળ જ્યારે ભારતે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શ્રીલંકાને હરાવીને 28 વર્ષ પછી વર્લ્ડ કપ જીત્યો હતો, ત્યારે ગેરી ક્રિર્સ્ટન ટીમના હેડ કોચ હતા. એક સમયે જે ટીમની ખામીઓ સુધારવાનું કામ ગેરી ક્રિર્સ્ટન કરતા હતા, હવે તે જ ટીમની કમજોરીઓ શોધીને તેને પરાસ્ત કરવાની જવાબદારી તેમના શિરે છે.

કોલંબોમાં રમાયેલી આ પ્રેક્ટિસ મેચ ખૂબ જ હળવા વાતાવરણમાં રમાઈ હતી, પરંતુ 15 ઓગસ્ટથી ગૉલ ખાતે રમાનારી પ્રથમ ટેસ્ટ મેચનું વાતાવરણ તદ્દન અલગ હશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના મહત્ત્વપૂર્ણ પોઈન્ટ્સ દાવ પર હોવાથી બંને દેશો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે.

# 6,6,6,6,6,6.... ઈંગ્લેન્ડના બેટરની વન-ડેમાં તોફાની બેટિંગ, 37 બોલમાં ફટકાર્યા 86 રન



લંડન, તા.10

ઈંગ્લેન્ડના બેટ્સમેન ટોબી અલ્બર્ટે એક અદ્ભુત કારનામો કરી બતાવ્યો છે. ઈંગ્લેન્ડની ડોમેસ્ટિક ક્રિકેટની વનડે કપમાં સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકારીને તેણે સનસનાટી મચાવી દીધી છે અને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ઈંગ્લેન્ડમાં હાલ રમાઈ રહેલી ડોમેસ્ટિક વનડે કપના એક લિસ્ટ-એ મેચમાં હેમ્પશાયર તરફથી રમતા ટોબી આલ્બર્ટ નામના બેટ્સમેને 6 છગ્ગા જડીને તહલકો મચાવી દીધો. તેની આ તોફાની ઈનિંગ્સના જોરે હેમ્પશાયરની ટીમે 9 વિકેટ ગુમાવીને 383 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો અને બાદમાં આ મુકાબલો પણ સરળતાથી જીતી લીધો હતો. આ મેચ હોવ ખાતે હેમ્પશાયર અને સસેક્સ વચ્ચે રમાઈ હતી. 2022માં કેન્ટ સામે હેમ્પશાયરે 396 રન બનાવ્યા હતા, જે તેનો સર્વોચ્ચ સ્કોર છે. આ રીતે 383 રનનો સ્કોર આ ટીમનો લિસ્ટ-એ ક્રિકેટમાં બીજો સૌથી મોટો સ્કોર બની ગયો છે. બીજી તરફ, સસેક્સની ટીમે ચાર્લી ટિયરની 111 રનની શાનદાર સદીની મદદથી લક્ષ્યનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ 51 રનથી મેચ હારી ગયા હતા. આ ટુર્નામેન્ટમાં સસેક્સની આ 7 મેચોમાં 6ઠ્ઠી હાર હતી, જ્યારે 4થી જીત સાથે હેમ્પશાયરની ટીમ નોકઆઉટની નજીક પહોંચી ગઈ છે. અહીં ખાસ વાત એ છે કે આ 6 છગ્ગા એક જ ઓવરમાં નહોતા વાગ્યા, પરંતુ બે અલગ-અલગ ઓવરમાં સતત 6 બોલનો સામનો કરતા ટોબી આલ્બર્ટે આ સિદ્ધિ મેળવી હતી. તેણે સસેક્સના બોલર નેન્ટેસ ઓસ્ટહુઈઝનના છેલ્લા બે બોલ પર બે છગ્ગા માર્યા અને ત્યારબાદ ઓલી કર્ટલીની આગામી ઓવરના પ્રથમ 4 બોલ પર વધુ 4 છગ્ગા ફટકાર્યા હતા. એક સમયે હેમ્પશાયરનો સ્કોર વિના વિકેટે 225 રન હતો, જેમાં ઓપનર અલી ઓર અને 18 વર્ષીય બેન મેયસ બંને સદી ફટકારી ચૂક્યા હતા. ટીમનો સ્કોર 200 રન હતો ત્યારે આલ્બર્ટે ક્રિઝ પર આવીને માત્ર 37 બોલમાં 86 રન ઝૂડી કાઢ્યા હતા, જેમાં 5 ચોગ્ગા અને 8 છગ્ગા શામેલ હતા. જોકે, 21 રનના અંગત સ્કોર પર તેનો એક કેચ પણ છૂટ્યો હતો. આ તોફાની ઈનિંગ્સ દરમિયાન તેણે સતત 6 બોલમાં 6 છગ્ગા ફટકારવાનો વિરલ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

# દિલ્હી પ્રીમિયર લિગમાં બે સ્ટાર ક્રિકેટર વચ્ચે મેદાનમાં બબાલ, લોકોએ વચ્ચે પડી છૂટા પાડ્યા



નવી દિલ્હી, તા.10

ભારતને પોતાની કેપ્ટનશીપમાં અંડર-19 વર્લ્ડ કપ જીતાડનાર યશ ધુલ અને IPLમાં પંજાબ કિંગ્સ માટે વિસ્ફોટક બેટિંગ કરનાર પ્રિયાંશ આર્યા દિલ્હીના સ્ટાર ખેલાડીઓમાં ગણાય છે. આ બંને સ્ટાર ખેલાડીઓની ટીમો વચ્ચે મેદાન પર એવી બબાલ થઈ કે જેની ચર્ચા ચારે બાજુ થઈ રહી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં ભેગી થયેલી ભીડ જોઈને જ અંદાજ લગાવી શકાય છે કે મામલો કેટલો ગંભીર છે.

વાત છે દિલ્હી પ્રીમિયર લીગ (DPL)ની વર્તમાન સીઝનની. યશ ધુલ સેન્ટ્રલ દિલ્હી કિંગ્સની કેપ્ટનશીપ કરી રહ્યો છે, તો બીજી તરફ પ્રિયાંશ આઉટર દિલ્હી વોરિયર્સ તરફથી રમી રહ્યો છે. આ બંને ટીમો વચ્ચે મેચ રમાઈ હતી અને મેચ પૂરી થયા બાદ મોટી બબાલ થઈ ગઈ.

સોશિયલ મીડિયા પર આ મેચ બાદનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, મેચ બાદ યશ ધુલ અને પ્રિયાંશ વચ્ચે ભયંકર બબાલ થઈ થઈ હતી. બંને ટીમના ખેલાડીઓ તેમને વચ્ચે પડીને અલગ કરતા દેખાઈ રહ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે યશની ટીમના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ એક ખેલાડીને સમજાવી રહ્યા છે, જે યશ હોવાનું કહેવાય છે. જ્યારે પ્રિયાંશની ટીમનો એક ખેલાડી ભીડમાંથી એક ખેલાડીને બહાર કાઢીને અલગ લઈ જઈ રહ્યો છે, જે પ્રિયાંશ હોવાની માહિતી મળી રહી છે.

# 'રેસ્ટોરન્ટવાળા સાથે કેમ ઝઘડો કર્યો?' PM મોદીએ બોક્સર લવલીનાને પૂછ્યો સવાલ!



નવી દિલ્હી, તા.10

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં સિલ્વર મેડલ જીતનારી ભારતીય બોક્સર લવલીના બોરગોહેનની પીએમ મોદીએ ખાસ પ્રશંસા કરી છે. લવલીનાએ કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરીને મેડલ તો જીત્યો જ, પણ સાથે જ ગ્લાસગોના એક રેસ્ટોરન્ટમાં ભારતનો ખોટો નકશો જોઈને તેની સામે વિરોધ પણ નોંધાવ્યો હતો. કોમનવેલ્થ ગેમ્સથી પરત ફરેલા ભારતીય ખેલાડીઓ સાથેની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ પોતે આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે લવલીનાનું આ પગલું સામાન્ય નહોતું, જેને દેશવાસીઓ લાંબા સમય સુધી યાદ રાખશે.

મહિલાઓના 75 કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યા બાદ ભારતીય બોક્સિંગ ટીમ ગ્લાસગોના 'મિસ્ટર સિંઘ્સ ઈન્ડિયા' (Mister Singh's India) રેસ્ટોરન્ટમાં ઉજવણી કરવા પહોંચી હતી. મુલાકાત દરમિયાન પીએમ મોદીએ હળવા અંદાજમાં લવલીનાને પૂછ્યું, 'શું થયું, તમે રેસ્ટોરન્ટવાળા સાથે ઝઘડો કરી રહ્યા હતા?' જેના પર લવલીના હસી પડી અને આખી ઘટના જણાવી. લવલીનાએ કહ્યું કે, 'ઉજવણીના માહોલમાં પણ ભારતનો ક્ષતિગ્રસ્ત નકશો જોઈને મને દુઃખ થયું હતું, તેથી મેં શાલીનતાથી રેસ્ટોરન્ટ મેનેજમેન્ટ સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો.' વડાપ્રધાને લવલીનાની સજાગતા અને દેશપ્રેમની પ્રશંસા કરતાં કહ્યું કે, 'જીતના જશ્ન વચ્ચે પણ દેશના નકશાનું મહત્ત્વ ઓળખવું ખૂબ જ ખાસ બાબત છે.'

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સરોએ કુલ 10 મેડલ જીતીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ડિનર દરમિયાન આસામની રહેવાસી લવલીનાની નજર રેસ્ટોરન્ટના નેપકિન અને બહાર લાગેલા લોગો પર પડી, જેમાં ભારતના નકશામાંથી ઉત્તર-પૂર્વ (North-East)નો ભાગ ગાયબ હતો. લવલીનાએ આક્રમક બનવાને બદલે ખૂબ જ સભ્યતાથી મેનેજમેન્ટને કહ્યું, 'કૃપા કરીને આને ખોટી રીતે ન લેશો, પરંતુ ભારતના નકશામાં અમારું ઉત્તર-પૂર્વ ગાયબ છે. ઉત્તર-પૂર્વના હોવાના નાતે અમને આ જોઈને દુઃખ થાય છે, તેથી આગળથી આ વાતનું ધ્યાન રાખશો.' આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો.

# 73 વર્ષના ફિલ્મ ડિરેક્ટર સામે અભિનેત્રી સાથે દુષ્કર્મનો આરોપ, નશો કરાવી અશ્લીલ વીડિયો બનાવ્યો....



મુંબઈ, તા.10

હિન્દી સિનેમા જગતમાંથી એક ખૂબ જ ચોંકાવનારા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. 'બડે દિલવાલા' અને 'જોરૂ કા ગુલામ' જેવી જાણીતી બોલિવૂડ ફિલ્મોનું નિર્માણ અને નિર્દેશન કરનારા 73 વર્ષીય ફિલ્મમેકર શકીલ નૂરાનીની મુંબઈ પોલીસે ધરપકડ કરી લીધી છે. શકીલ નૂરાની પર પોતાનાથી 40 વર્ષ નાની, એટલે કે 33 વર્ષની એક અભિનેત્રી સાથે વારંવાર શારીરિક શોષણ કરવા, દુષ્કર્મ આચરવા, નશીલા પદાર્થો આપી અશ્લીલ વીડિયો રેકોર્ડ કરવા અને બ્લેકમેઈલ કરવા જેવા અત્યંત ગંભીર આરોપો લાગ્યા છે.

મુંબઈની માલવણી પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આરોપી શકીલ નૂરાની વિરુદ્ધ પીડિતાએ ફરિયાદ નોંધાવ્યા બાદ તેઓ છેલ્લા 40 દિવસથી પોલીસ ધરપકડથી બચવા માટે નાસતા ફરતા હતા. મુંબઈ પોલીસ તેમની સતત શોધખોળ કરી રહી હતી. આખરે શનિવારે પોલીસે ચોક્કસ બાતમીના આધારે મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં આવેલા એક ફાર્મહાઉસ પર દરોડો પાડીને 73 વર્ષીય શકીલ નૂરાનીની અટકાયત કરી હતી અને ત્યારબાદ તેમની વિધિવત ધરપકડ કરવામાં આવી હતી.

પીડિત અભિનેત્રીએ પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે તે વર્ષ 2016માં પ્રથમ વખત ડિરેક્ટર શકીલ નૂરાનીના સંપર્કમાં આવી હતી. અભિનેત્રીનો આરોપ છે કે ત્યારથી લઈને છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન ફિલ્મમેકરે તેમની સાથે વારંવાર શારીરિક શોષણ કર્યું હતું. પીડિતાએ એવો પણ ગંભીર દાવો કર્યો છે કે શકીલ નૂરાનીએ તેને કથિત રીતે કોઈ નશીલો પદાર્થ કે દવા આપી બેભાન અથવા અર્ધબેભાન અવસ્થામાં રાખી હતી અને તેના વાંધાજનક તસવીરો તથા અશ્લીલ વીડિયો ક્લિપિંગ્સ રેકોર્ડ કરી લીધાં હતાં.

ફરિયાદમાં વધુમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે શકીલ નૂરાની આ અશ્લીલ વીડિયો સાર્વજનિક રૂપે કે સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને અભિનેત્રીને સતત બ્લેકમેઈલ કરી રહ્યા હતા. આ શારીરિક અને માનસિક ઉત્પીડન અને બ્લેકમેઈલિંગના કારણે પીડિત મહિલાને ગર્ભપાતનો સામનો પણ કરવો પડ્યો હતો. આ તમામ અત્યાચારોથી કંટાળીને આખરે અભિનેત્રીએ પોલીસ સ્ટેશન પહોંચીને આપવીતી જણાવી ન્યાયની ગુહાર લગાવી હતી.

માલવણી પોલીસે પીડિત અભિનેત્રીની ફરિયાદના આધારે શકીલ નૂરાની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. હાલમાં 73 વર્ષીય શકીલ નૂરાની પોલીસ કસ્ટડીમાં છે અને પોલીસ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક પુરાવા એકત્રિત કરી રહી છે. બીજી તરફ, શકીલ નૂરાનીના વકીલે તેમના અસીલ પર લગાવવામાં આવેલા તમામ આરોપોને પાયાવિહોણા અને ખોટા ગણાવીને ફગાવી દીધા છે.

73 વર્ષીય શકીલ નૂરાની બોલિવૂડમાં દાયકાઓથી જાણીતું નામ રહ્યા છે. તેમણે પોતાના ફિલ્મી કરિયરમાં વર્ષ 1999માં રિલીઝ થયેલી ફિલ્મ 'બડે દિલવાલા' (જેમાં સુનિલ શેટ્ટી અને પ્રિયા ગિલ મુખ્ય ભૂમિકામાં હતા) અને વર્ષ 2000માં આવેલી ગોવિંદા તથા ટ્વિંકલ ખન્ના સ્ટારર હિટ કોમેડી ફિલ્મ 'જોરૂ કા ગુલામ' જેવી મોટી ફિલ્મોનું નિર્માણ અને નિર્દેશન કર્યું છે. બોલિવૂડના આટલા સિનિયર ફિલ્મમેકર સામે દુષ્કર્મ, નશો આપવા અને બ્લેકમેઈલિંગના આરોપસર ધરપકડ થતાં સમગ્ર બોલિવૂડ અને મનોરંજન જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે.

# 'બિગ બોસ' ફેમ અભિનેત્રીના ઘરે ચોરી, આરોપી પકડાયો, 76 લાખનો મુદ્દામાલ કબજે લીધો....



મુંબઈ, તા.10

'બિગ બોસ' ફેમ એક્ટ્રેસ લોપામુદ્રા રાઉતના મુંબઈના સાંતાક્રુઝ સ્થિત ઘરમાં થયેલી ચોરીના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈ પોલીસે આ કેસના મુખ્ય આરોપીની બિહારથી ધરપકડ કરી લીધી છે. પકડાયેલા 26 વર્ષીય આરોપીનું નામ ચંદન કમલેશ મુખિયા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, પોલીસે આરોપી પાસેથી આશરે રૂ. 76 લાખની કિંમતનો ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી ચોરી કરેલા પૈસાથી પોતાની બહેનના નામે જમીન ખરીદવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, ખરીદી કરે તે પહેલા જ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, લોપામુદ્રા રાઉત 20 જૂનથી 27 જુલાઈ દરમિયાન શહેર બહાર ગઈ હતી, તે સમયે આરોપીએ તેના ફ્લેટને નિશાન બનાવીને કેશ, સોનાના ઘરેણાં અને સોનાના બિસ્કિટની ચોરી કરી હતી.

આ હાઈ-પ્રોફાઈલ ચોરીના કેસનો ઉકેલ લાવવા માટે સાંતાક્રુઝ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાંચે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. ફ્લેટ અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરીને પોલીસે આરોપીનું લોકેશન શોધ્યું હતું અને તેને બિહારથી ઝડપી પાડ્યો હતો. હાલ આરોપી પોલીસ કસ્ટડીમાં છે અને બાકીનો મુદ્દામાલ રિકવર કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

લોપામુદ્રા રાઉત જાણીતી મોડેલ, એક્ટ્રેસ અને બ્યુટી પેજન્ટ ટાઈટલ હોલ્ડર છે. તેને સાચી ઓળખ સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ'થી મળી હતી. આ સિવાય તે સ્ટંટ આધારિત શો 'ખતરોં કે ખિલાડી' અને કેટલીક વેબ સિરીઝમાં પણ જોવા મળી ચૂકી છે. હાલ તે એક્ટિંગ ક્ષેત્રે બહુ સક્રિય નથી, પરંતુ સોશિયલ મીડિયા દ્વારા પોતાના ચાહકો સાથે જોડાયેલી રહે છે.

# યશે રણબીરની એનિમલની કોપી કરતા ટ્રોલ થયો

## યશ, કિયારા, તારા સુતરિયા અભિનિત ટોક્સિકનું ટ્રેલર રજૂ થતાં જ ચર્ચાસ્પદ બન્યું



મુંબઈ, તા.10

યશની અતિ પ્રતીક્ષિત ફિલ્મ 'ટોક્સિક'નું ટ્રેલર ૮ ઓગસ્ટ રીલિઝ થતાં જ ચર્ચાએ ચડયું છે. ફિલ્મમાં રણબીર કપૂરની 'એનિમલ'ની કોપી કરવામાં આવી હોવાની વ્યાપક ટીકાઓ થઈ રહી છે. અનેક દર્શકોએ ન્યુડિટી તથા બેફામ હિંસા માટે ફિલ્મને વખોડી નાખી છે.

નેટ યૂઝર્સે જણાવ્યું હતું કે રણબીર કપૂરનો 'એનિમલ'નો ન્યૂડ સીન બહુ ચર્ચાસ્પદ બન્યો હતો. તેની યશે કોપી કરી છે. આ ઉપરાંત ફિલ્મમાં 'એનિમલ' જેવી જ પારાવાર હિંસા છે. યશ ન્યુડિટી તથા હિંસાના સહારે જ બોક્સ ઓફિસ પર સફળ થવા માગે છે. સંખ્યાબંધ લોકોએ કિયારા અડવાણીની પણ આ ભૂમિકા સ્વીકારવા બદલ તથા બેહદ બોલ્ડ દ્રશ્યો આપવા બદલ ટીકા કરી હતી.

'ટોક્સિક'નું નિર્દેશન ગીતૂ મોહનદાસે કર્યું છે જેમણે યશ સાથે મળીને એની વાર્તા પણ લખી છે. વેંકટ કે.નારાયણ નિર્મિત આ ફિલ્મ ૨૬ ઓગસ્ટે કન્નડ ઉપરાંત હિંદી, તમિલ, તેલુગુ, મલયાલમ અને અંગ્રેજીમા રીલિઝ થવાની છે.

# 'હું તો રૂ.500નું પણ ભરાવી લઈશ પણ સામાન્ય લોકોનું શું...' E20 અંગે સિંગરે સવાલ ઊઠાવ્યા

મુંબઈ, તા.10

પંજાબી સિંગર રેશમ સિંહ અનમોલ તાજેતરમાં E20 (ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલ મુદ્દે ફરી ચર્ચામાં છે. અગાઉ તેણે આક્ષેપ કર્યો હતો કે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે તેની લક્ઝરી ડિફેન્ડર SUV કાર ચાલુ રસ્તે બંધ પડી ગઈ હતી. હવે તેના એક નવા વાઈરલ વીડિયોમાં તે સરકાર પાસે પ્યોર એટલે કે પ્રીમિયમ ઓઈલના ભાવ ઘટાડવાની માંગ કરે છે. તેનું માનવું છે કે મોંઘા પ્રીમિયમ પેટ્રોલની કિંમતો સામાન્ય વાહનચાલકોના ખિસ્સા પર ભારે પડે છે, તેથી સરકારે તેના ભાવ વાજબી કરવા જોઈએ જેથી સામાન્ય માણસ પણ સરળતાથી પ્યોર પેટ્રોલ ભરાવી શકે.

હરિયાણાના રહેવાસી રેશમ સિંહ અનમોલે ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં તે એક પેટ્રોલ પંપ પર પહોંચે છે અને કર્મચારી પાસે 'XP100' પ્રીમિયમ ઓઈલ માંગે છે. પોતાની ડિફેન્ડર SUVમાં 13,000નું 'XP100' પ્રીમિયમ ઓઈલ ભરાવ્યા બાદ રેશમ સિંહે કહ્યું, 'ભગવાનનો આભાર કે પ્રીમિયમ પેટ્રોલ મળી ગયું. મને સતત લોકોના મેસેજ આવી રહ્યા છે કે E20 ઓઈલના કારણે ગાડીઓનું માઈલેજ ઘટી રહ્યું છે. XP100 ખૂબ જ મુશ્કેલીથી મળી રહ્યું છે જેની કિંમત 167 પ્રતિ લીટર છે. હું તો



500 પ્રતિ લીટર પણ ભરાવી શકું છું, પરંતુ એક સામાન્ય માણસનું શું? હું સરકારને અપીલ કરું છું કે પ્યોર ઓઈલની કિંમત ઓછી કરવામાં આવે અને દરેક પેટ્રોલ પંપ પર તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાય.'

આ પહેલાં 23 જુલાઈએ પણ રેશમ સિંહે એક વીડિયો શેર કરીને E20 ઓઈલ પર સવાલો ઉઠાવ્યા હતા. તેણે જણાવ્યું હતું કે 'મારી ડિફેન્ડર SUV અચાનક રસ્તામાં બંધ પડી ગઈ હતી અને સર્વિસ સ્ટેશને તપાસ કરાવતાં કારનો ફ્યુઅલ પંપ ખરાબ થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું, જેની પાછળ સાધારણ E20 ઓઈલને જવાબદાર છે.'

ત્યારબાદ 28 જુલાઈએ બીજો વીડિયો રજૂ કરીને તેમણે દાવો કર્યો હતો કે, 'E20 ફ્યુઅલ વિશે અવાજ ઉઠાવવા બદલ મને ધમકીઓ મળી રહી છે અને કેટલાક લોકો મારા પર પ્રોપેગેન્ડા ફેલાવવાનો આરોપ લગાવી રહ્યા છે.' જોકે, તેમણે પોતાની ગાડીના રિપેરિંગનું બિલ બતાવીને તમામ આરોપો ફગાવી દીધા હતા.

હાલમાં દેશભરમાં E20 ઓઈલને લઈને વાહનચાલકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. મોટાભાગના લોકોની ફરિયાદ છે કે ઈથેનોલ મિશ્રિત ઓઈલના ઉપયોગ બાદ તેમના વાહનોનું માઈલેજ ઘટ્યું છે અને મેન્ટેનન્સનો ખર્ચ વધી ગયો છે. સરકારે પણ સંસદમાં સ્વીકાર્યું હતું કે જૂના વાહનોના માઈલેજમાં આશરે 6% સુધીનો ઘટાડો આવી શકે છે અને તેના કારણે વાહનોના રબર પાર્ટ્સ પણ ખરાબ થઈ શકે છે.

# સેન્સેક્સ 43 પોઈન્ટ વધીને 78,542 પર બંધ

## નિફ્ટીમાં 13 પોઈન્ટનો વધારો રહ્યો, રિયલ્ટી અને પ્રાઈવેટ બેંકોના શેર્સમાં વધુ ખરીદી

**મુંબઈ, તા.10**

ભારતીય શેરબજારમાં સુસ્ત શરૂઆત બાદ નીચલા સ્તરેથી રિકવરી જોવા મળી છે. 10 ઓગસ્ટના રોજ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ 43 પોઈન્ટના મામૂલી વધારા સાથે 78,542 ના સ્તરે બંધ થયો હતો. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી પણ 13 પોઈન્ટના સુધારા સાથે 24,584 ની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબાર દરમિયાન ખાસ કરીને રિયલ્ટી ક્ષેત્રના શેરો અને પ્રાઈવેટ બેંકોમાં રોકાણકારો તરફથી લેવાલી જોવા મળી હતી, જેના કારણે બજારને ટેકો મળ્યો હતો.



આ અગાઉ ગયા શુક્રવારે એટલે કે 7 ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. તે દિવસે સેન્સેક્સમાં 455 પોઈન્ટનો ગાબડો પડતાં તે 78,499 ના સ્તર પર ગબડી ગયો હતો, જ્યારે નિફ્ટી પણ 65 પોઈન્ટ ઘટીને 24,570 ના સ્તરે પહોંચી ગયો હતો. જોકે, આજના કારોબારમાં બજારે શુક્રવારના ઘટાડા બાદ સ્થિરતા મેળવવાનો પ્રયાસ કર્યો છે.

પ્રાથમિક મૂડી બજાર (IPO Market) માં પણ આજે ભારે હલચલ જોવા મળી રહી છે. મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ અને ધૂત ટ્રાન્સમિશનના IPO આજથી રોકાણકારો માટે વિધિવત રીતે ખુલી ગયા છે. મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ પોતાના આ પબ્લિક ઈશ્યુ દ્વારા બજારમાંથી રૂ. 939.70 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે, જ્યારે ધૂત ટ્રાન્સમિશન રૂ. 3,066.89 કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના બનાવી રહ્યું છે. આ બંને કંપનીઓના IPO માં રોકાણ કરવા ઈચ્છતા રોકાણકારો 12 ઓગસ્ટ સુધી પોતાની અરજીઓ ભરી શકશે.

વૈશ્વિક બજારોમાંથી પણ ભારતીય બજારને સકારાત્મક સંકેતો મળ્યા છે. એશિયન બજારોમાં આજે નોંધપાત્ર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 41 પોઈન્ટ એટલે કે 0.65 ટકા વધીને 6300 ના સ્તરે બંધ રહ્યો હતો. જાપાનના નિકેઈ ઈન્ડેક્સમાં પણ 1364 પોઈન્ટનો મોટો ઉછાળો નોંધાયો હતો, જે 2.08 ટકાના વધારા સાથે 66,970 ની ઊંચાઈએ પહોંચ્યો હતો. આ ઉપરાંત, હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ 269 પોઈન્ટ એટલે કે 1.05 ટકાના સુધારા સાથે 25,937 ના સ્તરે બંધ આવ્યો હતો.

અમેરિકી બજારોમાં પણ ગયા સપ્તાહના અંતે 7 ઓગસ્ટના રોજ સારી તેજી નોંધાઈ હતી. અમેરિકાનો ડાઉ જોન્સ ઈન્ડેક્સ 152 પોઈન્ટ (0.28%) વધીને 54,037 ના સ્તરે બંધ થયો હતો. આ સાથે જ ટેકનોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ 342 પોઈન્ટ (1.30%) ની તેજી સાથે 26,691 પર પહોંચ્યો હતો, જ્યારે S&P 500 ઈન્ડેક્સ પણ 48 પોઈન્ટ (0.62%) ની મજબૂતી સાથે 7,758 ના સ્તર પર બંધ રહ્યો હતો.

વિદેશી અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોના આંકડા પર નજર કરીએ તો, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FIIs) તરફથી ફરી ખરીદીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. છેલ્લા 7 દિવસના ગાળામાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં રૂ. 1,966 કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી છે, જેમાં તાજેતરના કારોબારી સેશનમાં જ રૂ. 480 કરોડનું રોકાણ આવ્યું છે. જોકે, છેલ્લા 30 દિવસના કુલ આંકડા જોઈએ તો વિદેશી રોકાણકારો રૂ. 7,464 કરોડના ચોખ્ખા વેચવાલીમાં રહ્યા છે. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) બજારને સતત મજબૂત ટેકો આપી રહ્યા છે, તેમણે તાજેતરમાં રૂ. 236 કરોડ અને છેલ્લા 7 દિવસમાં રૂ. 6,196 કરોડની ખરીદી કરી છે, જ્યારે છેલ્લા 30 દિવસમાં DII નું કુલ રોકાણ રૂ. 31,601 કરોડ જેટલું નોંધાયું છે.

# બિસ્કિટથી લઈને સાબુ-તેલ સુધી બધું મોંઘું થશે: રોજિંદા વપરાશની વસ્તુઓના ભડકે બળતા ભાવ, ₹5-₹10ના પેકેટમાં મળશે ઓછો સામાન

**નવી દિલ્હી, તા.10**

દેશમાં ટૂંક સમયમાં રોજિંદા વપરાશની વસ્તુઓ એટલે કે FMCG પ્રોડક્ટ્સના ભાવ વધી શકે છે. ભૌગોલિક રાજકીય તણાવને કારણે કાચા માલની કિંમત એટલે કે ઈનપુટ કોસ્ટ સતત વધી રહી છે. આને ધ્યાનમાં રાખીને, દેશની મુખ્ય FMCG કંપનીઓ ચાલુ એટલે કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેમના ઉત્પાદનોની કિંમતો વધારવાની તૈયારી કરી રહી છે. આ પહેલા, પાછલા એટલે કે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં કંપનીઓએ સરેરાશ 2થી 5% સુધી ભાવ વધાર્યા હતા. આ ક્વાર્ટરમાં એટલે કે જુલાઈ-સપ્ટેમ્બરમાં કંપનીઓ સીધા ભાવ વધારવા ઉપરાંત 'શ્રિંકફ્લેશન'નો સહારો લઈ રહી છે. એટલે કે, સામાનની કિંમત તે જ રહેશે, પરંતુ પેકેટમાં તેની માત્રા એટલે કે વજન ઘટાડી દેવામાં આવશે. કંપનીઓનું કહેવું છે કે પામ ઓઈલ, ખાંડ અને ક્રૂડ ઓઈલના ભાવમાં થતી વધઘટથી માર્જિન પર દબાણ વધી રહ્યું છે.

ભારતમાં હિન્દુસ્તાન યુનિલિવર (HUL), ITC, નેસ્લે, ડાબર, બ્રિટાનિયા જેવી મુખ્ય FMCG કંપનીઓ આ પ્રોડક્ટ્સમાં સક્રિય છે. FMCG એ રોજિંદા વપરાશની એવી વસ્તુઓ છે જે ઝડપથી વેચાય છે અને ખર્ચાઈ જાય છે. દેશની અગ્રણી બેકરી અને સ્નેક



કંપની બ્રિટાનિયા ચાલુ ક્વાર્ટરમાં 'શ્રિન્કફ્લેશન' દ્વારા કિંમતોમાં 1.5થી 2% નો વધુ વધારો કરી શકે છે. આ ઘટાડો મુખ્યત્વે કંપનીના 5 અને 10 વાળા બિસ્કિટ પેકમાં જોવા મળશે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ રક્ષિત હરગવેએ જણાવ્યું કે ખાંડ અને પામ ઓઈલ જેવા કાચા માલની કિંમતો હજુ પણ ઊંચી છે. પ્રથમ ક્વાર્ટરમાં અમારી વૃદ્ધિ મોટાભાગે શ્રિંકફ્લેશન પર નિર્ભર હતી. ચાલુ ક્વાર્ટરમાં પણ આ ટ્રેન્ડ ચાલુ રાખવો પડશે. જોકે, બજારમાં માંગનું વાતાવરણ હજુ પણ ઘણું મજબૂત દેખાઈ રહ્યું છે.

હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ પણ તેની અલગ-અલગ પ્રોડક્ટ કેટેગરીમાં કિંમતો વધારવા પર વિચાર કરી રહી છે. કંપનીનો અંદાજ છે કે જૂન ક્વાર્ટરની સરખામણીમાં સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 2થી 5% સુધી પ્રોડક્ટના ભાવ વધી શકે છે. ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડે જૂન ક્વાર્ટરમાં સરેરાશ 5% ભાવ વધાર્યા હતા. કંપનીનું કહેવું છે કે તે ચાલુ ક્વાર્ટરમાં હાલ તુરંત મોટા ભાવ વધારાથી બચી રહી છે અને કોમોડિટી માર્કેટ સ્થિર થવાની રાહ જોઈ રહી છે.

કંપનીના સીઈઓ સુધીર સીતાપતિએ જણાવ્યું કે ગોદરેજના ઘણા ઈનપુટ કોસ્ટ ક્રૂડ ઓઈલ સાથે સંકળાયેલા હોય છે. તેમણે કહ્યું કે બ્રેન્ટ ક્રૂડ હાલમાં 80થી 85 ડોલર પ્રતિ બેરલની આસપાસ જળવાઈ રહ્યું છે. જો ક્રૂડ આ જ રેન્જમાં રહેશે તો અમને કોઈ મોટા ભાવ વધારાની જરૂર પડશે નહીં. અમે FY27 માટે અમારા રેવન્યુ ટાર્ગેટને સરળતાથી હાંસલ કરી લઈશું.

ડાબર ઈન્ડિયાના ગ્લોબલ સીઈઓ મોહિત મલ્હોત્રાએ જણાવ્યું કે કાચા માલની વધતી કિંમત આવનારા દિવસોમાં પણ જળવાઈ રહી શકે છે. કંપનીઓ પાસે આ ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખવા સિવાય બીજો કોઈ રસ્તો બચ્યો નથી. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના એમડી સુનીલ ડી'સૂઝાએ જણાવ્યું કે ખર્ચની અસર ઘણી ગતિશીલ છે. જો જરૂર પડશે તો કંપની ભવિષ્યમાં કિંમતોમાં ફેરફાર કરશે. જ્યારે નેસ્લે ઈન્ડિયાએ તેના રોકાણકાર પ્રેઝન્ટેશનમાં ચેતવણી આપી છે કે ટૂંકા ગાળામાં એકંદર વપરાશ થોડો ધીમો રહી શકે છે. કંપનીએ જણાવ્યું કે પશ્ચિમ એશિયાનો સંઘર્ષ અને ચોમાસા પર અલ-નીનોની સંભવિત અસર ફૂડ એન્ડ બેવરેજ સેક્ટર માટે ચિંતાનો વિષય છે.

# દર મહિને ઓછામાં ઓછું 45,000 પેન્શન મળે: જે મૂળ પગારના 50% નહીં 67% હોય, 8મા કેન્દ્રીય પગાર પંચ સમક્ષ ભારત પેન્શનર્સ સમાજે મૂકી 15 માંગણીઓ

**નવી દિલ્હી, તા.10**

પગાર અને પેન્શનનું નિર્ધારણ 5.2 ફેમિલી યુનિટના આધારે થાય. ન્યૂનતમ પેન્શન દર મહિને 45,000 રૂપિયા હોય. પેન્શન છેલ્લા મૂળ પગારના 50% નહીં, પરંતુ 67% હોય. એટલું જ નહીં, પારિવારિક પેન્શન 50% હોય. 8મા કેન્દ્રીય પગાર પંચ સમક્ષ આ માંગણીઓ મૂકવામાં આવી છે. દિલ્હીમાં તાજેતરમાં 8મા પગાર પંચની જે બેઠકો થઈ હતી, તેમાં અલગ-અલગ કર્મચારી અને પેન્શનર સંગઠનોએ પંચના સભ્યો સમક્ષ પોતાની માંગણીઓ અને સૂચનો રજૂ કર્યા હતા. આ સંગઠનોમાંથી એક છે - BPS એટલે કે ભારત પેન્શનર્સ સમાજ.

ભારત પેન્શનર્સ સમાજ (BPS) ના એક પ્રતિનિધિમંડળે ચેરમેન આર.કે. ચૌહાણ અને મહાસચિવ અવિનાશ રાજપૂતની આગેવાની હેઠળ નવી દિલ્હીના જનપથ સ્થિત ચંદ્રલોક ભવનમાં 8મા કેન્દ્રીય પગાર પંચ સમક્ષ માંગણીઓ અને સૂચનોની વિગતવાર રજૂઆત કરી.

BPS લગભગ 10 લાખ પેન્શનરોનું પ્રતિનિધિત્વ કરે છે. જાન્યુઆરી 1955માં જ આ સંગઠનની સ્થાપના થઈ હતી. ભારત પેન્શનર્સ સમાજને પેન્શન



અને પેન્શનભોગી કલ્યાણ વિભાગ અને નીતિ આયોગ દ્વારા માન્યતા પ્રાપ્ત છે. આ સંગઠન સ્વૈચ્છિક એજન્સીઓની સ્થાયી સમિતિ (SCOVA) માં પ્રતિનિધિત્વ કરે છે. 8મા પગાર પંચની કાર્યાલયમાં મીટિંગ દરમિયાન, BPS પ્રતિનિધિમંડળે કેન્દ્ર સરકારના પેન્શનર્સ અને પારિવારિક પેન્શનરોને અસર કરતા મુખ્ય મુદ્દાઓ પર એક પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન આપ્યું. સભ્યોએ તેમના વિસ્તૃત મેમોરેન્ડમમાં સમાવિષ્ટ મહત્વપૂર્ણ સૂચનો વિશે જણાવ્યું.

પંચના સભ્યોએ તેમના પ્રેઝન્ટેશનને ધ્યાનપૂર્વક જોયું અને પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. BPS અનુસાર, સંગઠન સાથે 245 સંલગ્ન સંઘો જોડાયેલા છે અને તે દેશભરમાં લગભગ 10 લાખ પેન્શનર્સના હિતોની વાત કરે છે.

5.2 ફેમિલી યુનિટ: મિનિમમ પેન્શન નક્કી કરવા માટે 5.2 વેઈટેડ ફેમિલી યુનિટની માગ. તેમાં કર્મચારી માટે 1.0, જીવનસાથી માટે 1.0, બે બાળકોમાંથી પ્રત્યેક માટે 0.8 અને બે આશ્રિત માતા-પિતામાંથી પ્રત્યેક માટે 0.8 યુનિટનો સમાવેશ થાય છે. પગાર અને ફિટમેન્ટ ફેક્ટર: ન્યૂનતમ મૂળ પગાર 69,000 નક્કી કરવો, જેમાં 3.83નો ફિટમેન્ટ ફેક્ટર હોય.

મિનિમમ પેન્શન: આ ઓછામાં ઓછું 45,000 રૂપિયા હોય. છેલ્લા પગારના 67% પેન્શન, જ્યારે પારિવારિક પેન્શન છેલ્લા પગારના 50% હોય. પેન્શનમાં સમાનતા: પેન્શનમાં યોગ્ય ફેરફારો અને 1 જાન્યુઆરી 2026 પહેલાં અને પછી નિવૃત્ત થનારા પેન્શનરો વચ્ચે સમાનતા હોય. દર પાંચ વર્ષે ફેરફાર: દર પાંચ વર્ષે પગાર અને પેન્શનમાં ફેરફાર. દર ત્રિમાસિક DA/DRમાં ફેરફાર: ત્રણ મહિનાની સરેરાશના આધારે દર ત્રિમાસિક મોંઘવારી ભથ્થું (DA) અને મોંઘવારી રાહત (DR)માં વધારો થાય. પોઈન્ટ-ટુ-પોઈન્ટ વળતર: BPSએ એ પણ માગ કરી છે કે જ્યારે DR 25%થી વધુ થઈ જાય ત્યારે DRને બેઝિક પેન્શનમાં ભેળવવા પર વિચાર કરવામાં આવે. HRA અને LTC: પેન્શનરોને યોગ્ય હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA) અને લીવ ટ્રાવેલ કન્સેશન (LTC)નો લાભ આપવામાં આવે.

# લોન ન ચૂકવવા પર રિકવરી એજન્ટોની ગુંડાગીરી હવે નહીં ચાલે: ફોન કરવાથી લઈને ઘરે આવવા માટે લેવી પડશે પરમિશન, RBIએ નિયમો બદલ્યા

**મુંબઈ, તા.10**

લોનનાં EMI ચૂકવવામાં ચૂકી જવા પર હવે બેંક અને રિકવરી એજન્ટ દબાણ કરી શકશે નહીં. ભારતીય રિઝર્વ બેંકે લોન રિકવરી અને રિકવરી એજન્ટોના વર્તનને લઈને નવા નિયમો બહાર પાડ્યા છે, જે 1 જાન્યુઆરી 2027 થી લાગુ થશે. નવા ફ્રેમવર્કમાં રિકવરી દરમિયાન કોલ કરવાનો સમય, રૂબરૂ મુલાકાત, એજન્ટની ઓળખ, ગ્રાહકની અંગત માહિતી અને ફરિયાદની સુનાવણી જેવા મામલાઓ માટે સ્પષ્ટ નિયમો નક્કી કરવામાં આવ્યા છે.

જો આ નિયમોનું ઉલ્લંઘન થવાથી લોન લેનાર અથવા ગેરંટરને કોઈપણ પ્રકારની મુશ્કેલી કે નુકસાન થાય છે, તો બેંકને વળતરની નીતિ પણ બનાવવી પડશે. રિઝર્વ બેંકે સ્પષ્ટ કર્યું છે કે બેંક કર્મચારી અથવા રિકવરી એજન્ટ લોનની વસૂલાત માટે ગ્રાહકને ધમકી, ગાળાગાળી, ડરાવનારી ભાષા અથવા કોઈપણ પ્રકારનો ઉત્પીડન કરી શકશે નહીં. અજાણ્યા નંબર પરથી કોલ, સતત ફોન કે મેસેજ અને ભ્રામક દાવા પણ નિયમોનું ઉલ્લંઘન ગણાશે.

લોન લેનારના પરિવાર, સંબંધીઓ, મિત્રો, સહકર્મીઓને પરેશાન કરવાની પણ મંજૂરી નહીં હોય. સોશિયલ મીડિયા દ્વારા કોઈ લોન લેનારની અંગત માહિતી, ફોટો, વીડિયો કે ઓડિયો સાર્વજનિક કરવો અથવા તેની સાર્વજનિક બેઈજ્જતી કરવી પણ નિયમોની વિરુદ્ધ હશે. નવા નિયમો હેઠળ રિકવરી માટે કોલ કે વિઝિટ સવારે 8 વાગ્યા પહેલા અને સાંજે 7 વાગ્યા પછી કરી શકાશે નહીં. નિર્ધારિત સમયની બહાર સંપર્ક ત્યારે જ કરી શકાશે, જ્યારે લોન લેનાર પોતે તેની માગ કરે અથવા પરવાનગી આપે. જો તે કોઈ ખાસ સમયે કોલ કે વિઝિટ ન કરવા કહે છે, તો સામાન્ય રીતે તેની આ માગનું સન્માન કરવું પડશે. રૂબરૂ મુલાકાતનું સ્થળ પણ સામાન્ય રીતે લોન લેનાર અને બેંકની પરસ્પર સંમતિથી નક્કી થશે. રિકવરી માટે પહેલાં નિર્ધારિત સ્થળે સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવશે. જો ઉધાર લેનાર સતત બે કે તેથી વધુ વખત નિર્ધારિત સ્થળે ન આવે, તો જ ઘરે કે કાર્યસ્થળે જઈને સંપર્ક કરવાની સ્થિતિ બની શકે છે. ઉધાર લેનારના



પરિવારમાં મૃત્યુ, મેડિકલ ઈમરજન્સી, લગ્ન કે અન્ય કોઈ ગંભીર મુશ્કેલ પરિસ્થિતિમાં રિકવરી માટે સંપર્ક ટાળવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે. માઈક્રોફાઈનાન્સ લોનમાં પણ રિકવરી સામાન્ય રીતે નિર્ધારિત સ્થળે કરવા પર ભાર રહેશે.

જો રિકવરી એજન્સીનો કર્મચારી પહેલીવાર રૂબરૂ મળવા આવી રહ્યો હોય, તો બેંકે ઓછામાં ઓછા એક દિવસ પહેલાં ઉધાર લેનારને તેની જાણ કરવી પડશે. જો રિકવરી એજન્સી બદલાય અથવા તેનો બેંક સાથેનો કરાર સમાપ્ત થાય, તો તેની સૂચના પણ ઉધાર લેનારને આપવી પડશે. બેંકોએ તેમની વેબસાઈટ પર પેનલમાં સામેલ રિકવરી એજન્સીઓની અપડેટેડ સૂચિ રાખવી પડશે.

તેમાં એજન્સીનું નામ, સરનામું, કામ અને નિમણૂક અવધિ જેવી માહિતી સામેલ હશે. રિકવરી એજન્ટે મુલાકાત દરમિયાન પોતાનું ઓળખપત્ર, બેંક દ્વારા જાહેર કરાયેલ ઓથોરાઈઝેશન લેટર અને સંબંધિત નોટિસની નકલ સાથે રાખવી પડશે. ઓથોરાઈઝેશન લેટરમાં રિકવરી એજન્સી અને બેંકના ફરિયાદ અધિકારીના સંપર્ક વિગતો પણ આપવાની રહેશે. તેનાથી ઉધાર લેનાર એ ચકાસી શકશે કે તેની પાસે આવનાર વ્યક્તિ ખરેખર બેંક દ્વારા અધિકૃત છે.

RBIએ સ્પષ્ટ કર્યું છે કે રિકવરીનું કામ કોઈ થર્ડ પાર્ટી એજન્સીને સોંપવાથી બેંક પોતાની જવાબદારીમાંથી મુક્ત થશે નહીં. બેંકને રિકવરી એજન્સીઓની તપાસ, દેખરેખ, ઓડિટ અને તેમના કામ પર નિયંત્રણની વ્યવસ્થા કરવી પડશે. એજન્સીઓએ એવા કર્મચારીઓની નિમણૂક કરવી પડશે, જેમને નિર્ધારિત ડેટ રિકવરી એજન્ટ તાલીમ મળી હોય.

આ ઉપરાંત, રિકવરી એજન્ટના લક્ષ્યો અને પ્રોત્સાહનો એવી રીતે રાખી શકાશે નહીં, જેનાથી ગ્રાહકો પર બિનજરૂરી કડકાઈ વધે. રિકવરી પ્રક્રિયામાં પારદર્શિતા વધારવા માટે કોલનો સમય, નંબર અને વાતચીતનો રેકોર્ડ રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉધાર લેનારને એ પણ જણાવવું પડશે કે વાતચીત રેકોર્ડ કરવામાં આવી રહી છે. રેકોર્ડને ઓછામાં ઓછા છ મહિના સુધી સુરક્ષિત રાખવો પડશે. જો મામલો કોર્ટમાં જાય, તો રેકોર્ડને કેસ પૂરો ન થાય ત્યાં સુધી સુરક્ષિત રાખવો પડશે.

રિકવરી એજન્ટ કે બેંક ગ્રાહકની ખાનગી માહિતીનો ઉપયોગ જરૂરિયાત કરતાં વધુ કરી શકશે નહીં. ગ્રાહકના ડેટાની સુરક્ષા માટે યોગ્ય સિસ્ટમ અને નિયંત્રણ વ્યવસ્થા બનાવવી પડશે. રિકવરીના નામે ઉધાર લેનારના પરિવાર, મિત્રો કે સહકર્મીઓ સાથે બિનજરૂરી સંપર્ક કરવા કે તેમની ખાનગી માહિતીનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ રહેશે. દરેક બેંકે રિકવરી સંબંધિત ફરિયાદો માટે અલગ વ્યવસ્થા બનાવવી પડશે. ફરિયાદ અધિકારીનું નામ, ઈમેલ, ફોન નંબર અને ઓફિસનું સરનામું લોન એગ્રીમેન્ટ અને રિકવરી સંબંધિત સંદેશાઓમાં ઉપલબ્ધ કરાવવું પડશે.

# બિહારી લાલ એન્જિનિયરિંગ લિમિટેડનો IPO 12 ઓગસ્ટે ખુલશે: પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ.271 થી 285 નક્કી કરવામાં આવી

**નવી દિલ્હી, તા.10**

બિહારી લાલ એન્જિનિયરિંગ લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂ. 10 મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર માટે રૂ. 271/- થી રૂ. 285/- ની પ્રાઈસ બેન્ડ નક્કી કરાઈ છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર (IPO અથવા ઓફર) બુધવાર, 12 ઓગસ્ટ, 2026 ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને શુક્રવાર, 14 ઓગસ્ટ, 2026 ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 52 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 52 ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. આજની તારીખે 10 રૂપિયાની મૂળ કિંમતના 39,039,325 ઈક્વિટી શેર બાકી છે.

પ્રતિ ઈક્વિટી શેર 10 રૂપિયાની મૂળ કિંમતની આ ઓફરમાં પ્રમોટર્સ - રાજેશ ગર્ગ, લવલીશ ગર્ગ, પ્રમોટર ગ્રુપ - યોગિતા ગર્ગ અને દિનેશ કુમાર ગર્ગ HUF અને રોકાણકાર વેચાણ શેરધારક - SG ટેક એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 93 કરોડ રૂપિયા સુધીનો નવો ઈશ્યૂ અને 7,320,001 ઈક્વિટી શેર્સની



ઓફર-ફોર-સેલનો સમાવેશ થાય છે. 19.59 કરોડ રૂપિયાના તેના નવા ઈશ્યૂમાંથી મળેલી રકમનો ઉપયોગ ઉત્પાદન સુવિધા 1 ખાતે નવા સાધનો/મશીનરી (કમ્પ્યુટર, પ્રિન્ટર અને કોમ્પ્યુટર પેરિફેરલ્સ સહિત) ની ખરીદી અને ઈન્સ્ટોલેશન માટે ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવશે, ઉત્પાદન સુવિધા 1 ખાતે નવા છત-ટોપ સોલાર પેનલ્સની ખરીદી અને ઈન્સ્ટોલેશન માટે રૂ. 3.40 કરોડ, ઉત્પાદન સુવિધા 2 ખાતે નવા સાધનો/મશીનરી ખરીદવા અને ઈન્સ્ટોલેશન માટે રૂ. 36.65 કરોડ, ઉત્પાદન સુવિધા 2 ખાતે નવા છત-ટોપ સોલાર પેનલ્સની ખરીદી અને ઈન્સ્ટોલેશન માટે રૂ. 3.40 કરોડ, કંપની દ્વારા લેવામાં આવેલા ચોક્કસ ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અને/અથવા પૂર્વ-ચુકવણી માટે રૂ. 57 લાખ અને બાકીની ચોખ્ખી રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે વાપરવામાં આવશે.

આ ઓફર બુક-બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે, જે SEBI ICDR નિયમોનું પાલન કરે છે, જેમાં ચોખ્ખી ઓફરનો 50% હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (QIBs) ને, 15% હિસ્સો બિન-સંસ્થાકીય બિડર્સ (NIIs) ને, અને 35% હિસ્સો રિટેલ વ્યક્તિગત બિડર્સ (RIIs) ને ફાળવવામાં આવશે.

1995 માં સ્થાપિત, કંપની એક સંકલિત આયર્ન અને સ્ટીલ ઉત્પાદન કંપની છે જે કસ્ટમાઈઝ્ડ એન્જિનિયરિંગ સોલ્યુશન્સમાં નિષ્ણાત છે. CRISIL ના જણાવ્યા મુજબ, કંપની ભારતના સૌથી મોટા મેટલ રોલ ઉત્પાદકોમાંની એક છે અને નાણાકીય વર્ષ 2026 માં દેશની માગના 10-11.5% ને પૂર્ણ કરતી મેટલ રોલ્સમાં અગ્રણી ખેલાડી છે. કંપની સ્ટીલ, પાવર અને હેવી એન્જિનિયરિંગ સહિતના વપરાશકર્તા ઉદ્યોગો માટે મેટલ રોલ્સ, એન્જિનિયરિંગ કાસ્ટિંગ્સ, એલોય સ્ટીલ ઉત્પાદનો અને ફોર્જિંગ ઈંગોટ્સનું ઉત્પાદક છે.

તે પંજાબના મંડી ગોવિંદગઢ (ઉત્પાદન સુવિધાઓ) માં બે ઉત્પાદન સુવિધાઓ ચલાવે છે જે તેના ઉત્પાદનો ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન કરવાની ક્ષમતાઓથી સજ્જ છે. વધુમાં, કંપનીએ તાજેતરમાં પંજાબના ફતેહગઢ સાહિબ જિલ્લાના મંડી ગોવિંદગઢ ખાતે તેની ત્રીજી ઉત્પાદન સુવિધા માટે બાંધકામ શરૂ કર્યું છે.

સ્ટીલ ઉદ્યોગમાં બે દાયકાથી વધુના અનુભવ સાથે, કંપનીએ વર્ષોથી તેની ઉત્પાદન વિકાસ ક્ષમતાઓને વધુ સારી બનાવી છે, જે લેડલ રિફાઈનિંગ ફર્નેસ (LRF), વેક્યુમ ડિગેસિંગ (VD), ફાઉન્ડ્રી, હીટ ટ્રીટમેન્ટ, મશીન શોપ્સ, રોલિંગ મિલ્સ અને કુશળ કાર્યબળ સાથે આધુનિક અને સંપૂર્ણપણે સંકલિત ડિજિટલ સ્ટીલ મેલ્ટિંગ શોપ સાથે જોડાયેલી છે, જે તેને તેના ગ્રાહકોની ચોક્કસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે કસ્ટમાઈઝ્ડ ઘટકો પ્રદાન કરવા સક્ષમ બનાવે છે. તેના ચોકસાઈવાળા એન્જિનિયર્ડ ઉત્પાદનો ઓટોમોબાઈલ, સ્ટીલ, ખાણકામ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ, પાવર, એરોસ્પેસ અને સંરક્ષણ અને સિમેન્ટ જેવા વિવિધ ઉદ્યોગોમાં એપ્લિકેશન શોધે છે.

ઔદ્યોગિક એપ્લિકેશનોની વિશાળ શ્રેણીએ તેને મોટી સંખ્યામાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને સેવા પૂરી પાડવા સક્ષમ બનાવ્યું છે, અને 31 માર્ચ, 2026 સુધીમાં, કંપનીએ 1,825 ગ્રાહકોને સેવા પૂરી પાડી છે. 1 એપ્રિલ, 2024 થી, કંપનીએ 5 ખંડો અને અફઘાનિસ્તાન, બ્રાઝિલ, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, મેક્સિકો, નેપાળ, નાઈજીરીયા, દક્ષિણ આફ્રિકા, તાંઝાનિયા, યુએઈ અને યુએસએ સહિત 21 દેશોમાં તેના ચોકસાઈ એન્જિનિયર્ડ ઘટકોની નિકાસ કરી છે.

# અમેરિકાના સાંસદનો ટ્રમ્પ સામે સણસણતો આરોપ, કહ્યું - ઈરાન યુદ્ધના બહાને માર્કેટ મેનિપ્યુલેશન કરે છે

**વોશિંગ્ટન, તા.10**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાન યુદ્ધને લઈને દેશની જનતાને મહિનાઓથી ગેરમાર્ગે દોરવાનો અને માર્કેટને પ્રભાવિત કરવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. ડેમોક્રેટિક સીનેટર ક્રિસ મર્ફીએ સેનેટમાં આકરા પ્રહારો કરતા દાવો કર્યો છે કે, ટ્રમ્પ ઈરાન સાથે શાંતિ કરાર થવાના ખોટા સંકેતો આપીને પોતાના મિત્રો અને પરિજનોને નાણાકીય ફાયદો કરાવી રહ્યા છે.

મર્ફીના જણાવ્યા મુજબ, ઈરાન સાથે ચાલતી જંગને હવે 6 મહિના જેટલો સમય થઈ ચૂક્યો છે અને આ દરમિયાન એક સ્પષ્ટ પેટર્ન જોવા મળી છે. ટ્રમ્પ અવારનવાર રવિવારે રાત્રે અથવા સોમવારે સવારે – શેરબજાર (માર્કેટ) ખૂલે તે પહેલાં જ – એવી જાહેરાત કરે છે કે ઈરાન સાથે યુદ્ધ પૂરું થવાનું છે અથવા સમજૂતી નજીક છે. મર્ફીએ ઉમેર્યું કે, વિતેલા સમયમાં ટ્રમ્પે 11 અલગ-અલગ પ્રસંગોએ આવા દાવા કર્યા હતા, પરંતુ તેમાંથી એક પણ વાસ્તવિક સાબિત થયા નહોતા.

સીનેટર ક્રિસ મર્ફીએ સીનેટમાં એક નવો જ ધડાકો કરતાં કહ્યું કે, આ યુદ્ધ માત્ર બેદરકારીના કારણે લાંબુ ખેંચાઈ રહ્યું નથી, પરંતુ પ્રમુખ



ટ્રમ્પે આમાંથી પૈસા બનાવવાનો નવો રસ્તો શોધી લીધો છે. તેમણે ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' ના તાજેતરમાં શરૂ થયેલા $100000 (આશરે 1 લાખ યુએસ ડોલર) પ્રતિ માસના સબસ્ક્રિપ્શન પ્લાનનો ઉલ્લેખ કર્યો હતો.

મર્ફીના આરોપ મુજબ, આ મોંઘું સબસ્ક્રિપ્શન લેનારા લોકોને ટ્રમ્પના વિદેશ નીતિ સંબંધિત નિર્ણયોની જાણકારી અન્ય લોકો કરતાં પહેલાં મળી જાય છે. સીનેટરે આ સેવાને 'ઈનસાઈડર ટ્રેડિંગ માટેનું સબસ્ક્રિપ્શન' ગણાવ્યું હતું અને સવાલ ઉઠાવ્યો હતો કે, શું કોઈ પણ રિપબ્લિકન સીનેટર યુદ્ધ વચ્ચે વ્હાઈટ હાઉસમાંથી $1 લાખ પ્રતિ મહિનામાં દેશની ગુપ્ત જાહેરાતો વેચવાના આ કૃત્યનો બચાવ કરી શકશે?

સીનેટર મર્ફીએ ઈરાન સાથેના આ યુદ્ધને એક મોટું 'ડિઝાસ્ટર' (આપત્તિ) ગણાવતાં તેને તાત્કાલિક અને સાચા અર્થમાં સમાપ્ત કરવાની માંગ કરી છે. તેમણે સ્વીકાર્યું કે જૂન મહિનામાં થયેલા અસ્થાયી યુદ્ધવિરામની શરતો એવી હતી કે તે લાંબો સમય ટકી શકે તેમ નહોતી. હવે ભલે ઈરાન કોઈપણ શરત સાથે પોતાની જીતનો દાવો કરે, પણ અમેરિકા માટે આગળ કોઈ સ્પષ્ટ રસ્તો ન હોવાથી આ વિવાદનો કાયમી અંત લાવવો જરૂરી બની ગયો છે.

# અમદાવાદમાં ઝરમર વરસાદ, અરવલ્લી મહીસાગરમાં અતિભારેની આગાહી.....

## અંબાલાલે કહ્યું-13મી સુધીમાં સારો વરસાદ થશે, જાણો ઓગસ્ટ શરૂઆતમાં કેમ ઓછો વરસાદ પડ્યો

**અમદાવાદ, તા.10**

10 ઓગસ્ટ અમદાવાદ-ગાંધીનગરમાં ઝરમર વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગે આજે અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે વાવ-થરાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરાયું છે. આવતીકાલે(11 ઓગસ્ટ) 5 જિલ્લામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરી છે.



હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કહ્યું કે, ઓગસ્ટ શરૂઆતમાં વરસાદ ઓછુ થવાનું કારણ પેસેફિક મહાસાગરનું એક વાવાઝોડુ બન્યું હતું, તે વાવાઝોડુ હવે દક્ષિણ ચીન તરફ જશે. ત્યારબાદ બંગાળ ખાડીમાં ફરી સિસ્ટમ બનવાની શક્યતા રહેશે. આ વાવાઝોડુ અરબસાગર-બંગાળ ખાડીનો ભેજ ખેંચી જતું હતું એટલે સારો વરસાદ થવામાં અંતરાય ઉભો થયો હતો. પરંતુ 13મી ઓગસ્ટ સુધીમાં ફરીથી સારો વરસાદ જોવા મળશે.

અંબાલાલ પટેલે જણાવ્યું કે, આજથી રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થવાની શક્યતા છે. 13 ઓગસ્ટ સુધી મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા તેમજ દક્ષિણ, સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત પાટણ, સમી અને હારીજના કેટલાક ભાગોમાં પણ વરસાદી માહોલ રહેશે, જેમાં સાબરકાંઠા અને અરવલ્લીના ભાગોમાં ખાસ કરીને વધુ વરસાદ થવાની શક્યતા છે.

અંબાલાલ પટેલે કહ્યું કે, 14 ઓગસ્ટ બાદ બંગાળના ઉપસાગરમાં લો પ્રેશર સર્જાશે, જેની મુખ્ય અસર પૂર્વ ભારતના ભાગોમાં જોવા મળશે. ત્યારબાદ 17, 18 અને 19 ઓગસ્ટે રાજ્યના વાતાવરણમાં ફરી પલ્ટો આવશે અને કેટલાક ભાગોમાં વરસાદ થશે. 22 અને 23 ઓગસ્ટથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું કે, આગામી દિવસો માટે ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આગામી ત્રણ દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. આ દરમિયાન પવનની ગતિ 30થી 40 કિમી પ્રતિ કલાકની આસપાસ રહેવાનું અનુમાન છે. ગુજરાત અને તેની આસપાસ સક્રિય હવામાન એક્ટિવિટિના કારણે આજે અતિભારે વરસાદ અને આવતીકાલે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 491.2 mm વરસાદ નોંધાયો છે. જોકે રાજ્યમાં 450.5 mm વરસાદ સામાન્ય હોવો જોઈએ. એટલે કે રાજ્યમાં સામાન્ય કરતા 9 ટકા વધુ વરસાદ નોંધાયો છે. અને સૌરાષ્ટ્રમાં 13 ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં ભારે વરસાદી માહોલ જામ્યો છે, જ્યાં શહેર સહિત સમગ્ર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વરસાદી ઝાપટાં શરૂ થયાં છે. આ સિવાય બાબરા તાલુકાના લુણકી અને ઈંગોરાળા સહિતના આસપાસના ગામોમાં પણ ધીમી ધારે વરસાદી ઝાપટાં પડતાં સમગ્ર પંથકમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને સર્વત્ર મેઘાવી માહોલ છવાયો છે.

10 દિવસના લાંબા વિરામ બાદ મહીસાગર જિલ્લામાં મેઘરાજાએ ફરી એન્ટ્રી કરી છે. સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને બપોર બાદ લુણાવાડા, ખાનપુર સહિત જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમર વરસાદ શરૂ થયો છે. વરસાદથી ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી છે, જોકે નદી-તળાવો હજુ ખાલી હોવાથી સારા વરસાદની રાહ યથાવત છે.

# રાષ્ટ્રપતિ ભવન માટે અમદાવાદ NIDએ સ્વતંત્રતા દિવસ ઈન્વિટેશન કિટ બનાવી

- 220થી વધુ સભ્યોની ટીમની ચાર મહિના મહેનત, ચાર રાજ્યોની પરંપરાગત હસ્તકળાનો અનોખો સંગમ

**અમદાવાદ, તા.10**



નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવન ખાતે 15 ઓગસ્ટ, 2026ના રોજ ભારતનો 80મો સ્વતંત્રતા દિવસ ધામધૂમથી ઉજવાશે. આ ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત રહેનારા મહાનુભાવો માટે અનોખી 'ઈન્વિટેશન કિટ' ડિઝાઈન કરવાનો મોકો નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID), અમદાવાદને મળ્યો છે. માર્ચ 2026માં શરૂ કરાયેલા આ વિશેષ પ્રોજેક્ટમાં NID અમદાવાદના ડાયરેક્ટર ડો. અશોક મંડલના નેતૃત્વ હેઠળ ફેકલ્ટી, પૂર્વ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓ અને 220થી વધુ સભ્યોની ટીમે ચાર મહિના સુધી સખત મહેનત કરી છે. આ કિટમાં ભારતની પરંપરાગત લોકકળા, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલીની ઝાંખી રજૂ કરવામાં આવી છે.

લગભગ 100 જેટલા સ્થાનિક કારીગરો અને NID ટીમ દ્વારા તૈયાર થયેલી આ નિમંત્રણ પત્રિકામાં મુખ્યત્વે ભારત દેશના ચાર રાજ્યો છત્તીસગઢ, ગોવા, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની સમૃદ્ધ હસ્તકળા અને પર્યાવરણીય પદ્ધતિઓને આવરી લેવામાં આવી છે. છત્તીસગઢ: બસ્તરના કારીગરો દ્વારા નિર્મિત પ્રાચીન 'ઢોકરા' મેટલ કાસ્ટિંગ કળાથી પવિત્ર જંગલોના સંરક્ષણને દર્શાવવામાં આવ્યું છે. આ સાથે જ વેસ્ટ લોખંડમાંથી બનેલી 'લોહ-શિલ્પ' ઘંટડી અને ડિસ્પ્લે ફ્રેમ કિટનો ભાગ છે.

ગોવા: ગોવાની પરંપરાગત 'અઝુલેજો' ટાઈલ્સ આર્ટ દ્વારા દરિયાકાંઠાના પર્યાવરણને જાળવતી પ્રાચીન 'ખાઝાન' સિસ્ટમ દર્શાવાઈ છે.

મધ્ય પ્રદેશ: મધ્ય પ્રદેશની પ્રસિદ્ધ 'ભીલ આર્ટ' અને બાગ બ્રિન્ટની કવર થેલીનો ઉપયોગ થયો છે. આ ચિત્રકળા દ્વારા બીજ સંરક્ષણની પરંપરા ઉજાગર કરવામાં આવી છે. મહારાષ્ટ્ર: મહારાષ્ટ્રની પ્રાચીન 'વારલી આર્ટ' દ્વારા છત્રપતિ સંભાજીનગરમાં ખામ નદીના પુનરુદ્ધાર માટે કરાયેલા પ્રયાસોની સુંદર ઝાંખી આપવામાં આવી છે. અતિથિઓના સ્વાગત માટે 'સેરેમોનિયલ સ્ટોલ' તૈયાર કરાયો, આ ઉપરાંત, કાર્યક્રમમાં હાજર રહેનારા તમામ અતિથિઓનું સ્વાગત કરવા માટે મહેશ્વરમાં રેશમ અને કપાસના તાંતણાથી ખાસ વણાયેલો 'સેરેમોનિયલ સ્ટોલ' તૈયાર કરવામાં આવ્યો છે. આ સ્ટોલમાં પણ ચારેય રાજ્યોની વણાટ શૈલી જેવી કે મહારાષ્ટ્રની કારવટ કાઠી, ગોવાની કુણબી, મહેશ્વરની કાંગરા અને છત્તીસગઢની ચિંતા ચોક બોર્ડરનો સમન્વય જોવા મળે છે.

# 'ઝેન ઝી સે ડર ગયા બૂમર મોદી': નવરંગપુરામાં સરકારી હોર્ડિંગ પર PM મોદીના પોસ્ટર પર વિવાદીત સ્ટીકર ચોંટાડતા FIR.....

**અમદાવાદ, તા.10**




નવરંગપુરામાં રેલવે ફાટક નજીક આવેલા એક સરકારી હોર્ડિંગ પર પીએમ નરેન્દ્ર મોદીની જાહેરાતવાળા પોસ્ટર પર કેટલાક અજાણ્યા શખ્સોએ વિરોધ દર્શાવતા અને વિવાદાસ્પદ સૂત્રો લખેલા સ્ટીકર લગાવ્યા હતા. ખાનગી હોર્ડિંગ પર આ પ્રકારના પોસ્ટર લાગતા કોન્ટ્રાક્ટ ધરાવતી કંપનીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. જોકે હાલ આ પોસ્ટર હટાવી દેવામાં આવ્યા છે. સેલવેલ મીડિયામાં એડમિન મેનેજર કામ કરતા 48 વર્ષીય ચિરાગ ભાવસારે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, નવરંગપુરા રેલવે ફાટક પાસે આવેલા સાશ્વત બિલ્ડિંગની આગળના ભાગે કોર્નર પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેન્ડરથી ભાડે આપવામાં આવેલું હોર્ડિંગ આવેલું છે. આ હોર્ડિંગનો ત્રણ વર્ષનો લીઝ કોન્ટ્રાક્ટ આંબાવાડી સ્થિત સેલવેલ મિડિયા સર્વિસીસ પ્રા. લી. પાસે છે. ગત 5મી ઓગસ્ટ, 2026ના રોજ સાંજે અરસામાં કંપનીના ધ્યાન પર આવ્યું હતું કે હોર્ડિંગ પર લાગેલી પીએમ સૂર્યઘર યોજનાની સોલાર પેનલની જાહેરાતવાળા અને પીએમ મોદીના ફોટાવાળા પોસ્ટર પર કોઈએ વિરોધ કરતા વિવાદાસ્પદ સ્ટીકર ચોંટાડી દીધા છે.

આ સ્ટીકરમાં 'છાત્રો કા ખૂન મોદી કે હાથ', 'ઝેન ઝી સે ડર ગયા બૂમર મોદી', 'સંઘી બૂમરને ઝેન ઝી કો મરવા દિયા' અને 'મોદીને મરવા દિયા' જેવા સૂત્રો લખવામાં આવ્યા હતા. અજાણ્યા શખ્સે સરકારી મિલકત સમાન હોર્ડિંગની ફ્રેમ, લાઈટિંગ અને અસલ પોસ્ટરને નુકસાન પહોંચાડ્યું છે. જેમાં ફ્રેમ અને લાઈટિંગ અને ઓરિજિનલ પોસ્ટર સહિત કુલ રૂપિયા 26,500નું નુકસાન થયું છે. હાલમાં વિવાદિત પોસ્ટર હટાવી લેવામાં આવ્યા છે. પોસ્ટર અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શટલરિક્ષા ગેંગે વૃદ્ધાને ધમકાવી 2 લાખની લૂંટ ચલાવી: કાલુપુર રેલવે સ્ટેશન બહારથી બેઠેલા ઈલાબેનને મેમ્કો તરફ લઈ જઈ રોકડ-દાગીના લૂંટી લીધા

**અમદાવાદ, તા.10**



મુંબઈથી ભાભીની અંતિમવિધિ પતાવી અમદાવાદ પરત ફરેલા 69 વર્ષીય વૃદ્ધા ઈલાબેન શાહને કાલુપુર રેલવે સ્ટેશન બહારથી રિક્ષા ભાડે કરવી ભારે પડી હતી. મેમનગર જવા માટે રિક્ષામાં બેઠેલા ઈલાબેનને રિક્ષાચાલક અને તેની સાથે પેસેન્જરના સ્વાંગમાં બેઠેલી ગેંગે રસ્તામાં ધમકાવીને લૂંટી લીધા હતા. ગઠિયાઓ તેમની પાસેથી સોનાનું મંગળસૂત્ર અને રૂ.8 હજાર રોકડા મળી કુલ 2.18 લાખ રૂપિયાનો મુદ્દામાલ લૂંટી ફરાર થઈ ગયા હતા.

ગુરુકુળ રોડ પર રહેતા ઈલાબેન કાલુપુર સ્ટેશને ઊતર્યા બાદ મેમનગર જવા રિક્ષામાં બેઠા હતા, જેમાં પહેલેથી જ બે શખ્સો બેઠેલા હતા. રિક્ષાચાલકે રસ્તાનું કામ ચાલતું હોવાનું બહાનું બતાવી રિક્ષા મેમ્કો તરફ વાળી દીધી હતી. ઈલાબેનને શંકા જતાં રિક્ષા ઊભી રાખવા કહ્યું ત્યારે ગઠિયાઓએ તેમને પકડી લઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ દાગીના તથા રોકડ લૂંટીને તેમને રિક્ષામાંથી ધક્કો મારી ઉતારી દીધા હતા.

બનાવ બાદ ઈલાબેને પરિવારજનોને જાણ કરી કાલુપુર પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી હતી. કાલુપુર પોલીસે રિક્ષાચાલક અને તેની ગેંગ વિરુદ્ધ ગુનો નોંધી, રૂટ પરના તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા આધેડનું મોત: પત્ની અને પૌત્રને ઈજા, સંબંધીના ઘરેથી પરત ફરતાં હતા ને હાથીજણ સર્કલ પાસે અકસ્માત

**અમદાવાદ, તા.10**



અમદાવાદના હાથીજણ સર્કલ પાસે ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા આધેડ દંપતી અને પૌત્ર રોડ પર પટકાયા હતાં. જેમાં આધેડ પર ટ્રકનું ટાયર ફરી વળતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પત્ની અને પૌત્રને સારવાર માટે હોસ્પિટલ ખસેડયા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે ફરાર ટ્રક ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ઘોડાસરમાં રહેતા મેલાભાઈ ચૌહાણ ખેતીકામ કરતા હતા. ગત 9 ઓગસ્ટે પત્ની રંજનબેન અને 10 વર્ષીય પૌત્રને બાઈક લઈને હાથીજણ સર્કલ પાસે સંબંધીના ઘરે ગયા હતા. ત્યાંથી પરત ઘરે જતા હતા ત્યારે હાથીજણ સર્કલ પાસે રિંગરોડ પર મામાદેવ ધાબાની સામે કટ પાસેથી પસાર થતા હતા.

આ દરમ્યાન પુરઝડપે આવી રહેલ ટ્રકે બાઈકને અડફેટે લેતા આધેડ દંપતી અને પૌત્ર રોડ પર પટકાયા હતા. જ્યારે ટ્રકનું ટાયર મેલાભાઈ ફરી વળતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યાં વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સત્યમેવ જયતે

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માહે-ઓગસ્ટ-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | ડાંગ, નવસારી, વલસાડ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૨૨ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદ શહેર, અમરેલી, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, ગીરસોમનાથ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, મોરબી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૫ જિલ્લાઓ વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૫ જિલ્લાઓ અરવલ્લી, મહીસાગર, દાહોદ, સાબરકાંઠા, પંચમહાલ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | |

ઓગસ્ટ-૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું અને સીંગતેલના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹.૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹.૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | ખાંડ: તહેવાર નિમિત્તે વધારાની | અંત્યોદય કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૧૫ |
| | | બી.પી.એલ કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹.૧ |
| ૬ | ખાદ્યતેલ (સીંગતેલ) તહેવાર નિમિતે | N.F.S.A કુટુંબો અને NON N.F.S.A બી.પી.એલ | કાર્ડદીઠ ૧ લિટર | ₹.૧૦૦ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.
"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.